ICE®

MIRACLES
EXCLUSIVE FOR GPSC
(CLASS 1/2, P.I., S.T.I., DY.SO., DY. MAMLATDAR)

સંપાદક : મૌલિક ગોંધિયા | VOLUME 7 | 16 to 31 JULY - 2020



PAGE 27 રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - 2020




PAGE 1
ગ્રાહક સુરક્ષા અધિનિયમ : 2019



PAGE 26
રાફેલ લડાકુ વિમાન

www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

Contact us at : 9375701110/9328001110

# સંપાદકની કલમે

વર્તમાન પ્રવાહો એ કોઈપણ સ્પર્ધાત્મક પરીક્ષા માટે મહત્ત્વનો ભાગ ભજવે છે. વર્તમાન પ્રવાહો પરીક્ષા માટે અગત્યતા ધરાવે છે પરંતુ તેનું ક્ષેત્ર એટલું વિશાળ છે કે પ્રશ્નો કોઈપણ ઘટના આધારીત પૂછવામાં આવતા હોય છે. વર્તમાન પ્રવાહોની આ અનિશ્ચિતતા દૂર કરી, વિદ્યાર્થીઓને એક જ સ્ત્રોતમાંથી તૈયારી કરવાની મહેનત થાય અને સમયમાં પણ બચાવ થાય તે આધારે જ **'ICE Miracle'** નામનું આ મેગેઝિન તૈયાર કરવામાં આવ્યું છે. જે દર 15 દિવસે પ્રકાશિત કરવામાં આવશે.

વર્ષ 2017થી લેવામાં આવતી GPSCની બધી જ પરીક્ષાઓના વર્તમાન પ્રવાહોના પ્રશ્નોનું વિશ્લેષણ કર્યા બાદ GPSC દ્વારા આવરી લેવામાં આવતા તમામ પાસાઓને આ મેગેઝિન અંતર્ગત આવરી લેવામાં આવેલ છે. GPSC દ્વારા લેવામાં આવતી પરીક્ષા માટે રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય ઘટનાઓનું વિશ્લેષણ કરવાની જરૂરીયાત રહેતી હોય છે અને વિશ્લેષણનું કૌશલ્ય ત્યારે જ કેળવી શકાય જ્યારે આ ઘટનાઓને વિવિધ દ્રષ્ટિકોણથી જોવામાં આવે અને ખાસ કરીને આવી માહિતી ગુજરાતીમાં ઉપલબ્ધ હોય તો વિદ્યાર્થીઓને તૈયારી કરવામાં સરળતા રહેતી હોય છે. આથી આવો બહુ–દ્રષ્ટિકોણ કેળવવાનો પ્રયાસ આ મેગેઝિન દ્વારા ICEના માધ્યમથી કરવામાં આવેલો છે. અમને ચોક્કસ એવી આશા છે કે આ મેગેઝિન તમારી મહેનતને સરળ અને સચોટ બનાવશે અને આવો જ પ્રયાસ કરવા ICE કટિબદ્ધ છે.

# INDEX

## 1. બંધારણ અને રાજ્યવ્યવસ્થા...1


- રાષ્ટ્રીય આપત્તિ પ્રતિસાદ ભંડોળ (National Disaster Response Fund-NDRF)..................1
- ગ્રાહક સુરક્ષા અધિનિયમ, 2019..................1
- ગ્રામ પંચાયતોમાં વહીવટ અને તેની સાથે જોડાયેલ મુદ્દો.................................................2
- પ્લી બારગેનિંગ (Plea Bargaining)...............3
- સ્થાનીય સંસ્થાઓનુ ઓનલાઈન ઓડિટ.......4
- રાજ્યપાલની વિવેકાધીન સત્તાઓ................5
- બંધારણની 10મી અનુસૂચિ અંતર્ગત વિલય/જોડાણ.........................................6
- અધ્યક્ષના નિર્ણયની ન્યાયિક સમીક્ષા.........8
- મહેસૂલ ગામ..........................................9


## 2. અર્થતંત્ર...........................11


- ADB દ્વારા ભારતને 3 મિલિયન ડોલર ફંડની મંજૂરી ......................................................11
- સોનાની કિંમતોમાં વધારાનું વિશ્લેષણ..........11
- એર ઈન્ડિયા વિમૂડીકરણ અને બિનનિવાસી ભારતીયનાગરિકો.................................12
- મેગા ફૂડ પાર્ક.........................................12
- નેશનલ ફાયનાન્સિયલ રિપોર્ટિંગ ઓથોરિટી (NFRA).............................................13


## 3. આંતરરાષ્ટ્રીય ઘટનાઓ.....15


- G20ના નાણામંત્રી અને સેન્ટ્રલ બેંક ગર્વનરોની ત્રીજી બેઠક........................................15
- QUADના વિસ્તારની આવશ્યકતા..............16
- G-20 વર્ચ્યુઅલ બેઠક...............................16
- ઈન્ડિયા આઈડયાઝ સમિટ........................17
- ભારત-શ્રીલંકા વચ્ચે ચલણ વિનિમય કરાર....18
- સંયુકત આર્થિક અને વ્યાપાર સમિતિની બેઠક... ..................................................18
- સંયુક્ત રાષ્ટ્રની આર્થિક અને સામાજિક પરિષદ.. ..................................................19
- અમેરિકાનું ટ્રિનિટી પરીક્ષણ.....................19
- યુએસ-ભારત વ્યૂહાત્મક ઉર્જા ભાગીદારી પર આભાસી બેઠક...................................20
- ભારત-યુરોપિયન સંઘ કરાર.....................21


## 4. વિજ્ઞાન અને ટેકનોલોજી....22


- ઓક્સફોર્ડ યુનિવર્સિટી દ્વારા COVID-19 માટે વિકસિત રસી.......................................22
- દિલ્હીમાં સીરો સર્વે.................................23
- કાકરાપાર પરમાણુ ઊર્જા પ્રોજેક્ટ...............23
- ડિજિટલ જવાબદેહી અને પારદર્શિતા અધિનિયમ ..................................................24
- COVDI-19 રસી અને માનવ પરીક્ષણ...........24
- રાફેલ લડાકુ વિમાન.................................26


## 5. યોજના/પોર્ટલ/રિપોર્ટ.........27


- નાણાકીય સ્થિરતા અહેવાલ (Financial Stability Report)............................................27
- રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020........................27
- ડિજિટલ શિક્ષણ, 2020 પર ભારત રિપોર્ટ......30

- મોસમ એપ્લિકેશન..................................31
- ડેયર ટૂ ડ્રીમ ચેલેન્જ...............................32
- BIS Care..........................................32
- મનોદર્પણ પહેલ....................................32
- પ્રધાનમંત્રી સ્ટ્રીટ વેન્ડર આત્મનિર્ભર નિધિ (PMSVANidhi) ....................................33
- જાહેર વહીવટમાં શ્રેષ્ઠતા માટે પ્રધાનમંત્રી એવોર્ડ 2020 ..................................................34
- ભારતમાં માતા મૃત્યુ દરમાં ઘટાડો.............34

## 6. પર્યાવરણ અને ભૌગોલિક ઘટનાઓ..........................35

- RAISE પહેલ.......................................35
- વાઘ ગણતરી-2018ની વિસ્તૃત સ્થિતિ રિપોર્ટ..35
- પ્લાસ્ટિક કચરો....................................36
- બ્લૂ પોપી...........................................36
- મોબાઈલ એપ કૂર્મા................................37
- ભગીરથી પર્યાવરણ સંવેદનશીલ ક્ષેત્ર...........37

## 7. ઈતિહાસ અને સંસ્કૃતિ.......39

- કારગિલ વિજય દિવસ..........................39

## 8. અન્ય સંક્ષિપ્ત વર્તમાન પ્રવાહો..............................40

- PASSEX નૌસૈનિક માર્ગ અભ્યાસ.............40
- મુખ્યમંત્રી ઘર-ઘર રાશન યોજના...............40
- વેસ્ટ ટુ એનર્જી પહેલ...............................40
- મધુ બાબુ પેન્શન યોજના........................40
- સોલાર સેલ પર સેફગાર્ડ ડ્યૂટી...................41
- સુભાષચંદ્ર બોઝ આપદા વ્યવસ્થાપન પુરસ્કાર..........................................41
- માનવ તસ્કરીના વિરુદ્ધ વિશ્વ દિવસ..........41
- આંતરરાષ્ટ્રીય વાઘ દિવસ.........................41
- ભૂગર્ભ જળના વ્યાવસાયિક ઉપયોગ માટે કડક નિયમો................................................42
- ICMR દ્વારા એઈડ્સ બાબતે અભ્યાસ.........42
- વિશ્વ હેપેટાઈટિસ દિવસ...........................43
- ભારત-રશિયા સંયુક્ત ટેક્નોલોજી મૂલ્યાંકન અને ત્વરિત વ્યાવસાયિકરણ કાર્યક્રમ..........43
- ચીનનું પ્રથમ માર્સ પ્રોબ લોન્ચ...................43
- ANASIS-II ઉપગ્રહ...............................44
- પ્રવાસી રોજગાર એપ..............................44
- બ્રિક્સ ચેમ્બર ઓફ કોર્મસના સલાહકારની નિમણૂક.........................................44
- પવન હંસ હેલિકોપ્ટર સેવા.......................44
- મહાત્મા ગાંધી અને માર્ટિન લ્યૂથર કિંગ જૂનિયરની વિરાસતને પ્રોત્સાહન આપવા હેતુ ખરડો.......44
- નેશનલ એવોર્ડ ફોર એક્સલન્સ ઈન ફોરેસ્ટ્રી ....................................................44
- નિષ્ઠા કાર્યક્રમ......................................45
- જયગાંવ-પાસાખા વેપાર માર્ગ...................45



JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

# 1. બંધારણ અને રાજ્યવ્યવસ્થા

## રાષ્ટ્રીય આપત્તિ પ્રતિસાદ ભંડોળ (National Disaster Response Fund-NDRF)

- કેન્દ્ર સરકારે આપત્તિ સંચાલનના હેતુ "આપત્તિ સંચાલન અધિનિયમ, 2005ની કલમ 48(1)(b) અનુસાર કોઈ વ્યક્તિ અથવા સંસ્થાથી રાષ્ટ્રીય આપત્તિ પ્રતિસાદ ભંડોળ (NDRF)માં અનુદાન પ્રાપ્ત કરવાની પ્રકિયા નિર્ધારિત કરી છે.
- NDRFને આપત્તિ સંચાલન અધિનિયમ, 2005ની કલમ 46 અંતર્ગત વ્યાખ્યાયિત કરવામાં આવેલ છે.
- NDRFને ભારત સરકારના જાહેર ખાતા (Public Account) અંતર્ગત સામેલ કરવામાં આવેલ છે.

### રાષ્ટ્રીય આપત્તિ પ્રતિસાદ ભંડોળ વિશે

- કોઈપણ આપત્તિની સ્થિતિ કે આપત્તિને કારણે આપાતકાલીન પ્રતિક્રિયા, રાહત અને પુનર્વાસના ખર્ચાઓ પૂરા કરવા માટે કેન્દ્ર સરકાર દ્વારા તેનું સંચાલન કરવામાં આવે છે.
- ગંભીર પ્રાકૃતિક આપત્તિની બાબતે તે રાજ્ય આપદા પ્રતિક્રિયા કોષ (State Disaster Response Fund-SDRF)ની સહાયતા કરે છે.
- વર્તમાનમાં NDRFને નાણા આપવા માટે એક રાષ્ટ્રીય આપત્તિ આકસ્મિક શૂલ્ક (National Calamity Contingent Duty-NCCU) લગાવવામાં આવે છે અને જરૂરિયાત હોવા પર બજેટ દ્વારા વધુ સહાય પણ આપવામાં આવે છે.
- પ્રાકૃતિક આપત્તિઓનુ નિરીક્ષણ એ ગૃહમંત્રાલય દ્વારા કરવામાં આવે છે. આ ઉપરાંત NDRFના ખાતાઓનું ઓડિટ એ CAG દ્વારા કરવામાં આવે છે.

## ગ્રાહક સુરક્ષા અધિનિયમ, 2019

- તાજેતરમાં ગ્રાહક સુરક્ષા અધિનિયમ, 2019 એ લાગુ કરવામાં આવ્યો હતો.
- આ અધિનિયમ એ ગ્રાહકોને સશકત બનાવશે અને તેના વિભિન્ન અધિસૂચિત નિયમો અને જોગવાઈઓના માધ્યમથી ગ્રાહકોના અધિકારોની રક્ષા કરવામાં મદદ મળશે.

### ગ્રાહક સુરક્ષા અધિનિયમ, 2019ની મુખ્ય વિશેષતાઓ

- આ અધિનિયમ એ ગ્રાહક સુરક્ષા અધિનિયમ, 1986નું સ્થાન લેશે.
- આ અધિનિયમ અંતર્ગત "કેન્દ્રીય ગ્રાહક સંરક્ષણ ઓથોરિટી" (Central Consumer Protection Authority-CCPA)ના ગઠનનો પ્રસ્તાવ કરવામાં આવ્યો છે.
- CCPA પાસે નીચે મુજબના અધિકારો રહેશે :
  (1) ગ્રાહકોના અધિકારોના ઉલ્લંઘન અને સંસ્થાનો દ્વારા કરવામાં આવેલી ફરિયાદોની તપાસ કરવી.
  (2) અસુરક્ષિત વસ્તુઓ અને સેવાઓને પાછી લેવી અને ઉચિત કાર્યવાહી કરવી.
  (3) ભ્રમિત જાહેરાતો પર પ્રતિબંધ લગાવવો.
  (4) ભ્રમિત જાહેરાતો બનાવનાર અને ચલાવનાર લોકો પર દંડ લગાવવો.
- જો કોઈ વસ્તુ કે સેવામાં ખામી જોવા મળે છે, તો પછી ઉત્પાદન કરનાર/વેચનાર એ સેવા ખરીદનારને વળતર આપવા માટે જવાબદાર રહેશે.
- અધિનિયમ અંતર્ગત એક સક્ષમ ન્યાયાલય દ્વારા ભેળસેળ નકલી સામાનના નિર્માણ કે વેચાણ માટે સજાની જોગવાઈ કરવામાં આવી છે અને બીજી વખત દોષી સાબિત થવા પર લાયસન્સ રદ કરી શકે છે.
- નવા અધિનિયમમાં મધ્યસ્થતા માટે એક વૈકલ્પિક વિવાદના સમાધાન તંત્રની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. મધ્યસ્થતાના માધ્યમથી થતા સમાધાન વિરુદ્ધ કોઈ અપીલ થઈ શકશે નહીં.
- ગ્રાહક વિવાદ નિવારણ આયોગના નિયમો મુજબ રૂ. 5 લાખ સુધીની ફરિયાદ કરવા પર કોઈ શૂલ્ક લાગશે નહિ.
- સામાન્ય નિયમો ઉપરાંત, કેન્દ્રીય ગ્રાહક સંરક્ષણ પરિષદ (Central Consumer Protection Council-CCPC) ના ગઠન માટેના નિયમો પણ આપવામાં આવ્યા છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

➢ CCPC ગ્રાહકોના મુદ્દા પર એક સલાહકારી સંસ્થા હશે, જેની અધ્યક્ષતા કેન્દ્રીય ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રી દ્વારા કરવામાં આવશે અને ઉપાધ્યક્ષ તરીકે સંબંધિત રાજ્યના રાજ્યમંત્રી અને વિભિન્ન ક્ષેત્રોથી 34 અન્ય સદસ્યો હશે.

➢ CCPCનો કાર્યકાળ એ 3 વર્ષનો રહેશે અને તેમાં ઉત્તર, દક્ષિણ, પૂર્વ, પશ્ચિમ અને ઉત્તર–પૂર્વી ક્ષેત્ર એમ પ્રત્યેક ક્ષેત્રમાંથી 2 રાજ્યોના ગ્રાહક બાબતોના મંત્રીનો સમાવેશ થશે.

➢ CCPC એ ખોટી કે ભ્રમિત જાહેરાત માટે ઉત્પાદક કે પ્રચારકર્તા પર રૂ. 10 લાખનો દંડ લગાવી શકે છે. બીજી વખત દંડ કરવાની સ્થિતિમાં આ દંડ રૂ. 50 લાખ સુધી વધી શકે છે. આ ઉપરાંત તેમને 2 વર્ષની જેલની સજા થઈ શકે અને દરેક વખતે ગુનો કરવા પર સજા 5 વર્ષ સુધી વધારી શકાય છે.

■ **ગ્રાહક વિવાદ નિવારણ આયોગ (Consumer Disputes Redressal Commission-CDRCs)**

➢ અધિનિયમ મુજબ જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરો પર ગ્રાહક વિવાદ નિવારણ આયોગ (CDRC)નું ગઠન કરવામાં આવશે.

➢ જિલ્લા ગ્રાહક વિવાદ નિવારણ આયોગના આદેશ વિરુદ્ધ રાજ્ય ગ્રાહક વિવાદ નિવારણ આયોગમાં અપીલ થઈ શકે છે અને રાજ્ય સ્તરના આયોગ વિરુદ્ધ રાષ્ટ્રીય ગ્રાહક વિવાદ નિવારણ આયોગમાં સુનવણી થશે.

➢ અંતિમ અપીલ એ સુપ્રીમ કોર્ટમાં થઈ શકે છે.

### ગ્રાહક વિવાદ નિવારણ આયોગના ક્ષેત્રાધિકાર

1) **જિલ્લા ગ્રાહક વિવાદ નિવારણ આયોગ :**

➢ એવી ફરિયાદોની સુનવણી કરશે. જેમાં વસ્તુઓ અને સેવાઓની કિંમત રૂ. 1 કરોડથી વધુ ન હોય શકે.

2) **રાજ્ય ગ્રાહક વિવાદ નિવારણ આયોગ :**

➢ એવી ફરિયાદો બાબતે સુનવણી કરશે જેમાં વસ્તુઓ અને સેવાઓની કિંમત રૂ. 1 કરોડથી વધુ અને રૂ. 10 કરોડથી ઓછી હોય.

3) **રાષ્ટ્રીય ગ્રાહક વિવાદ નિવારણ આયોગ :**

➢ રૂ. 10 કરોડથી વધુની કિંમતની વસ્તુઓ અને સેવાઓ સંબંધિત ફરિયાદોની સુનવણી કરશે.

## ગ્રામ પંચાયતોમાં વહીવટ અને તેની સાથે જોડાયેલ મુદ્દો

➢ તાજેતરમાં બોમ્બે હાઈકોર્ટ દ્વારા મહારાષ્ટ્ર સરકારને ગ્રામ પંચાયતો માટે વહીવટીદાર (Administrator)ની નિમણૂક કરતી વખતે ખાનગી વ્યકિતઓની સરખામણીએ સરકારી અધિકારીઓને પ્રાથમિકતા આપવાનો વચગાળાનો આદેશ આપ્યો છે.

### વચગાળાનો આદેશ આપવાનું કારણ ?

➢ મહારાષ્ટ્રમાં લગભગ 14000 ગ્રામ પંચાયતોની ચૂંટણી એ COVID-19 મહામારીને કારણે સ્થગિત કરવામાં આવી હતી. આથી રાજ્યમાં ગ્રામ પંચાયતોનો વહીવટ વ્યવસ્થિત ચાલે તે માટે વચગાળાનો નિર્ણય આપવામાં આવ્યો છે.

➢ તે પહેલા મહારાષ્ટ્ર સરકારે 25 જૂનના રોજ એક વટહુકમ જાહેર કર્યો હતો જેમાં સરકારના વટહુકમને અદાલતમાં પડકારવામાં આવ્યો હતો.

➢ વટહુકમ દ્વારા સરકારે મહારાષ્ટ્ર ગ્રામ પંચાયત અધિનિયમની કલમ 151(1)(a)માં સુધારો કર્યો હતો.

➢ રાજ્ય વટહુકમ પછી રાજ્ય ગ્રામીણ વિકાસ વિભાગ દ્વારા 13 જુલાઈના રોજ એક સરકારી પરિપત્ર જાહેર કર્યો હતો, તેના દ્વારા સંબંધિત જિલ્લા પરિષદોના મુખ્ય કાર્યકારી અધિકારીને પોતાના ક્ષેત્રાધિકારની બધી ગ્રામ પંચાયતો માટે કોઈપણ વ્યકિતને ગ્રામ વહીવટીદાર તરીકે નિમણૂક કરવાનો અધિકાર આપવામાં આવ્યો હતો.

➢ ત્યારબાદ રાજ્ય ગ્રામીણ વિભાગ દ્વારા ફરી એક સરકારી પરિપત્ર જાહેર કરવામાં આવ્યો જેમાં સ્પષ્ટ કરવામાં આવ્યુ કે કોઈપણ વ્યકિતને વિના કોઈ પૂર્વ અનુભવ વિના વહીવટીદારના પદ પર નિમણૂક કરી શકાય છે.

➢ આ આદેશો વિરુદ્ધ રાજ્યની ગ્રામ પંચાયતો એ હાઈકોર્ટમાં અરજી કરીને સરકારના આદેશોને પડકારવામાં આવ્યા હતા.

### અરજીકર્તાઓ દ્વારા ઉઠાવવામાં આવેલ મુદ્દાઓ


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- અરજીકર્તાઓ મુજબ કાયદામાં ગ્રામ પંચાયતના વહીવટીદારના પદ પર ખાનગી વ્યકિતઓની નિમણૂકની મંજૂરી આપવામાં આવી નથી અને આ રીતે સામૂહિક નિમણૂકની સ્થાનીય શાસન પર પ્રતિકૂળ અસર પડશે.
- રાજ્યમાં વિભિન્ન વિભાગોમાં પર્યાપ્ત માત્રામાં સરકારી અધિકારીઓ ઉપલબ્ધ છે જેમને આ કાર્ય માટે વહીવટીદારના રૂપમાં નિમણૂક કરવામાં આવે છે, પરંતુ ખાનગી વ્યકિતઓની નિમણૂક એ એક રાજકીય નિર્ણય દર્શાવે છે.

### રાજ્ય સરકાર દ્વારા કોર્ટમાં આપવામાં આવેલ જવાબ

- રાજ્ય સરકાર અનુસાર જો વહીવટીદારોની નિમણૂક કરવામાં નહી આવે તો તેનાથી ગ્રામ પંચાયતોના વહીવટમાં અવરોધ ઉત્પન્ન થશે.
- સરકાર અનુસાર ગ્રામ પંચાયતમાં હાલના અધિકારીઓ પહેલેથી જ વધુ કામના ભારથી દબાયેલા છે, જેના કારણે તેમની વહીવટીદારના પદ પર નિમણૂક કરી શકાય નહી.

### બોમ્બે હાઈકોર્ટનો વચગાળાનો આદેશ

- ન્યાયાલય અનુસાર COVID-19 મહામારીને કારણે રાજ્યની બધી ગ્રામ પંચાયતોમાં ચૂંટણી કરાવવી સંભવ નથી, અને જો ગ્રામ પંચાયતના વહીવટીદારની નિમણૂક કરવામાં નહી આવે તો તેનાથી ગ્રામ પંચાયતોનું કામકાજ પ્રભાવિત થશે.
- ન્યાયાલય સ્પષ્ટ કરેલ છે કે આ વાતનું એવુ કોઈ કારણ નથી કે સરકારી અધિકારીઓ અને સ્થાનીય વહીવટના અધિકારીઓની ગ્રામ પંચાયતના વહીવટીદારની શા માટે નિમણૂક ન થઈ શકે.
- ન્યાયાલયે વચગાળાનો આદેશ આપતા કહયું છે કે સરકાર દ્વારા વટહુકમ અંતર્ગત નિમણૂક થતા વહીવટીદાર એ સરકારી કર્મચારીઓ કે સ્થાનિક વહીવટના અધિકારી હોવા જોઈએ.
- ન્યાયાલયના વચગાળાના આદેશ અનુસાર જો આ કાર્ય માટે કોઈ ગ્રામ પંચાયતમાં ખાનગી વ્યકિતની વહીવટીદાર તરીકે નિમણૂક કરવામાં આવે તો રાજ્ય એ લેખિતમાં સ્પષ્ટીકરણ આપવું પડશે.
- હાઈકોર્ટે આપેલ આ નિર્ણય એ વચગાળાનો નિર્ણય છે જ્યારે આ બાબતે સુનવણી આવનારા દિવસોમાં હાઈકોર્ટ દ્વારા કરવામાં આવશે.

## પ્લી બારગેનિંગ
## (Plea Bargaining)

- તાજેતરમાં વિભિન્ન દેશોથી સંબંધિત તબલીગી જમાતના ઘણા સદસ્યોને "પ્લી બારગેનિંગ" પ્રક્રિયાના માધ્યમથી અદાલતી બાબતોથી મુકત કરવામાં આવ્યા છે.
- વિભિન્ન દેશોથી આવેલા તબલીગી જમાતના લોકો પર COVID-19 મહામારી દરમિયાન જાહેર દિશા-નિર્દેશો અને વિઝાની શર્તોનો ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવવામાં આવ્યો હતો.
- આ આરોપોના સમાધાનમાં "પ્લી બારગેનિંગ"નો ઉપયોગ કરવામાં આવ્યો હતો જેથી ટ્રાયલમાં લાગતા સમયને બચાવી શકાય.

### પ્લી બારગેનિંગ શું છે અને ભારતમાં તેની સ્થિતિ શું છે ?

- પ્લી બારગેનિંગ એક એવી પ્રક્રિયા છે જેમાં દંડનીય ગુના માટે આરોપિત વ્યકિત પોતાનો ગુનો સ્વીકાર કરી "પ્લી બારગેનિંગ"ની પ્રક્રિયાના માધ્યમથી કાયદા અંતર્ગત નક્કી સજાથી ઓછી સજા પ્રાપ્ત કરવા ફરીયાદીની સહાયતા લે છે.
- પ્રક્રિયામાં મુખ્ય રૂપથી આરોપી અને ફરીયાદી વચ્ચે ટ્રાયલની પહેલાની વાતચીતનો સમાવેશ કરવામાં આવે છે.
- વર્ષ 2006 સુધી ભારતમાં "પ્લી બારગેનિંગ"નો ખ્યાલ એ કાયદાનો હિસ્સો ન હતો.
- ભારતના કાયદા પંચ દ્વારા પોતાના 142માં રિપોર્ટમાં એ લોકો માટે "છૂટછાટની સારવાર" (Concessional Treatment)ની પ્રક્રિયા પર વિચાર વિમર્શ પ્રસ્તુત કર્યો હતો જે પોતાને પોતાની ઈચ્છાથી "દોષી" માનતા હોય.
- વર્ષ 2006માં ગુનાહિત પ્રક્રિયા સંહિતા (Criminal Procedure Code-CrPC)ના ભાગ XX1-Aમાં સુધારો કરી "પ્લી બારગેનિંગ"નો એક ભાગના રૂપમાં સમાવેશ કરવામાં આવ્યો હતો.

### કયા કિસ્સાઓમાં "પ્લી બારગેનિંગ"નો ઉપયોગ થઈ શકે નહી ?

- ફરીયાદી પ્લી બારગેનિંગની પ્રક્રિયાની શરૂઆત કરી શકે નહી. તેના માટે આવેદન એ આરોપી દ્વારા થવું જોઈએ.
- મૃત્યુદંડ, આજીવન કેદ કે 7 વર્ષથી વધુની સજા આપવામાં આવી હોય તેઓ પ્લી બારગેનિંગનો ઉપયોગ કરી શકતા નથી.

### પ્લી બારગેનિંગનું વિવેચનાત્મક મૂલ્યાંકન

| પ્લી બારગેનિંગના પક્ષમાં તર્ક | પ્લી બારગેનિંગની વિપક્ષની દલીલો |
|---|---|
| ➤ તેના દ્વારા ગુનાહિત બાબતોમાં રહેલી અનિશ્ચિતતા દુર થશે.<br>➤ ન્યાય પ્રણાલીના સુધારા માટેની "મલિમથ સમિતિ" દ્વારા તેનું સમર્થન કરવામાં આવ્યું હતું.<br>➤ કોર્ટની કાર્યવાહી ઝડપથી થશે.<br>➤ લાંબા સમયથી કોર્ટમાં ચાલતી કાર્યવાહીને કારણે કેદીઓ વર્ષો સુધી જેલમાં બંધ રહે છે, તેનાથી જેલમાં ભીડ વધે છે. પ્લી બારગેનિંગથી તેનું સમાધાન થશે.<br>➤ ન્યાયિક કાર્યવાહીને લીધે કેસ પર થતા ખર્ચમાં ઘટાડો થશે.<br>➤ આરોપીઓના જીવનમાં નવી શરૂઆત કરવામાં મદદ થશે. | ➤ જે લોકોને પ્લી બારગેનિંગ માટે મજબૂર કરવામાં આવે છે તેમની પાસે જામીન મેળવવાનો પણ વિકલ્પ હોય છે.<br>➤ અદાલતે પોતાના જૂના નિર્ણયોમાં આરોપીના સંબંધે એવું કહીને પ્લી બારગેનિંગનો અસ્વીકાર કર્યો છે કે એક નિયમિત ટ્રાયલ પછી કેસની પરિસ્થિતિ મુજબ તેને ઉદાર બાબત માની શકાય છે.<br>➤ ઘણા લોકો દ્વારા તેને ભારતીય બંધારણના અનુચ્છેદ 20(3) (વ્યક્તિને પોતાની વિરુદ્ધ પુરાવા આપવાથી રક્ષણ) ના મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન માને છે. |

## સ્થાનીય સંસ્થાઓનુ ઓનલાઈન ઓડિટ

- તાજેતરમાં પંચાયતી રાજ મંત્રાલય દ્વારા ચાલુ નાણાકીય વર્ષ 2020-21 માટે દેશની ગ્રામ પંચયતોનું ઓનલાઈન ઓડિટ કરવાનો નિર્ણય લીધો છે.
- ઓનલાઈન ઓડિટની પ્રક્રિયા એ મંત્રાલય દ્વારા વિકસિત ઓડિટ ઓનલાઈન એપ દ્વારા કરવામાં આવશે.

### ઓનલાઈન ઓડિટનો કાર્યક્રમ અને મુખ્ય બાબતો

- આ પ્રક્રિયાના પ્રથમ ચરણમાં 2.5 લાખ ગ્રામ પંચાયતોમાંથી 20% ગ્રામ પંચાયતોનો સમાવેશ કરવામાં આવશે.
- ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન ઓનલાઈન ઓડિટ માટે લગભગ 50000 ગ્રામ પંચાયતોનો સમાવેશ થવાની સંભાવના છે. આ ઉપરાંત આવનારા નાણાકીય વર્ષ 2020-21માં દેશ ભરની બધી પંચાયતોનો તેમાં સમાવેશ કરવામાં આવશે.

### ઓનલાઈન ઓડિટ કઈ બાબતે કરવામાં આવશે ?

- પંચાયતોના ખાતાઓનું ઓડિટ એ તેઓ નાણાપંચ દ્વારા પ્રાપ્ત અનુદાનનો ઉપયોગ કેવી રીતે કર્યો તેના પર કેન્દ્રિત રહેશે.
- 15માં નાણા પંચ દ્વારા ગ્રામીણ સ્થાનીય સંસ્થાઓ માટે લગભગ રૂ 60,750 કરોડની ફાળવણી કરવાની ભલામણ કરવામાં આવી હતી.

### ઓડિટ ઓનલાઈન એપ

- આ એપ એ પંચાયતી રાજ મંત્રાલય દ્વારા શરૂ કરવામાં આવેલ ઈ–પંચાયત મિશન મોડ પ્રોજેક્ટ અંતર્ગત "પંચાયત એન્ટરપ્રાઈજ સૂટ" (Punchayat Enterprise Suite-PES)માં એક ભાગના રૂપમાં વિકસિત એક ઓપન સોર્સ એપ છે.
- આ એપ એ ઓડિટરો દ્વારા પંચાયતોના ત્રણેય સ્તરો પર (જિલ્લા, તાલુકા અને ગ્રામ) અને શહેરી સ્થાનીય સંસ્થાઓ તથા વિભાગોમાં ખાતાઓના નાણાકીય ઓડિટની સુવિધા પ્રદાન કરે છે.
- ખાતાના ઓનલાઈન ઓડિટ અને ઓફલાઈન ઓડિટ સિવાય ઓડિટ ટીમમાં સામેલ બધા ઓડિટરો સંબંધિત સૂચિના પાછલા રેકોર્ડને બનાવી રાખવાના ઉદ્દેશ્યથી પણ કાર્ય કરે છે.

### પંચાયત એન્ટરપ્રાઈઝેસ સૂટ (PES) વિશે

- પંચાયતી રાજ મંત્રાલયે દેશભરમાં પંચાયતી રાજ સંસ્થાઓમાં ઈ–ગવર્નન્સને શરૂ કરવા તથા મજબૂત કરવાના ઉદ્દેશ્યથી ઈ–ગવર્નન્સ પહેલને પ્રભાવી રૂપથી અપનાવવા પંચાયતી રાજ સંસ્થાઓથી સંબંધિત ક્ષમતા નિર્માણ હેતુ મિશન મોડ પ્રોજેક્ટ શરૂ કર્યો હતો.
- ઈ–પંચાયત અંતર્ગત 11 એપ તૈયાર કરવામાં આવી હતી, જે પંચાયતનું પૂરું કામકાજ જેમકે, આયોજન, બજેટ, ઓડિટ, સામાજિક ઓડિટ વગેરેથી લઈને નાગરિક સેવા વિતરણ સંચાલનનું કાર્ય કરે છે.
- આ 11 એપ સાથે મળીને PESનું નિર્માણ કરે છે.

## રાજ્યપાલની વિવેકાધીન સત્તાઓ

- તાજેતરમાં રાજસ્થાનમાં ચાલતા રાજકીય સંઘર્ષ વચ્ચે ફરીથી રાજ્યપાલના પદ પર પ્રશ્નો ઉઠયા છે. આ પ્રશ્નો એ રાજ્યપાલની વિવેકાધીન સત્તાઓ સાથે જોડાયેલા છે.
- રાજસ્થાન અંતર્ગત રાજ્યપાલનું પદ ચર્ચાનો મુખ્ય વિષય એટલા માટે બન્યુ છે કારણ કે રાજ્યના મુખ્યમંત્રી દ્વારા વિધાનસભાનું સત્ર બોલાવવા માટે ભલામણનો રાજ્યપાલે અસ્વીકાર કર્યો હતો.
- આવા સંજોગોમાં રાજ્યપાલની બંધારણીય સત્તાઓ અને પરિસ્થિતિ આધારીત સત્તાઓના સંદર્ભે માહિતી મેળવવી જરૂરી છે. આ બાબત દર્શાવે છે કે કઈ સત્તાઓ રાજ્યના સંદર્ભે રાજ્યપાલ પાસે છે.
- રાજ્યપાલની વિવેકાધીન સત્તા એટલે કે રાજ્યપાલ એ પોતાની રીતે મંત્રીપરિષદની સલાહ વિના નિર્ણય લઈ શકે તેવી સ્થિતિ.

### બંધારણમાં સ્પષ્ટ રીતે ઉલ્લેખિત રાજ્યપાલની વિવેકાધીન સત્તાઓ

- અનુચ્છેદ 200 મુજબ રાજ્યપાલ એ રાજ્ય સરકારના અમુક ખરડાઓને રાષ્ટ્રપતિના વિચાર માટે અનામત રાખી શકે છે.
- અનુચ્છેદ 356 અંતર્ગત રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવા માટે ભલામણ કરવી.
- પાડોશી કેન્દ્રશાસિત પ્રદેશોના વહીવટીદાર તરીકે કાર્ય કરતા સમયે નિર્ણયો લેવા.

### બંધારણમાં સ્પષ્ટ રીતે ઉલ્લેખિત ન હોય તેવી રાજ્યપાલની વિવેકાધીન સત્તાઓ

- વિધાનસભાની ચૂંટણીમાં કોઈ રાજકીય પક્ષને પૂર્ણ બહુમતી ન મળવાની સ્થિતિમાં કે પછી કાર્યકાળ દરમિયાન મુખ્યમંત્રીની મૃત્યુ થાય અને અન્ય કોઈ મુખ્યમંત્રી ન હોવાની સ્થિતિમાં નિર્ણયો લેવા.
- આ રાજ્ય વિધાનસભામાં વિશ્વાસ મત પ્રાપ્ત ન થવાની સ્થિતિમાં મંત્રી પરિષદને બરખાસ્ત કરવી.
- મંત્રી પરિષદ એ વિધાનસભામાં બહુમતી ગુમાવે તેવી સ્થિતિમાં ગૃહનું વિસર્જન કરવું.

### વિધાનસભાનું સત્ર બોલાવવા સંબંધે બંધારણમાં ઉલ્લેખ

- અનુચ્છેદ 163 મુજબ, રાજ્યપાલ પોતાના વિવેકાધીન કાર્યો સિવાયના અન્ય કાર્યો કરવા મુખ્યમંત્રીના નેતૃત્વ ધરાવતી મંત્રીપરિષદની સલાહ લેશે.
- અનુચ્છે 174 મુજબ, રાજ્યપાલ એ રાજ્યના વિધાનમંડળના ગૃહની અથવા દરેક ગૃહની બેઠક પોતાને યોગ્ય લાગે તે સમયે અને તે સ્થળે બોલાવશે.
- અનુચ્છેદ 174માં ઉલ્લેખિત શબ્દો, "પોતાને યોગ્ય લાગે"નો સંદર્ભ એ અનુચ્છેદ 163 સાથે સરખાવવો જરૂરી છે. જે અનુસાર રાજ્યપાલે મુખ્યમંત્રી અને મંત્રી પરિષદની સલાહ અનુસાર કાર્ય કરવાનું હોય છે.
- વર્ષ 2016ના અરુણાચલ પ્રદેશ સંબંધિત કેસ "નબામ રેબિયા વિરુદ્ધ ઉપાધ્યક્ષ" અંતર્ગત સુપ્રીમ કોર્ટની બંધારણીય ખંડપીઠે જણાવ્યું હતું કે ગૃહના સત્રને બોલાવવાની સંપૂર્ણ સત્તા એ રાજ્યપાલ પાસે નથી.

### Back to basics : રાજ્યપાલની વિવેકાધીન સત્તાઓના સંદર્ભે સુપ્રીમ કોર્ટના મહત્ત્વપૂર્ણ ચુકાદાઓ

- **એસ. આર. બોમ્બાઈ વિરુદ્ધ ભારત સરકાર :**
- રાજ્યપાલ દ્વારા કે કેન્દ્ર નિર્દેશો અનુસાર થતાં અનુચ્છેદ 356ના દુરુપયોગના સંદર્ભે આ કેસ અંતર્ગત આપવામાં આવેલ નિર્ણય મહત્ત્વપૂર્ણ છે.
- સુપ્રીમ કોર્ટે મનસ્વી રીતે રાજ્ય સરકારોને અનુચ્છેદ 356 અંતર્ગત બરતરફ કરવાની બાબતનો અંત લાવવામાં આવ્યો.

➤ સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે, સંસદના બંને ગૃહો દ્વારા રાષ્ટ્રપતિ શાસનની ઘોષણાનો સ્વીકાર કર્યા પછી જ રાષ્ટ્રપતિએ રાજ્ય સરકારને બરતરફ કરવી જોઈએ. જ્યાં સુધી સંસદમાં રાષ્ટ્રપતિ શાસનનો સ્વીકાર ન થાય ત્યાં સુધી ફક્ત વિધાનસભાને સ્થગિત કરી શકાય છે.

➤ સુપ્રીમ કોર્ટ અનુસાર રાષ્ટ્રપતિ શાસનનો નિર્ણય તાર્કિકતા કે સત્યતા પર આધારિત છે કે નહી તે બાબતની સુપ્રીમ કોર્ટ ન્યાયિક સમીક્ષા કરી શકશે.

### સરકારીયા આયોગની ભલામણો અને રામેશ્વર પ્રસાદ વિરુદ્ધ ભારતીય સંઘ કેસ અંતર્ગત સુપ્રીમ કોર્ટનો નિર્ણય

➤ ચૂંટણી બાદ જો કોઈ પક્ષને બહુમતી ન મળે તો એ સંબંધમાં "સરકારીયા આયોગ" અને "રામેશ્વર પ્રસાદ વિરુદ્ધ ભારતીય સંઘ"ના કેસમાં બંધારણીય ખંડપીઠે જણાવ્યું હતું કે, રાજ્યપાલને મળેલી વિવેકાધીન સત્તામાં નીચેની બાબતોનુ પાલન કરી પ્રક્રિયાને અનુસરવી જોઈએ.

(A) કોઈ રાજકીય પક્ષ કે સંયુક્ત ગઠબંધનના રાજકીય પક્ષો જે સૌથી વધુ સમર્થન હોવાનો દાવો કરે તેને સરકાર બનાવવા નિમંત્રિત કરવા જોઈએ.

(B) જો ચૂંટણી પહેલા કોઈ ગઠબંધન હોય તો તે ગઠબંધનને એક રાજકીય પક્ષ ગણવુ અને જો એ ગઠબંધનને બુહમતી મળે તો એ ગઠબંધનના નેતાને રાજ્યપાલે સરકાર બનાવવા નિમંત્રણ આપવું.

(C) જો કોઈ રાજકીય પક્ષ કે ચૂંટણી પહેલાના ગઠબંધનને સીધી બહુમતી ન મળે તો નીચેના ક્રમઅનુસાર રાજ્યપાલે મુખ્યમંત્રીને પસંદ કરવા અને સરકાર બનાવવા આમંત્રિત કરવા.

(i) ચૂંટણી પહેલાનું એવું ગઠબંધન જે સૌથી વધુ બેઠકો જીતે

(ii) સૌથી મોટા રાજકીય પક્ષના નેતા (જેમને બેઠકો સૌથી વધુ મળી હોય પરંતુ બહુમતી ન મળી હોય) જેઓ અન્ય નેતાઓનું સમર્થન લઈ બહુમતીનો દાવો કરે.

(iii) ચૂંટણી બાદના ગઠબંધનના પક્ષોને સરકાર બનાવવા બોલાવવા જેમાં બધા સમર્થન આપતા પક્ષો સરકારમાં જોડાતા હોય.

(iv) ચૂંટણી બાદના ગઠબંધનના પક્ષોને સરકાર બનાવવા બોલાવવા જેમાં અમુક પક્ષો સરકારમાં જોડાય જ્યારે અમુક પક્ષો બહારથી સરકારને સમર્થન આપે પણ સરકારનો હિસ્સો ન બને.

## બંધારણની 10મી અનુસૂચિ અંતર્ગત વિલય/જોડાણ

➤ તાજેતરમાં બહુજન સમાજ પાર્ટી (BSP) એ રાજસ્થાન વિધાનસભામાં વ્હીપ જાહેર કરી પોતાના 6 ધારાસભ્યોને વિધનસભામાં બહુમતી પરીક્ષણ દરમિયાન કોંગ્રેસ પાર્ટી વિરુદ્ધ મતદાન કરવા જણાવ્યું હતું.

➤ પરંતુ BSPના આ 6 ધારાસભ્યો એ સપ્ટેમ્બર, 2019માં વિલય/જોડાણની જાહેરાત કરીને કોંગ્રેસ પાર્ટીમાં શામેલ થયા હતા.

➤ 10મી અનુસૂચિ મુજબ જો ચૂંટાયેલા પક્ષના 2/3 સભ્યો કે તેથી વધુ કોઈ અન્ય પક્ષમાં જોડાય તો એ પક્ષપલટાના કાયદા મુજબ ગેરલાયક ગણાશે નહીં.

### શા માટે આ મુદ્દો ચર્ચામાં છે ?

➤ BSP પાર્ટી મૂળ ઉત્તરપ્રદેશની છે અને ભારતમાં રાષ્ટ્રીય પાર્ટીનો દરજ્જો ધરાવે છે.

➤ BSP પાર્ટી મુજબ રાષ્ટ્રીય સ્તર પર પાર્ટીનું જોડાણ પાર્ટીના કોઈ રાજ્યના વિધાનસભાના સભ્યો કે રાજ્યના એકમો કરી શકે નહી.

➤ BSP મુજબ આ 6 ધારાસભ્યોનું કોંગ્રેસમાં જોડાવું એ ગેરકાયદેસર અને ગેરબંધારણીય છે. આ બાબતનો દાવો કરવા BSP એ સુપ્રીમ કોર્ટના બે નિર્ણયોને આધારે બનાવ્યો છે, જે નીચે મુજબ છે :

(i) **"જગજીત સિંહ વિરુદ્ધ હરિયાણા રાજ્ય", 2006 :**

➤ આ કેસમાં હરિયાણા વિધાનસભામાં એકલ સદસ્ય ધરાવતા દલોના 4 ધારાસભ્યો દ્વારા કહેવામાં આવ્યું કે તેમની પાર્ટી વિભાજિત થઈ ગઈ છે. અને હવે તેઓ કોંગ્રેસમાં શામેલ થઈ ગયા છે.

➤ ન્યાયાલયે આ કેસમાં સદસ્યોને ગેરલાયક જાહેર કરવા બાબતે અધ્યક્ષના નિર્ણયને માન્ય રાખ્યો હતો.

(ii) **રાજેન્દ્ર સિંહ રાણા અને અન્ય વિરુદ્ધ સ્વામી પ્રસાદ મોર્ય, 2007 :**

➤ વર્ષ 2002માં ઉત્તરપ્રદેશમાં સમાજવાદી પાર્ટીને સમર્થન આપવા BSPના 37 ધારાસભ્યોએ સરકારનને સત્તા પરથી

દૂર કરવાના ઉદ્દેશ્યથી પોતાની પાર્ટીથી અલગ થઈ ગયા જેમની સંખ્યા એ પક્ષના કુલ ધારાસભ્યોની 1/3 હતી.

➢ સુપ્રીમ કોર્ટે એ કહીને આ વિભાજનને અમાન્ય જાહેર કર્યું કે બધા ધારાસભ્યો એક સાથે પાર્ટીથી અલગ થયા નથી. આથી તેને 1/3 વિભાજન માની શકાય નહી.

➢ પરંતુ ઉપરોક્ત બંને ચુકાદાઓ 91મો બંધારણીય સુધારા અધિનિયમ, 2003 પહેલાના છે. 91માં બંધારણીય સુધારા અધિનિયમ દ્વારા 10મી અનુસૂચિની અનુચ્છેદ 3 હટાવી દેવામાં આવી હતી, જે મુજબ 1/3 સભ્યોનું જોડાણ માન્ય ગણાતું હતું અને તેના બદલે સુધારો કરી 2/3 સભ્યોની જોગવાઈ કરવામાં આવી.

## વિલય/જોડાણ બાબતે બંધારણીય જાણકારો/વિશેષજ્ઞોના મંતવ્યો

(1) **પી. ડી. ટી. આચાર્ય :**

➢ તેમના મુજબ 10મી અનુસૂચિ (પક્ષપલટા કાયદા) હેઠળ વિલય ફક્ત બે મૂળ રાજકીય પક્ષો વચ્ચે જ થઈ શકે છે. જેના માટે બે શર્તો પૂરી કરવી જરૂરી છે.

(a) વિલય બે મૂળ રાજકીય પક્ષો વચ્ચે હોવું જોઈએ.

(b) ગૃહના 2/3 સભ્યો જે વિલય કરતા પક્ષના હોય તેમણે ગૃહમાં તે વિલયનો સ્વીકાર કરવો પડશે.

(2) **સુભાષા કશ્યપ :**

➢ તેઓ પી. ડી. ટી. આચાર્યના મત સાથે સહમત છે.

(3) **ફૈઝાન મુસ્તફા :**

➢ તેઓ પી. ડી. ટી. આચાર્યના મત સાથે સહમત નથી.

➢ તેમણે બે મૂળ રાજકીય પક્ષો વચ્ચેના વિલયના ખ્યાલ પર પ્રશ્નો ઉઠાવ્યા છે. તેમના મુજબ આવી જોગવાઈથી ધારાસભ્યોને કોઈપણ રાજ્યમાં કોઈપણ પક્ષ સાથે વિલય કરવાનો અધિકાર નહી મળે.

➢ તેમણે 10મી અનુસૂચિ અંતર્ગત "વિધાનમંડળ દલ"ની વ્યાખ્યાનો ઉલ્લેખ કર્યો, જેમાં તેમણે "એ ગૃહના બધા સભ્યોના સમૂહ"ના રૂપમાં વિધાનમંડળ દલને વ્યાખ્યાયિત કરેલ છે.

➢ ફૈઝાન મુસ્તફા મુજબ વિલયને સ્થાનીય સ્તર પર નોંધવું જોઈએ. આ ઉપરાંત તેમણે એ પણ જણાવ્યું કે, 10મી અનુસૂચિ રાષ્ટ્રીય પાર્ટી કે ક્ષેત્રીય પાર્ટીના વિભાજન સંદર્ભે કોઈ માહિતી આપતી નથી.

## Back to basics :

## બંધારણની 10મી અનુસૂચિ અને પક્ષપલટાનો કાયદો

### પક્ષ પલટા કાયદો શું છે ?

➢ રાજકીય લાભ માટે સંસદ કે રાજ્ય વિધાનમંડળના સભ્યો પક્ષ પલટો ન કરે અને રાજકીય સ્થિરતા જળવાઈ રહે તે હેતુથી 52માં બંધારણીય સુધારા અધિનિયમ, 1985 દ્વારા આ કાયદો અમલમાં મૂકવામાં આવ્યો.

➢ તે હેતુથી બંધારણમાં 10મી અનુસૂચિ પણ ઉમેરવામાં આવી. આ ઉપરાંત બંધારણના 4 અનુચ્છેદો 101, 102, 190 અને 191માં સુધારો કરવામાં આવ્યો જે સભ્યોની ગેરલાયકાત સાથે જોડાયેલ છે.

### પક્ષ પલટા કાયદા અંગેની જોગવાઈઓ

➢ નીચે આપવામાં આવેલા કિસ્સાઓમાં પક્ષ પલટા કાયદા અંગેની જોગવાઈઓ લાગુ પડે છે.

■ **ગૃહના રાજકીય પક્ષના ચૂંટાયેલ સભ્યો**

➢ જો કોઈ ગૃહના સદસ્યો રાજકીય પક્ષમાંથી ચૂંટાઈને આવ્યા હોય તો પક્ષપલટાના આધારે નીચે મુજબ તેમને ગેરલાયક ઠેરવી શકાય.

1. જો તેઓ સ્વૈચ્છાએ રાજકીય પક્ષની સદસ્યતાનો ત્યાગ કરે.
2. જો સભ્ય રાજકીય પક્ષના વ્હીપની સૂચના વિરુદ્ધ મતદાન કરે અથવા મતદાન સમયે ગેરહાજર રહે.
3. સભ્યને રાજકીય પક્ષ કોઈ ગેરરીતિ માટે 15 દિવસમાં માફી ન આપે તો તેઓ સદસ્યતા ગુમાવશે.

■ **ગૃહમાં સ્વતંત્ર રીતે ચૂંટાયેલા સભ્યો**

➢ જો અપક્ષ કે સ્વતંત્ર રીતે ચૂંટાયેલ સભ્ય કોઈ રાજકીય પક્ષમાં જોડાશે તો તેઓ પણ પક્ષ પલટાના આધારે ગેરલાયક બનશે.

■ **નામાંકિત થયેલ સદસ્યો**

➢ ગૃહમાં નામાંકિત થતા સદસ્યો જો નામાંકિત થયાના 6 મહિના પછી જો કોઈ રાજકીય પક્ષમાં જોડાશે તો તેઓ ગેરલાયક બનશે. 6 મહિનાના સમયમાં તેઓ કોઈપણ પક્ષમાં જોડાય શકે છે.

### પક્ષ પલટા કાયદાના અપવાદો

➢ ગૃહના સભ્ય અધ્યક્ષ કે ઉપાધ્યક્ષ તરીકે ચૂંટાય અને ત્યારબાદ સ્વૈચ્છાએ રાજીનામુ આપે અને અધ્યક્ષ કે ઉપાધ્યક્ષ તરીકે ફરજ બજાવ્યા બાદ ફરી પક્ષમાં જોડાય તો તેમના પર કાયદો લાગુ થશે નહીં.

➤ આ ઉપરાંત ગૃહના કોઈ રાજકીય પક્ષના 2/3 સભ્યો અન્ય પક્ષમાં જોડાય કે નવા પક્ષની રચના કરે તો પણ તેમના પર કાયદો લાગુ થશે નહીં. આ બાબત 91માં બંધારણીય સુધારા અધિનિયમ, 2003 દ્વારા ઉમેરવામાં આવી હતી.

### ગૃહના અધ્યક્ષની પક્ષ પલટાના નિર્ણયમાં ભૂમિકા

➤ પક્ષ પલટો કોઈ સભ્ય એ કર્યા બાદ તેને ગેરલાયક ઠેરવવાની સત્તા એ ગૃહના અધ્યક્ષ પાસે છે. અધ્યક્ષ આ બાબતને ત્યારે જ ધ્યાનમાં લે છે જ્યારે ગૃહના કોઈ સભ્ય દ્વારા પક્ષપલટાની ફરિયાદ કરવામાં આવે.

➤ અધ્યક્ષની ભૂમિકા પર સવાલ એટલે ઉઠાવવામાં આવે છે કે, પક્ષપલટાની ગેરલાયકતા ઠેરવવા અધ્યક્ષને કેટલા સમયમાં નિર્ણય લેવો તેની મર્યાદા નિશ્ચિત કરવામાં આવી નથી.

➤ આવી જ અસ્પષ્ટતાને કારણે તાજેતરમાં સુપ્રીમ કોર્ટ દ્વારા અધ્યક્ષને 4 અઠવાડિયામાં પક્ષપલટા અંગેનો નિર્ણય આપવાનું જણાવવામાં આવ્યું હતું.

### પક્ષપલટા કાયદાની બંધારણીય માન્યતા

➤ સુપ્રીમ કોર્ટ દ્વારા 'કિહોતો હોલોહન કેસ' અંતર્ગત પક્ષપલટા કાયદાને બંધારણીય રીતે માન્ય ગણવામાં આવ્યો હતો.

➤ આ ઉપરાંત કાયદામાં એવી જોગવાઈ કરવામાં આવી હતી કે, સભ્યની ગેરલાયકતા સંદર્ભે અધ્યક્ષના નિર્ણયની ન્યાયિક સમીક્ષા થઈ શકે નહીં. પરંતુ આ બાબતને સુપ્રીમ કોર્ટ દ્વારા ગેરબંધારણીય જાહેર કરવામાં આવી હતી કારણ કે 'ન્યાયિક સમીક્ષા' એ બંધારણની મૂળ સંરચનાનો ભાગ છે.

### પક્ષપલટા કાયદાનું વિવેચનાત્મક મૂલ્યાંકન

| કાયદાની સકારાત્મક બાબતો | |
|---|---|
| 1) | રાજકીય રીતે સકારાત્મકતા પ્રદાન કરે છે અને સત્તા અને પદ માટે પક્ષપલટો કરતા અટકાવે છે. |
| 2) | એ બાબતની ખાતરી કરે છે કે જે પક્ષના વિશ્વાસ અને ચૂંટણી વાયદાઓ પર સભ્ય ચૂંટાય છે તે વફાદાર રહે. |
| 3) | પાર્ટી શિસ્તતા જાળવવામાં મદદરૂપ બને છે. |
| 4) | લોકોના વિશ્વાસને તૂટતા બચાવે છે. |

| કાયદાની નકારાત્મક બાબતો | |
|---|---|
| 1) | તે કોઈ મુદ્દા પર સભ્યની અસંમતિને પાર્ટી વિરુદ્ધ ગેરરીતિમાં પ્રદર્શિત કરે છે. |
| 2) | તે સભ્યોની સ્વતંત્રતા અને અભિવ્યક્તિ પર તરાપ છે. |
| 3) | સામૂહિક પક્ષપલટાને માન્ય ગણે છે. |
| 4) | સભ્યો પહેલા રાજીનામું આપે અને ત્યારબાદ પક્ષપલટો કરે તે ગેરલાયક જાહેર થતા નથી. તેનો ઉપયોગ સરકારને સત્તા પરથી હટાવવા કરવામાં આવે છે. |

### પક્ષપલટા કાયદામાં સુધારાઓ

➤ પક્ષપલટા અંગેની ગેરલાયકતાનો નિર્ણય કરવાની સત્તા અધ્યક્ષને છે. આ બાબતે સુપ્રીમ કોર્ટ દ્વારા તાજેતરમાં જણાવવામાં આવ્યું હતું કે ગેરલાયકતાનો નિર્ણય એક સ્વાયત્ત પંચ દ્વારા થવો જોઈએ. જેના અધ્યક્ષ નિવૃત્ત હાઈકોર્ટ કે સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ હોવા જોઈએ.

➤ ચૂંટણી સુધારા પરની દિનેશ ગોસ્વામી સમિતિ મુજબ અમુક નિશ્ચિત કિસ્સાઓમાં જ ગેરલાયકતા લાગુ કરવી જોઈએ. દા.ત. અવિશ્વાસ પ્રસ્તાવ દરમિયાન જો સભ્ય પાર્ટી વ્હીપના આદેશોનું પાલન ન કરે.

➤ કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા સુધારાની ભલામણ કરતા કહેવામાં આવ્યું છે કે, 10મી અનુસૂચિ અંતર્ગત ગેરલાયકતાનો નિર્ણય રાષ્ટ્રપતિ/રાજ્યપાલે ચૂંટણી પંચની સલાહને આધારે કરવો જોઈએ.

➤ કાયદા પંચની ભલામણ મુજબ, સામૂહિક પક્ષપલટાની જોગવાઈ રદ થવી જોઈએ અને જ્યારે સરકાર જોખમમાં હોય તેવા સમયે જ વ્હીપ જાહેર કરવા અને પક્ષપલટા અંતર્ગત ગેરલાયક ઠેરવવા.

## અધ્યક્ષના નિર્ણયની ન્યાયિક સમીક્ષા

➤ તાજેતરમાં જ રાજસ્થાન વિધાનસભાના અધ્યક્ષ સી.પી. જોશી દ્વારા સચિન પાયલોટ સહીત કોંગ્રેસના અન્ય 19 ધારાસભ્યોને નોટિસ મોકલવામાં આવી છે, જેમાં આ ધારાસભ્યોને પૂછવામાં આવ્યું છે કે, તેમને 'અયોગ્ય' જાહેર કેમ ન કરવા ? ધારાસભ્યોને જવાબ આપવા માટે 17 જુલાઈ સુધીનો સમય આપવામાં આવ્યો હતો.

➤ કોંગ્રેસ પાર્ટીએ અધ્યક્ષને કરેલી અરજીમાં આ ધારાસભ્યો પર પક્ષ–પલટો કરવાનો આરોપ લગાવવામાં આવ્યો છે.

### વિધાનસભા અધ્યક્ષ દ્વારા કોંગ્રેસના 19 ધારાસભ્યોને આપવામાં આવેલી નોટિસનો આધાર :-

- કોંગ્રેસના 19 ધારાસભ્યોને આ નોટીસ પક્ષ–પલટા કાયદા તરીકે જાણીતી બંધારણની દસમી અનુસૂચિ હેઠળ આપવામાં આવી છે.

### શું ધારાસભ્યો જવાબ આપવા માટેની અંતિમ તારીખ પહેલાં કોર્ટમાં અપીલ કરી શકે છે?

- દસમી અનુસૂચિ હેઠળ અધ્યક્ષની સત્તાઓમાં દખલ કરવા માટે કોર્ટ પ્રતિકૂળ છે.
- સભ્યોની અયોગ્યતાના નિર્ણયો લેતાં, અધ્યક્ષ બંધારણ દ્વારા આપવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરે છે.
- વર્ષ 2019માં કર્ણાટક વિધાનસભાની બાબતમાં પણ ધારાસભ્યોએ અપીલ કર્યા પછી પણ કોર્ટે અધ્યક્ષને ગેરલાયકતા સંબંધિત નિર્ણય લેવાનો સમય આપ્યો હતો.

### પ્રશ્નમાં મૂળભૂત અધિકાર :-

- રાજસ્થાનના પૂર્વ નાયબ મુખ્ય પ્રધાન સચિન પાયલોટ અને અન્ય 18 ધારાસભ્યોએ રાજસ્થાન હાઈકોર્ટમાં દસમી અનુસૂચિની કલમ 2 (1) (A)ની બંધારણીયતાને પડકારતી અરજી કરી છે.
- દસમી અનુસૂચિની કલમ 2 (1)(A)માં, 'સ્વેચ્છાએ રાજકીય પક્ષનું સભ્યપદ છોડવું' એ સભ્યની અયોગ્યતાના આધાર તરીકે જણાવવામાં આવ્યું છે.
- ધારાસભ્યો મુજબ આ જોગવાઈ તેમના અસંતોષ વ્યક્ત કરવાનો અધિકાર' ભંગ કરે છે અને ધારાસભ્ય તરીકે મુક્ત અભિવ્યક્તિના મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન કરે છે.

## મહેસૂલ ગામ

- તાજેતરમાં ઓડિશા સરકાર દ્વારા 'અનુસૂચિત જનજાતિ અને અન્ય પરંપરાગત વન નિવાસીઓ (વન અધિકારની માન્યતા) અધિનિયમ 2006' ગામડાઓને મહેસુલ ગામોમાં ફેરવવા માટે એક જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.
- જાહેરનામામાં ગંગામુંડા, ખજુરીનાલી, ચલુઝારન, કાંકડગ–તહસીલના ભલુતાંગર અને કામાખ્યાનગર તહસીલના કરદાબાની ગામના ગામોને આવરી લેવામાં આવ્યા છે.
- આ ગામોની કુલ વસ્તી 3,000ની આસપાસ છે.

### વન ગામ અને મહેસૂલ ગામ

### વન ગામ વિશે :-

- વન સંસાધન આકારણી–અનુસાર, વન ગામોને વસાહતો કહેવામાં આવે છે જે કોઈપણ રાજ્ય સરકારના વન વિભાગ દ્વારા વનોના સંચાલન માટે વનની અંદર સ્થાપિત કરવામાં આવ્યા છે કે પછી તેમને વન આરક્ષણ પ્રક્રિયાના માધ્યમથી વન ગામોમાં બદલી નાખવામાં આવ્યા છે
- વન ગામમાં નિશ્ચિત ડિમાન્ડ હોલ્ડિંગ્સ અને મંજૂરીવાળી ખેતીલાયક જમીન અને તમામ પ્રકારની તુંગ્યા વસાહતો અને અન્ય ઉપયોગ માટે જમીનનો સમાવેશ થાય છે.
- તુંગ્યા એ વન સંચાલનની એક પ્રણાલી છે જેમાં જમીનને સાફ કરવામાં આવે છે અને શરૂઆતમાં તે અન્ન પાક સાથે વાવેતર કરે છે.

### મહેસૂલ ગામ:

- 'રજિસ્ટ્રાર જનરલ અને સેન્સસ કમિશનર'ના જણાવ્યા મુજબ એક મહેસૂલ ગામ એ ભારતનું એક નાનું વહીવટી ક્ષેત્ર છે જે સ્પષ્ટ રીતે વ્યાખ્યાયિત સીમા સાથેનું છે.
- મહેસૂલ ગામમાં ઘણા ગામો હોઈ શકે છે. દરેક મહેસૂલ ગામનું સંચાલન ગામના વહીવટી અધિકારી કરે છે.
- કેન્દ્રીય આદિજાતિ બાબતોના મંત્રાલય દ્વારા વર્ષ 2013માં વન ગામોને મહેસુલ ગામોમાં રૂપાંતરિત કરવા માર્ગદર્શિકા બનાવવામાં આવી હતી. ઓડિશા સરકારે વર્ષ 2015માં પોતાની માર્ગદર્શિકા જાહેર કરી હતી પરંતુ તે બહુ સ્પષ્ટ નહોતા.
- 2017 માં રાજ્ય દ્વારા ફરીથી માર્ગદર્શિકાઓનો બીજો સમૂહ જારી કરવામાં આવ્યો જેના પછી રૂપાંતર કાર્ય શરૂ થયું.
- વર્ષ 2017 માં જારી કરવામાં આવેલા માર્ગદર્શિકાને પગલે રાજયના મહેસૂલ ગામમાં રૂપાંતરિત કરાયેલું પ્રથમ વન ગામ એંગુલ જિલ્લાનું બાદામુલ ગામ હતું.

### Back to basics :-


### અનુસૂચિત જનજાતિ અને બંધારણીય જોગવાઈઓ

- ભારતના બંધારણમાં અનુસૂચિત જનજાતિના રક્ષણ માટે આયોગની રચના અનુચ્છેદ 338-Aમાં જોગવાઈ કરવામાં આવી છે.
- આયોગનું કાર્ય અનુસૂચિત જનજાતિઓ સંબંધિત વિષયો સંબંધિત તેમની સલામતીની તપાસ, દેખરેખ અને મૂલ્યાંકન કરવાનું છે.
- બંધારણની અનુસૂચિ 5 એ અનુસૂચિત ક્ષેત્રો અને અનુસૂચિત જનજાતિના વહીવટ અને નિયંત્રણની જોગવાઈ કરે છેલ જયારે અનુસૂચિ–6માં આસામ, મેઘાલય, ત્રિપુરા અને મિઝોરમ રાજ્યોમાં આદિવાસી વિસ્તારોના વહીવટની જોગવાઈ છે.
- રાજયનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોના અનુચ્છેદ 46 અંતર્ગત અનુસૂચિત જાતિ / જનજાતિ અને અન્ય નબળા વર્ગના શિક્ષણ અને આર્થિક હિતોના રક્ષણ માટે આદેશ આપવામાં આવ્યા છે.
- એકલવ્ય આદર્શ રહેણાંક શાળા યોજના દ્વારા દૂરના વિસ્તારોમાં રહેતા આદિવાસી સમુદાયોના વિદ્યાર્થીઓને મધ્યમ અને ઉચ્ચ સ્તરીય શિક્ષણ આપવામાં આવી રહ્યું છે.

### ભારતમાં આદિવાસી સમુદાયની સમસ્યાઃ

- સામાન્ય રીતે આદિવાસીઓ આવા વિસ્તારોમાં રહે છે જયાં મૂળ સુવિધાઓનો પહોંચાડવી મુશ્કેલ છે.
- આદિજાતિ સમુદાયો તેમના સામાજિક, સાંસ્કૃતિક અને અસ્પૃશ્યતાની લાગણી વગેરેને કારણે સામાજિક સંપર્ક સ્થાપિત કરવામાં અસ્વસ્થતા અનુભવે છે.
- આ સમુદાયમાં શિક્ષણ, મનોરંજન, આરોગ્ય અને પોષક સુવિધાઓનો અભાવ જોવા મળે છે.
- આદિજાતિ સમુદાયોનો મોટો વર્ગ નિરક્ષર છે. જેના કારણે સરકારી યોજનાઓ વગેરેની માહિતી તેઓને મળી શકતી નથી. જે આ સમુદાયના સામાજિક પછાતપણાનું એક મોટું કારણ છે.


દરરોજ 5 મિનિટના 5 પ્રશ્નો સમજૂતી સાથે




SAVE & SHARE
Join Telegram : t.me/icerajkotofficial

icerajkot

ભારતનું બંધારણ MCQ SERIES

Click to Play




Continue...

SUBSCRIBE

YouTube

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

# 2. અર્થતંત્ર

## ADB દ્વારા ભારતને 3 મિલિયન ડોલર ફંડની મંજૂરી

- ➤ એશિયન ડેવલપમેન્ટ બેંક દ્વારા COVID-19 વિરુદ્ધ ભારતની લડાઈનું સમર્થન કરવા એશિયા–પેસિફિક ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડથી ભારતને 3 મિલિયન ડોલરના અનુદાનને મંજૂરી આપી છે.
- ➤ આ અનુદાનનો ઉપયોગ થર્મલ સ્કેનર, રોગના નિરીક્ષણમાં વૃદ્ધિ અને ઝડપથી જાણકારી મેળવવી, સંપર્ક વિશે માહિતી મેળવવી તથા ઉપચાર માટે કરવામાં આવશે.

### CARES કાર્યક્રમ

- ➤ CARESનું પૂરું નામ એ "COVID-19 Active Response and Expenditure Support Program" છે.
- ➤ આ કાર્યક્રમ એ જાહેર સ્વાસ્થ્ય ઉપાયોની સાથે ગરીબો અને આર્થિક રીતે નબળ લોકો, મહિલાઓ અને પછાત સમૂહો માટે સામાજિક સુરક્ષા ઉપાયો માટે તત્કાલ સહાયતા આપે છે.
- ➤ આ પહેલા પણ ADB દ્વારા CARES કાર્યક્રમના ફંડથી 1.5 બિલિયન ડોલરના ફંડને મંજૂરી આપી હતી.
- ➤ CARES કાર્યક્રમને CPRO (COVID-19 Pendemic Response Option)ના માધ્યમથી નાણાકીય સહાય આપવામાં આવે છે.
- ➤ CPRO એ સભ્ય દેશોની મહામારી પ્રતિક્રિયા દ્વારા સહાયતા આપવા માટે સ્થાપિત કરવામાં આવેલ છે.

### Back to basics :
### એશિયન ડેવલપમેન્ટ બેંક (ADB) વિશે

- ➤ ADB એક ક્ષેત્રીય વિકાસ બેંક છે જેની સ્થાપના 19 ડિસેમ્બર, 1966માં કરવામાં આવી હતી.
- ➤ આ બેંકની સ્થાપનાનો ઉદ્દેશ એશિયા–પ્રશાંત ક્ષેત્રમાં આર્થિક અને સામાજિક વિકાસને ગતિ આપવાનો છે.
- ➤ બેંકની અધ્યક્ષતા જાપાન દ્વારા કરવામાં આવે છે.
- ➤ બેંકનું મુખ્યાલય મનીલા, ફિલિપિન્સ ખાતે સ્થિત છે.
- ➤ બેંકના સદસ્યોની સંખ્યા 68 છે. જેમાંથી 49 એશિયા અને પ્રશાંત ક્ષેત્રના અને બાકીના 19 અન્ય ક્ષેત્રના છે.

### ADB અંતર્ગત ટોચના સભ્યો અને તેમનો હિસ્સો

| ક્રમ | ADB સભ્ય | હિસ્સો (ટકામાં) |
|---|---|---|
| 1 | જાપાન | 15.6 |
| 2 | સંયુક્ત રાષ્ટ્ર અમેરિકા (USA) | 15.6 |
| 3 | ચીન | 6.4 |
| 4 | ભારત | 6.3 |
| 5 | ઓસ્ટ્રેલિયા | 5.8 |

## સોનાની કિંમતોમાં વધારાનું વિશ્લેષણ

- ➤ સોનાની કિંમતોમાં સતત વધારો થઈ રહયો છે, તાજેતરમાં ભારતમાં પ્રતિ 10 ગ્રામ સોનાનો ભાવ એ રૂ. 50000થી પણ વધી ગયો છે.
- ➤ COVID-19 મહામારીના સમયે જ્યારે વૈશ્વિક અર્થવ્યવસ્થાઓ સંકુચિત થઈ રહી છે તેવા સમયે સોનાના ભાવમાં સતત થતો વધારો એ વિચારવા પર મજબૂર કરે છે કે કયાં કારણોને લીધે સોનાના ભાવમાં વધારો થઈ રહયો છે.

### સોનાના ભાવમાં વધારાના મુખ્ય કારણો

- ➤ વર્ષ 2020ના પ્રથમ 6 મહિનામાં સોનાનું પ્રદર્શન શ્રેષ્ઠ રહયું છે અને માર્ચ મહિનાના નીચલા સ્તરથી ભાવમાં લગભગ 25%નો વધારો થયો છે.
- ➤ કિંમતોમાં વધારાનું મુખ્ય કારણ છે કે સોનુ અને તેમાં થતું રોકાણ એ સૌથી સુરક્ષિત માનવામાં આવે છે. આ ઉપરાંત ભાવ વધારા માટે વૈશ્વિક અનિશ્ચિતતા, ડોલરની કિંમત નબળી થવી, વ્યાજદરમાં ઘટાડો અને વિશ્વની સરકારો દ્વારા આપવામાં આવતા આર્થિક પ્રોત્સાહનોને કારણો તરીકે જવાબદાર માની શકાય છે.
- ➤ અમેરિકા અને ચીન વચ્ચે ઉત્પન્ન થયેલ "ટ્રેડ વોર" અને તણાવ પણ આ વધારામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે.
- ➤ સોનાના વિશેષજ્ઞો પ્રતિ 10 ગ્રામ લગભગ રૂ. 65000 સુધી જઈ શકે છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

### શા માટે રોકાણ માટે સોનાની પ્રથમમિક પસંદગી કરવામાં આવે છે ?

- ભારતમાં સોનાને લગ્ન જેવી સામાજિક વિધિઓ માટે એક અભિન્ન અંગ માનવામાં આવે છે અને અનિશ્ચિતતાના સમયમાં રોકાણકારો માટે સોનાને સલામત માર્ગ માનવામાં આવે છે.
- જ્યારે પણ દુનિયામાં  શેર બજાર, રિયલ એસ્ટેટ અને બોન્ડના મૂલ્યમાં ઘટાડો થાય છે ત્યારે રોકાણકારો સોનામાં રોકાણ કરવાને પ્રાથમિકતા આપે છે.
- સોનામાં રોકાણ કરવાનું અન્ય મુખ્ય કારણ એ છે કે સોનું વધુ તરલ મિલ્કત છે, અર્થાત્ તેની કિંમતોમાં વધુ પરિવર્તન કર્યા વિના તેની ખરીદી અને વેચાણ કરી શકાય છે.
- સોનાના પુરવઠામાં છેલ્લા અમુક વર્ષોમાં વધારો થયો છે. વાર્ષિક ધોરણે સોનાના પુરવઠામાં પ્રતિવર્ષ 1.6%નો વધારો નોંધાયો છે. જેથી તેની ખરીદી અને રોકાણમાં પણ વધારો થાય છે.

### ભારતમાં સોનાની સ્થિતિ

- વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલના અંદાજ મુજબ ભારતીય ઘરોમાં લગભગ 24000-25000 ટન સોનુ જમા હોય શકે છે. આ ઉપરાંત ભારતના મંદિરોમાં  પણ સોનાનો મોટો પુરવઠો જમા છે.
- વર્ષ 2019માં ભારતમાં સોનાની માંગ 690.4 ટન હતી જ્યારે વર્ષ 2018માં તે માંગ એ 760.4 ટન હતી.
- રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા પાસે હાલમાં સોનાનો કુલ અનામત જથ્થો એ 653.01 ટન છે.
- એક અંદાજ મુજબ ભારતમાં પ્રત્યેક વર્ષે 120-200 ટન સોનાની દાણચોરી કરવામાં આવે છે. જેને ધ્યાનમાં રાખી સરકારે સોનાની આયાત પર 12.5% ડ્યૂટી લગાવી છે.

## એર ઈન્ડિયા વિમૂડીકરણ અને બિનનિવાસી ભારતીય નાગરિકો

- તાજેતરમાં કેન્દ્ર સરકારે નાગરિક ઉડ્ડયનથી સંબંધિત પ્રત્યક્ષ વિદેશી રોકાણ (FDI) સંબંધિત નિયમોમાં સુધારા બાબતે અધિસૂચના જાહેર કરી છે.
- આ નવી સૂચના અનુસાર બિનનિવાસી ભારતીયો (Non-Resident Indians-NRI)ને એર ઈન્ડિયાની 100% હિસ્સેદારી આપવાની મંજૂરી આપવામાં આવી છે.
- સરકાર દ્વારા અધિસૂચના એ એર ઈન્ડિયાના વ્યુહાત્મક વિમૂડીકરણની પ્રક્રિયાની વચ્ચે જાહેર કરવામાં આવી હતી.
- આ નિર્ણયથી વ્યુહાત્મક વિમૂડીકરણની પ્રક્રિયા વધુ સરળ અને આકર્ષક બનશે.

### એર ઈન્ડિયા અને વ્યુહાત્મક વિમૂડીકરણ

- કેન્દ્ર સરકારે નુકસાની અને ઋણના ભાર હેઠળ દબાયેલ એર ઈન્ડિયાના વિમૂડીકરણની પ્રક્રિયાને આ વર્ષના જાન્યુઆરી મહિનામાં ફરીથી શરૂ કરી હતી.
- આ પહેલા વર્ષ 2018માં પણ એર ઈનિડયાના વિમૂડીકરણનો પ્રસ્તાવ રાખવામાં આવયો હતો પરંતુ કોઈ ખરીદવા માટે કે હરાજીમાં શામેલ થયું ન હતું.
- જો કે નવા પ્રસ્તાવ પછી પણ સરકારને ખરીદદારો અથવા હરાજીકર્તાઓને આર્કષિત કરવામાં ઘણા પડકારોનો સામનો કરવો પડયો છે અને હરાજીના સમયગાળાને ઘણી વખત વધારવામાં આવ્યો હતો.
- એર ઈન્ડિયાના વિમૂડીકરણનું એક મુખ્ય કારણ એ તેના ઋણના સમાધાનમાં સરકારની અસમર્થતા પણ છે, આં કડાઓ અનુસાર વર્ષ 2017 સુધી એર ઈન્ડિયા પર કુલ રૂ. 52000 કરોડનું ઋણ હતું.

## મેગા ફૂડ પાર્ક

- તાજેતરમાં મિઝોરમમાં કેન્દ્રીય ફૂડ પ્રોસેસીંગ ઉદ્યોગ મંત્રી દ્વારા મિઝોરમ મેગા ફૂડ પાર્ક શરૂ કરાયો હતો આ મેગા ફૂડ પાર્ક 5000 લોકોને રોજગારી આપશે અને આશરે 25000 ખેડુતોને લાભ કરશે.
- મિઝોરમ રાજયમાં કાર્યરત આ પ્રથમ મેગા ફૂડ પાર્ક છે.

### મેગા ફૂડ પાર્ક વિશેઃ

- ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગ મંત્રાલયે વર્ષ 2008માં મેગા ફૂડ પાર્ક યોજના શરૂ કરી હતી. સરકાર દ્વારા આ યોજના હેઠળ દેશભરમાં 42 મેગા ફૂડ પાર્ક સ્થાપવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.
- મેગા ફૂડ પાર્ક ક્લસ્ટર આધારિત અભિગમ પર વિકસિત થયેલ છે.
- મેગા ફૂડ પાર્કમાં કલેક્શન સેન્ટર (CC), પ્રાઈમરી પ્રોસેસીંગ સેન્ટર (PCC) અને સેન્ટ્રલ પ્રોસેસીંગ સેન્ટર–(CPC)નો સમાવેશ થાય છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- પ્રાથમિક પ્રક્રિયા કેન્દ્રનું કાર્ય નિર્માતાઓ અને પ્રોસેસરો વચ્ચે સંપર્ક સ્થાપિત કરવાનું છે જેથી કેન્દ્રીય પ્રક્રિયા કેન્દ્રમાં કાચા માલની સપ્લાય અવિરત રહે.
- મેગા ફૂડ પાર્કમાં કલેક્શન ચેઈન સેન્ટ્રલ પ્રોસેસિંગ સેન્ટર અને પ્રાઈમરી પ્રોસેસિંગ સેન્ટર કોલ્ડ ચેઈન તેમજ સપ્લાય ચેઈન આંતરમાળખાનો સમાવેશ થાય છે જેમાં ફૂડ પ્રોસેસિંગ યુનિટ સ્થાપવા માટે 25 - 30 સંપૂર્ણપણે વિકસિત પ્લોટ હોય છે .
- સરકાર દ્વારા ફૂડ પાર્ક સ્થાપવા માટે વધુમાં વધુ 50 કરોડની ગ્રાન્ટ આપવામાં આવે છે. પર્વતીય અને દુર્ગમ વિસ્તારોમાં તેમજ ઉત્તર–પૂર્વી રાજ્યોમાં (જમીનની કિંમતને બાદ કરતા) કુલ ખર્ચનો 75 ટકા ખર્ચ કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવે છે.
- કોઈપણ ફૂડ પાર્કની સ્થાપના માટે 50 એકર જમીન જરૂરી છે જે અલગ અલગ જગ્યાએ નહિ પરંતુ એક જગ્યાએ ઉપલબ્ધ હોય.
- સ્પેશિયલ પર્પસ વ્હીકલ(SPV) દ્વારા મેગા ફૂડ પાર્ક પ્રોજેક્ટનો અમલ કરવામાં આવે છે.

### મેગા ફૂડ પાર્કનાં ઉદ્દેશ્યો :-

- ફૂડ પાર્કનો ઉદ્દેશ્ય ખેડુતો, પ્રોસેસરો / પ્રોસેસિંગ ઉદ્યોગ અને રિટેલરોને એક સાથે લાવવાનો છે જેથી કૃષિ ઉત્પાદનોને કોઈ મિકેનિઝમ દ્વારા જોડી શકાય.
- મેગા ફૂડ પાર્ક મુખ્યત્વે કૃષિ પેદાશોના ભાવોમાં વધારોલ અન્નનો બગાડ અટકાવવા ખેડૂતોની આવક વધારવા અને ગ્રામીણ વિસ્તારોમાં રોજગારની તકો પૂરી પાડવા પર ભાર મૂકે છે.
- આ ફૂડ પાર્કનો ઉદ્દેશ્ય ખાદ્ય ચીજોની પ્રક્રિયાને 6 થી 20 ટકા સુધી વધારવાનો અને ફૂડ ઉદ્યોગમાં ભારતનો હિસ્સો 1.5 થી 3 ટકા વધારવાનો છે.

### મેગા ફૂડ પાર્ક પહેલા પડકારો / સમસ્યાઓ:

- જોકે મેગા ફૂડ પાર્ક પ્રોજેક્ટનો હેતુ ખેડુતો, છૂટક વિક્રેતાઓ અને પ્રોસેસરો દ્વારા કૃષિ પેદાશોને બજારમાં જોડવાનો છે કેટલાક એવા પ્રશ્નો / પડકારો છે જે ઈચ્છિત પરિણામોને અવરોધે છે. તેથી આ પડકારોનો સામનો કરવો જરૂરી છે આ પડકારોમાં નીચેની બાબતોનો સમાવેશ કરવામાં આવે છે :

1. કોઈપણ મેગા ફૂડ પાર્કની સ્થાપના માટે એક જગ્યાએ 50 એકર જમીન જરૂરી છે. નાના અને ડુંગરાળ રાજ્યોમાં એક જગ્યાએ 50 એકર જમીન સંપાદન મુશ્કેલ છે તેથી જમીન સંપાદન એક મોટો મુદ્દો છે.
2. દેશના મોટાભાગના ક્ષેત્રોમાં કૃષિ વ્યવસાય સહકારી સમિતિઓ દ્વારા કરવામાં આવે છે તેથી તેમને ફૂડ પાર્ક સાથે એકીકૃત કરવું મહત્વપૂર્ણ છે.
3. મેગા ફૂડ પાર્ક યોજના અંતર્ગત સ્થાપિત ફૂડ પાર્ક વૈશ્વિક કંપનીઓને આકર્ષવામાં સફળ રહ્યા નથી. કારણ કે કેટલીક વૈશ્વિક કંપનીઓ વિકાસશીલ દેશોમાં યોજનાઓનું રોકાણ કરતી નથી, જેમની યોજનાઓની કિંમતમાં અનુદાન (Grant)ની રકમનો સમાવેશ કરવામાં આવ્યો હોય .

### આગળનો માર્ગ :

- મેગા ફૂડ પાર્કને ખ્યાલ એ સમાવેશી વિકાસ પર આધારિત છે જેનો ઉદ્દેશ્ય ખેતરથી ઉપભોક્તા સુધી અને ઉપભોક્તાથી બજાર સુધી સીધો સંપર્ક સ્થાપિત કરવાનો છે. તેના અમલીકરણમાં હજી પણ કેટલાંક અવરોધો હોવા છતાં ફૂડ પાર્કની સ્થાપના માટે નિર્ધારિત ધોરણોમાં થોડી છૂટછાટ આપવી જરૂરી છે. દા.ત., 50 એકર જમીનની મર્યાદા ઘટાડીને 20 એકર કરવી જોઈએ જેથી જમીન સંપાદનની સમસ્યાનો સામનો ન કરવો પડે.
- આ ઉપરાંત પ્રક્રિયાઓને સરળ બનાવવી પણ જરૂરી છે. જેથી કૃષિ ક્ષેત્રમાં પણ સીધુ વિદેશી રોકાણ (FDI) આકર્ષિત થઈ શકે. કારણ કે મેગા ફૂડ પાર્ક્સ અર્થવ્યવસ્થાના પ્રાથમિક ક્ષેત્રને પ્રોત્સાહન આપવા મદદરૂપ થાય છે.

## નેશનલ ફાયનાન્સિયલ રિપોર્ટિંગ ઓથોરિટી (NFRA)

- તાજેતરમાં NFRA દ્વારા ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ બેંગલુના પ્રોફેસર આર નારાયણસ્વામીની અધ્યક્ષતામાં તકનીકી સલાહકાર સમિતિ (TAC)ની રચના કરવામાં આવી છે.
- તકનીકી સલાહકાર સમિતિ (ટીએસી) ના અધ્યક્ષ સહિત સાત સભ્યો હશે.

### તકનીકી સલાહકાર સમિતિના કાર્યો:

- હિસાબી ધોરણો અને ઓડિટિંગના ધોરણોના ડ્રાફટને લગતા મુદ્દાઓ પર NFRAની કારોબારી શાખાને સહાય અને સલાહ પ્રદાન કરવી.
- વપરાશકર્તાઓ નાણાકીય નિવેદન તૈયારીઓ અને ઓડિટર્સના પરિપ્રેક્ષ્યમાંથી ઈનપુટ પ્રદાન કરવું.

### Back to basics :-

### નેશનલ ફાયનાન્સિયલ રિપોર્ટિંગ ઓથોરિટી વિશે

- ભારત સરકાર દ્વારા 01 ઓક્ટોબર, 2018ના રોજ કંપની એક્ટ 2013ની કલમ 132(1) હેઠળ નેશનલ ફાઈનાન્સિયલ રિપોર્ટિંગ ઓથોરિટી (NFRA)ની રચના કરવામાં આવી હતી.
- તેનો હેતુ સ્વતંત્ર નિયમનકારોની સ્થાપના અને ઓડિટ ધોરણો લાગુ કરવા ઓડિટની ગુણવત્તા અને ઓડિટ કંપનીઓની સ્વતંત્રતાને મજબૂત બનાવવાનો છે. તેથી કંપનીઓની નાણાકીય સ્થિતિના જાહેરનામામાં રોકાણકારો અને જાહેર પ્રણાલીનો વિશ્વાસ વધારી શકાય.
- કંપની અધિનિયમની જોગવાઈ મુજબ NFRAમાં અધ્યક્ષ અને મહત્તમ 15 સભ્યો હશે. અધ્યક્ષની નિમણૂક કેન્દ્ર સરકાર કરશે.

### NFRAના કાર્યો અને ફરજો:

- કંપનીઓ દ્વારા અપનાવવામાં આવેલી ઓડિટ અને ઓડિટ નીતિઓ અને ધોરણોની ભલામણ.
- હિસાબી ધોરણો અને ઓડિટ ધોરણોનું પાલન, નિરીક્ષણ અને અમલ.
- આવા ધોરણો સહિત પાલન સુનિશ્ચિત કરતી વ્યવસાયોની સેવાની ગુણવત્તાની દેખરેખ.

### NFRAની સત્તાઓ :-

- NFRA એ સૂચિબદ્ધ કંપનીઓ અને અસૂચિબદ્ધ જાહેર કંપનીઓની તપાસ કરી શકે છે કે જેમની ચૂકવણીની મૂડી 500 કરોડ રૂપિયાથી ઓછી ન હોય અથવા વાર્ષિક ટર્નઓવર એક હજાર કરોડ રૂપિયાથી ઓછું ન હોય .
- તે વ્યવસાયિક સંસ્થાઓ અથવા વ્યક્તિઓના ચોક્કસ વર્ગના સંબંધમાં ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા (ICAI)ના સભ્યો દ્વારા કરવામાં આવેલા વ્યાવસાયિક ગેરવર્તનની તપાસ કરી શકે છે.



# 3. આંતરરાષ્ટ્રીય ઘટનાઓ

## G20ના નાણામંત્રી અને સેન્ટ્રલ બેંક ગર્વનરોની ત્રીજી બેઠક

- તાજેતરમાં ભારતે સાઉદી અરેબિયાની અધ્યક્ષતામાં આયોજિત G20ના નાણામંત્રીઓ અને સેન્ટ્રલ બેંક ગર્વનરો (Finance Ministers and Central Bank Governors - FMCBG)ની ત્રીજી બેઠકમાં ભાગ લીધો હતો.
- આ બેઠક અંતર્ગત COVID-19 મહામારી સંકટ વચ્ચે વૈશ્વિક આર્થિક દષ્ટિકોણની સાથે વર્ષ 2020 માટે અન્ય G20 નાણાકીય પ્રાથમિકતાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.
- FMCBGની પ્રથમ બેઠક એ ફેબ્રુઆરી-2020માં રિયાદ, સાઉદી અરેબિયા ખાતે આયોજિત કરવામાં આવી હતી.

### FMCBG બેઠકની મુખ્ય બાબતો

- આ બેઠક અંતર્ગત G20 કાર્ય યોજનાના મહત્ત્વ અને સંબંધિતતા પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો.
- આ કાર્યયોજનાઅંતર્ગતસ્વાસ્થ્યપ્રતિક્રિયા, આર્થિકપગલાઓ, મજબૂત અને સતત રિકવરી અને આંતરરાષ્ટ્રીય નાણાકીય સમન્વયના સ્તંભો અંતર્ગત સામૂહિક પ્રતિબદ્ધતાઓની અકે સૂચિ પ્રસ્તુત કરવામાં આવી હતી જેનો ઉદ્દેશ્ય મહામારીથી લડવામાં G20ના પ્રયાસોમાં સમન્વય સ્થાપિત કરવાનો છે.
- ભારત દ્વારા બેઠક અંતર્ગત COVID-19ના જવાબમાં આપૂર્તિ પક્ષ અને માંગના ઉપાયોને સંતુલિત કરવાની આવશ્યકતા પર ભાર આપ્યો હતો.
- ભારત દ્વારા રેટિંગ એજન્સીઓએ ક્રેડિટ રેટિંગ ડાઉનગ્રેડ કરવાની નીતિ અને ઈમર્જિંગ માર્કેટ ઈકોનોમી જેવા નીતિગત વિકલ્પો પર તેના હાનિકારક પ્રભાવની ચર્ચા કરી હતી.
- આ ઉપરાંત ભારતે COVID-19 લોકડાઉનથી સંબંધિત એક્ઝિટ વ્યુહરચના અને તેના પ્રતિકૂળ પ્રભાવોને સંબોધિત કરવામાં આવશ્યક આંતરરાષ્ટ્રીય મસન્વય પર પણ ચર્ચા કરી હતી.

### G20 નાણાકીય ટ્રેક ડિલિવરેબલ્સ

- બેઠક અંતર્ગત G20 ફાયનાન્સ ટ્રેક ડિલિવરબલ્સના ઘટનાક્રમ પર ચર્ચા કરવામાં આવી હતી.
- ભારત દ્વારા નીચે મુજબના 2 ફાયનાન્સ ટ્રેક ડિલિવરેબલ્સ પર ચર્ચા કરવામાં આવી હતી.
  - (i) મહિલાઓ, યુવાઓ અને લઘુ અને મધ્યમ ઉદ્યોગો માટે અવસરો સુધી પહોંચ વધારવી અને પહોંચ માટે નીતિગત વિકલ્પોનું એક મેનૂ તૈયાર કરવું.
  - (ii) આંતરરાષ્ટ્રીય કરના એજન્ડા અને ડિજિટલ કર સંબંધિત પડકારોનું સમાધાન સરળ, સમાવેશી અને એક મજબૂત આર્થિક પ્રભાવની આકરણી પર આધારિત હોવું જોઈએ.
- ભારત દ્વારા એ બાબત પર વિશેષ ભાર આપવામાં આવ્યો કે ભારતે રાષ્ટ્રવ્યાપી ડિજિટલ ચૂકવણી માળખાનો ઉપયોગ કરી ટેક્નોલોજી આધારિત નાણાકીય સમાવેશીતાનું સફળતાપૂર્વક નિયોજન કર્યું છે.

### Back to basics : G20 વિશે

- વર્ષ 1997ના નાણાકીય સંકટના કારણે નિર્ણય લેવામાં આવ્યો કે દુનિયાની મુખ્ય અર્થવ્યવસ્થાઓએ એક મંચ પર એકત્રિત થવું જોઈએ.
- વર્ષ 1999માં G20ની સ્થાપના 7 દેશો – અમેરિકા, કેનેડા, બ્રિટેન, જર્મની, જાપાન, ફ્રાંસ અને ઈટલીના વિદેશ મંત્રીઓના નેતૃત્ત્વમાં કરવામાં આવી હતી.
- G20નો કોઈ સ્થાયી સ્ટાફ નથી કે તેનું કોઈ મુખ્યમથક પણ નથી. તે માત્ર એક મંચ છે.
- આ સમૂહમાં ભારત સહિત 19 દેશો અને યુરોપિયન સંઘનો સમાવેશ થાય છે.

### G20ના સભ્ય દેશો

- ભારત, આર્જેન્ટિના, ઓસ્ટ્રેલિયા, બ્રાઝિલ, કેનેડા, ચીન, ફ્રાન્સ, જર્મની, ઈન્ડોનેશિયા, ઈટલી, જાપાન, મેક્સિકો, રશિયા, સાઉદી અરેબિયા, દક્ષિણ આફ્રિકા, દક્ષિણ કોરિયા, તૂર્કી, બ્રિટન, અમેરિકા ને યુરોપિયન સંઘ.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## QUADના વિસ્તારની આવશ્યકતા

- ચીનની સાથે ભારત તથા અન્ય દેશો જેવા કે અમેરિકા, ઓસ્ટ્રેલિયા અને અન્ય દેશોના વધતા તણાવ વચ્ચે પોતાની સમુદ્રી રક્ષા વ્યુહરચના જેમકે QUADને નવુ રૂપ તથા વિસ્તારિત સ્વરૂપમાં પ્રારંભ કરવાની આવશ્યકતા છે.
- QUAD (Quadrilateral Security Dialogue) એ ભારત, અમેરિકા, જાપાન અને ઓસ્ટ્રેલિયા વચ્ચેનું અનૌપચારિક વ્યુહરચના વાર્તાનું મંચ છે.
- QUAD એ "મુકત, ખુલ્લા અને સમૃદ્ધ" ભારત–પેસિફિક ક્ષેત્રની બાબતને સુનિશ્ચિત કરવા અને સમર્પણ કરવા દેશોને એક સાથે લાવે છે.
- જો કે હાલના સમયે QUAD સમક્ષ પણ વિવિધ પડકારો છે જે નીચે મુજબના છે :
  (1) ચીનના ક્ષેત્રીય દાવાઓ અને દેશો સાથે વિવાદ
  (2) આસિયાન દેશો સાથે ચીનની નજીકતા
  (3) ચીનની આર્થિક શકિત
  (4) QUAD દેશો વચ્ચે વેપાર અને અન્ય બાબતોને લીધે વિવાદો

### QUAD સમૂહમાં સુધારો કરવાની શા માટે આવશ્યકતા છે.

- QUADને ઔપચારિક સ્વરૂપ આપવાની પણ જરૂરીયાત છે અને ફરીથી તેની શરૂઆત કરવાની અને પુનઃજીવિત કરવાની જરૂરીયાત છે.
- QUAD ના વિસ્તાર દ્વારા સમૂહ અંતર્ગત સમાન વિચારધારા ધરાવતા અન્ય દેશોનો સમાવેશ કરવાની જરૂરિયાત છે.
- એવા દેશો જેમની સાથે ચીનનો સમુદ્રી સીમા સંબંધિત વિવાદ છે તથા શાંતિ બનાવી રાખવા માટે સંયુકત રાષ્ટ્રના સમુદ્ર સંબંધી કાયદાઓની પાલન સુનિશ્ચિત કરવા માંગે છે એવા દેશો સાથે મળીને "ઈન્ડો–પેસિફિક કરાર" જેવી પહેલનો પ્રારંભ કરી શકાય છે.

## G-20 વર્ચ્યુઅલ બેઠક

- તાજેતરમાં "G-20 ડિજિટલ અર્થવ્યવસ્થા મંત્રીઓની બેઠકનું વર્ચ્યુઅલ ધોરણે આયોજન કરવામાં આવ્યું હતું.
- આ બેઠક દરમિયાન ભારતના કેન્દ્રીય સંચાર અને સૂચના તકનિકી મંત્રીએ બધા ડિજિટલ પ્લેટફોર્મને નાગરિકોના ડેટાની ગોપીનયતા અને તેની રક્ષા સાથે જોડાયેલી ચિંતાઓ પ્રતિ સંવેદનશીલ તથા જવાબદેહ હોવાની આવશ્યકતા પર ભાર આપવામાં આવ્યો હતો.
- આ બેઠકની અધ્યક્ષતા સાઉદી અરેબિયા દ્વારા કરવામાં આવી હતી.
- ભારત દ્વારા કહેવામાં આવ્યું હતું કે, વર્તમાનમાં ડેટાના ક્ષત્રમાં નવીનતના અને ડેટાના સ્વતંત્ર પ્રવાહની સાથે ડેટાના સર્વાભૌમત્વને સમજવી આવશ્યક છે અને ડેટા પર સંપૂર્ણ રૂપથી સંબંધિત સાર્વભૌમ રાષ્ટ્રનો અધિકાર હોવો જોઈએ.

### G-20 દેશો અને ડેટાની સુરક્ષા

- G-20 ડિજિટલ અર્થવ્યવસ્થા મંત્રીઓની બેઠકના અંતમાં એક મંત્રીસ્તરીય ઘોષણાપત્ર જાહેર કરવામાં આવ્યું હતું.
- ઘોષણાપત્ર અનુસાર ડેટા, સૂચના, વિચારો અને જ્ઞાનના સીમા પારના પ્રવાહથી ઉચ્ચ ઉત્પાદકતા, ઉન્નત નવીનતા અને વધુ સારા સતત વિકાસને પ્રોત્સાહન મળે છે.
- એ વાતનો સ્વીકાર પણ કરવામાં આવ્યો છે કે ડેટાના મુકત પ્રવાહમાં અમુક પડકારો પણ વધી જાય છે.
- ઘોષણાપત્રમાં ડિજિટલ અર્થવ્યવસ્થાને વ્યાખ્યાયિત કરવા અને માપવા માટે "ડિજિટલ અર્થવ્યવસ્થાને માપવા હેતુ સામાન્ય રૂપરેખા" નામના G-20 રોડમેપનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- આ રોડમેપમાં મૂળભૂત માળખું, ટેક્નોલોજી અને નવીનતા, સમાજને સશકત બનાવવું અને નોકરીઓ અને કૌશલ્ય વિકાસનો સમાવેશ કરવામાં આવેલ છે.

### ડિજિટલ યુગમાં ડેટા સ્થાનિકીકરણ અને તેની આવશ્યકતા

### ડેટા સ્થાનીકિકરણ (Data Localisation)

- ડેટા સ્થાનીકિકરણ અર્થાત્ ડેટા ઉત્પન્ન કરતી કોઈ દેશની સીમાઓમાં ભૌતિક રૂપથી ઉપલબ્ધ ડિવાઈસ પર ડેટા સંગ્રહિત કરવો.
- તેના અંતર્ગત ભારતીય નાગરિકોનો ડેટા ભારતીય ભૂ–ભાગમાં જ સ્થિત કેન્દ્રમાં સંગ્રહિત કરવો જરૂરી છે.

### ભારત માટે ડેટા સ્થાનીકિકરણ


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## શા માટે આવશ્યક છે ?

- નાગરિક ડેટાની સુરક્ષા, ડેટા ગોપનીયતા, ડેટા સાર્વભૌમત્ત્વ, રાષ્ટ્રીય સુરક્ષા અને દેશના આર્થિક વિકાસને સુરક્ષિત રાખવા.
- ન્યાયાધીશ બી. એન. શ્રીકૃષ્ણની અધ્યક્ષતામાં ગઠિત સમિતિના રિપોર્ટમાં RBIની ભલામણો, ઈ–કોમર્સ નીતિ ડ્રાફ્ટ અને કલાઉડ નીતિ પેનલ ડ્રાફ્ટમાં ડેટા સ્થાનિકિકરણનો સંકેત આપવામાં આવ્યો છે.
- તકનિકી કંપનીઓ દ્વારા કરવામાં આવેલ વ્યાપક ડેટા સંગ્રહ તેમને દેશની બહાર ભારતીય ઉપયોગીતાના ડેટાને પ્રોસેસ અને મુદ્રીકૃત કરવામાં સક્ષમ બનાવે છે. આથી, વ્યકિતગત ડેટા અનિયંત્રિત અને મનસ્વી ઉપયોગના જોખમને ઘટાડવા માટે ડેટા સ્થાનિકિકરણ જરૂરી છે.
- ડિજિટલ તકનિકો (દા.ત. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, મશીન લર્નિંગ) સંદર્ભે ડેટાની મર્યાદા સુનિશ્ચિત કરવી જરૂરી છે અન્યથા વિનાશકારી પરિણામો સર્જાય શકે છે.
- કલાઉડ કમ્પ્યુટિંગની શરૂઆત સાથે ભારતીય વપરાશકારોનો ડેટા સીમાની બહાર પહોંચી જાય છે જેનાથી કોઈ વિવાદ ઉત્પન્ન થવા પર અધિકાર ક્ષેત્ર સંબંધી સંઘર્ષ થાય છે.

## ડેટા સ્થાનીકિકરણ સંબંધિત વિવિધ ભલામણો

- જસ્ટિસ બી. એન. શ્રીકૃષ્ણ સમિતિએ ડેટાને સીમાની બહાર સ્થળાંતર અને સંગ્રહ પર રોક લગાવવા હેતુ તેના સંબંધિત માપદંડોને કડક કરવાની ભલામણ કરી છે. સમિતિ એ વિદેશી સર્વેલન્સનો રોકવા હેતુ ભારતમાં આર્ટિફીશયલ ઈન્ટેલિજન્સ પર્યાવરણ તૈયાર કરવા તથા કાયદાના અમલીકરણ માટે ડેટા સ્થાનીકિકરણ પર જોર આપે છે.
- રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા ફકત ચૂકવણી પ્રણાલી ડેટાને ભારતમાં સંગ્રહિત કરવા માટે ચૂકવણી પ્રણાલી માટે એક કઠોર ડેટા સ્થાનીયકરણ અધિસૂચના લાગુ કરેલ છે.
- સરકાર એ વર્ષ 2018ના એક ડેટા સંરક્ષણ નીતિ ડ્રાફ્ટ પર પણ કામ કરી રહી છે જે આ સમયે એક સંયુકત સંસદીય સમિતિ અંતર્ગત વિચાર માટે મૂકવામાં આવેલ છે.

# ઈન્ડિયા આઈડયાઝ સમિટ

- તાજેતરમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અમેરિકા–ભારત વ્યાપાર પરિષદ દ્વારા આયોજિત ''ઈન્ડિયા આઈડયાઝ સમિટ'' (India Ideas Summit)ને સંબોધિત કરી હતી.

## ઈન્ડિયા આઈડયાઝ સમિટ વિશે

- આ સમિટની યજમાની અમેરિકા–ભારત વ્યાપાર પરિષદ દ્વારા કરવામાં આવી હતી.
- વર્ષ 2020ની સમિટની થીમ : ''સારા ભવિષ્યનું નિર્માણ'' (Building Better Future)
- આ સમિટનું આયોજન પ્રત્યેક વર્ષે અમેરિકા–ભારત વ્યાપાર પરિષદ દ્વારા મુખ્ય રૂપથી ભારત અને અમેરિકાની આર્થિક ભાગીદારી અને બંને દેશો વચ્ચે સમગ્ર દ્વીપક્ષીય સંબંધોના મહત્ત્વને પ્રદર્શિત કરવાના ઉદ્દેશ્યથી કરવામાં આવે છે.
- સમિટ દરમિયાન રાજનેતાઓ, વિદ્વાનો અને વ્યાપારિક કંપનીઓના વરિષ્ઠ અધિકારીઓને પોતાના વિચારો અને મંતવ્યો જણાવવા માટે આમંત્રિત કરવામાં આવે છે.

## ઈન્ડિયા આઈડયાઝ સમિટના સંબોધનમાં ભારતના પ્રધાનમંત્રીની મુખ્ય બાબતો

- પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, વિકાસના એજન્ડાના મૂળમાં ગરીબ અને નબળા લોકોને સાથે રાખવાની જરૂરીયાત પર ભાર આપતા કહયું કે ''ઈઝ ઓફ લિવિંગ'' એટલું જ મહત્ત્વનું છે જેટલું ''ઈઝ ઓફ બિઝનેસ'' છે.
- ભારત એ 'આત્મનિર્ભર ભારત'ના આહવાન દ્વારા એક સમૃદ્ધ અને સશકત દુનિયા બનાવવામાં પોતાનું યોગદાન આપી રહયું છે.
- ભારતીય અર્થવ્યવસ્થાનું ખુલ્લાપણું, અવસરો અને વિકલ્પોનું આદર્શ મિશ્રણ બતાવી પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે છેલ્લા 6 વર્ષોમાં ભારતીય અર્થવ્યવસ્થાને વધુ ખુલ્લુ અને સુધાર કેન્દ્રિત બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ સુધારાના માધ્યમથી પ્રતિસ્પર્ધા, વધુ પારદર્શિતા, ડિજિટલાઈઝેશનનો વિસ્તાર, વધુ નવીનતા અને નીતિગત સ્થિરતા આપવામાં આવી છે.

- પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે ભારતના વિભિન્ન ક્ષેત્રોમાં રોકાણ કરવા વ્યાપક અવસર ઉપલબ્ધ છે સાથે જ તેમના દ્વારા કૃષિ ક્ષેત્રમાં કરેલા સુધારાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

## ભારત-શ્રીલંકા વચ્ચે ચલણ વિનિમય કરાર

- તાજેતરમાં શ્રીલંકા એ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની સાથે 400 મિલિયન અમેરિકી ડોલરના ચલણ વિનમિય કરાર (Currency Swap) પર હસ્તાક્ષર કર્યા છે.
- આ ચલણ વિનમિય કરાર એ નવેમ્બર 2022 સુધી માન્ય રહેશે.
- શ્રીલંકા દ્વારા આ કરાર મુખ્ય રૂપથી COVID-19 ના પરિણામે ઉત્પન્ન આર્થિક સંકટના કારણે ટૂંકાગાળા માટે આંતરરાષ્ટ્રીય તરલતા (Liquidity) સંબંધિત આવશ્યકતાઓને પૂરા કરવાના ઉદ્દેશ્યથી કરવામાં આવ્યો છે.

### ચલણ વિનિમય કરાર એટલે શું ?

- ચલણ વિનિયમ (Currency Swap) એક પ્રકારનો વિદેશી વિનિમય કરાર છે જે બે પક્ષો વચ્ચે એક ચલણના બદલામાં બીજુ ચલણ પ્રાપ્ત કરવા હેતુ એક નિશ્ચિત સમય માટે કરવામાં આવે છે.
- અહીં કરારનો મુખ્ય ઉદ્દેશ્ય એ નિશ્ચિત શર્તો પર અન્ય વિદેશી ચલણને પ્રાપ્ત કરવાનો હોય છે. આ ઉપરાંત વિદેશી ચલણ બજાર અને વિનિમય દરમાં સ્થિરતા અને અન્ય જોખમોથી બચવાનો ઉદ્દેશ્ય હોય છે.

### Back to basics :
### ભારત અને શ્રીલંકાના સંબંધોનું મૂલ્યાંકન

- છેલ્લા વર્ષે શ્રીલંકાના રાષ્ટ્રપતિ ભારતના પ્રવાસે આવ્યા હતા તે સમયે ભારત દ્વારા શ્રીલંકા માટે 450 મિલિયન ડોલરની “લાઈન ઓફ ક્રેડિટ”ની ઘોષણા કરવામાં આવી હતી.
- શ્રીલંકા એ ભારત અને જાપાન સાથે કોલંબો બંદરગાહ પર ઈસ્ટર્ન કંટેનર ટર્મિનલ બનાવવા માટે એક કરાર કર્યો હતો. ત્રણેય દેશોએ સંયુકત રૂપથી કોલંબો બંદરગાહ પર તેના નિર્માણ માટે સહમતિ દર્શાવી હતી.
- COVID-19ના મુકાબલા માટે ભારતે શ્રીલંકામાં એક અમ્બુલેંસ સેવા શરૂ કરવામાં મદદ કરી હતી.
- વર્ષ 1983માં શ્રીલંકાના તમિલો અને બહુમતી ધરાવતા સિંહલિયો વચ્ચેના ગૃહ યુદ્ધમાં ભારતે સક્રિય ભૂમિકા નિભાવી હતી અને શ્રીલંકાના સંઘર્ષમાં એક રાજકીય સમાધાન માટે વર્ષ 1987માં ભારત–શ્રીલંકા કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.

## સંયુકત આર્થિક અને વ્યાપાર સમિતિની બેઠક

- તાજેતરમાં વીડિયો કોન્ફરન્સના માધ્યમથી આયોજિત સંયુકત આર્થિક અને વ્યાપાર સમિતિ (Joint Economic and Trade Committee-JETCO)ની 14મી બેઠક દરમિયાન ભારત અને બ્રિટેને આર્થિક સંબંધોને મજબૂત કરવાના ઉદ્દેશ્યથી મુકત વ્યાપાર કરાર (Free Trade Agreement-FTA) પ્રતિ કટિબદ્ધતાની પુષ્ટિ કરી છે.

### 14મી સંયુકત આર્થિક અને વ્યાપાર સમિતિનો મુખ્ય નિર્ણય

- 14મી બેઠક દરમિયાન ભારત અને બ્રિટેન બંને દેશોના પ્રતિનિધિઓએ મુકત વ્યાપાર કરારની પ્રતિબદ્ધતા વ્યકત કરતા બંને દેશો વચ્ચેના હાલના વ્યાપાર આવરોધો સમાપ્ત કરવા પર સહમતિ વ્યકત કરી હતી.
- નિર્ણય લેવામાં આવ્યો છે કે FTAની દિશામાં પ્રારંભિક ઉપાયોના સંદર્ભે બંને પક્ષો તબક્કાવાર સીમિત વ્યાપાર કરાર કરશે.
- આ બાબતે આગળ વાત વધારવા બંને દેશો વચ્ચે માસિક ધોરણે પણ બેઠકનું આયોજન કરવામાં આવશે.

### મુકત વ્યાપાર કરાર (Free Trade Agreemnt-FTA) વિશે

- FTAનો ઉપયોગ એ બે કે બે થી વધુ દેશો વચ્ચે વ્યાપારને સરળ બનાવવાના ઉદ્દેશ્યથી કરવામાં આવે છે.
- FTA અંતર્ગત બે કે તેથી વધુ દેશો વચ્ચે વસ્તુઓ અને સેવાઓની આયાત–નિકાસ પર ડ્યૂટી, નિયમનના કાયદાઓ, સબસિડી તથા કવોટા વગેરેને સરળ બનાવવામાં આવે છે.
- FTA અંતર્ગત બૌદ્ધિક સંપદા અધિકારો (IPR), રોકાણ, જાહેર ખરીદી તથા હરિફાઈ સંબંધી નીતિઓને પણ કવર કરવામાં આવે છે.

### સંયુકત આર્થિક અને વ્યાપાર સમિતિ વિશે

- સંયુકત આર્થિક અને વ્યાપાર સમિતિ બ્રિટનની કંપનીઓને પોતાની પહોંચ વધારવા અને ભારતીય વ્યવસાયો તથા નીતિ નિર્માતાઓ સાથે નવી ભાગીદારી વિકસિત કરવા એક મંચ પ્રદાન કરે છે.
- આ બેઠકના માધ્યમથી સરકારથી સરકારના સ્તર પર વાતચીત કરવામાં આવે છે અને આ વાતચીતમાં બજાર ઉદારીકરણ તથા બજારની પહોંચ સુધીના મુદ્દાઓનો સમાવેશ કરવામાં આવે છે.

## સંયુક્ત રાષ્ટ્રની આર્થિક અને સામાજિક પરિષદ

- તાજેતરમાં ભારતના પ્રધાનમંત્રી દ્વારા સંયુક્ત રાષ્ટ્રની 'આર્થિક અને સામાજિક પરિષદ–(ECOSOC)'ના ઉચ્ચ–સ્તરના વિભાગને સંબોધન કર્યુ હતું .
- વાર્ષિક ઉચ્ચ–સ્તરના વિભાગમાં સરકાર, ખાનગી ક્ષેત્ર અને નાગરિક સમાજના ઉચ્ચ–સ્તરના પ્રતિનિધિઓ અને શિક્ષણવિદોના વિવિધ જૂથનો સમાવેશ થાય છે.

આ વર્ષના ઉચ્ચ–સ્તરના વિભાગની થીમ :– COVID-19 પછી બહુપક્ષવાદ:– 75મી વર્ષગાંઠ પર આપણને કેવા સંયુક્ત રાષ્ટ્રની જરૂર છે'.

### Back to basics :

### સંયુક્ત રાષ્ટ્રની આર્થિક અને સામાજિક પરિષદ વિશે:

- સંયુક્ત રાષ્ટ્રની આર્થિક અને સામાજિક પરિષદ Economic and Social Council-ECOSOCની સ્થાપના વર્ષ 1945 માં સંયુક્ત રાષ્ટ્રના ચાર્ટર દ્વારા કરવામાં આવી હતી, તે સંયુક્ત રાષ્ટ્રના છ મુખ્ય અંગોમાંનું એક છે.
- ECOSOC એ સંકલન, નીતિ સમીક્ષા, નીતિ સંવાદ અને આર્થિક, સામાજિક અને પર્યાવરણીય મુદ્દાઓ, તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે સ્વીકૃત ધ્યેયોના અમલીકરણ માટે ભલામણો કરવા માટેની મુખ્ય સંસ્થા છે.
- તેના 54 સભ્યો છે અને સંયુક્ત રાષ્ટ્રની મહાસભા દ્વારા ત્રણ વર્ષના કાર્યકાળ માટે ચૂંટાય છે. દર વર્ષે એક તૃતીયાંશ સભ્યો નિવૃત થાય છે.
- ECOSOC સંયુક્ત રાષ્ટ્રની 14 વિશિષ્ટ એજન્સીઓ, 10 કાર્યાત્મક કમિશન અને 5 પ્રાદેશિક કમિશનના કાર્યનું સંકલન કરે છે. આ ઉપરાંત, તે સંયુક્ત રાષ્ટ્રના ભંડોળ અને કાર્યક્રમોના અહેવાલો મેળવે છે અને સંયુક્ત રાષ્ટ્રના ઉપકરણો અને સભ્ય દેશો માટે નીતિ ભલામણો પ્રદાન કરે છે.

## અમેરિકાનું ટ્રિનિટી પરીક્ષણ

- 16 જુલાઈ 1945ના રોજ 75 વર્ષ પહેલાં, 'ધ ગેજેટ' – વિશ્વનો પ્રથમ અણુ બોમ્બ – અમેરિકન વૈજ્ઞાનિકો દ્વારા પરીક્ષણ કરાયો હતો, પછીથી તેનું નામ 'ટ્રિનિટી ટેસ્ટ' રાખવામાં આવ્યું.
- આના એક મહિના કરતા પણ ઓછા સમય પછી, જાપાનના 'નાગાસાકી' શહેર પર 'ફેટ મેન' નામનો એક સમાન અણુ બોમ્બ ફેંકી દેવામાં આવ્યો, જેમાં હજારો લોકો માર્યા ગયા.

■ **મહત્વપૂર્ણ તથ્યો:**

- પ્રથમ સુપર બોમ્બને 'ગેજેટ'નું ઉપનામ આપવામાં આવ્યું હતું, તેને યુ.એસ. હેઠળના મેનહટન પ્રોજેક્ટના નેતૃત્વમાં વિકસાવવામાં આવ્યું હતું.
- મેનહટન પ્રોજેક્ટનો ઉદ્દેશ બીજા વિશ્વયુદ્ધમાં સાથી દળો માટે પરમાણુ શસ્ત્રો વિકસાવવાનો હતો, જેથી જર્મની, જાપાન અને ઈટાલી સામે આગળ વધી શકાય.
- જુલિયસ રોબર્ટ ઓપેનહિમરની આગેવાનીમાં વૈજ્ઞાનિકોની ટીમે સુપર બોમ્બ ડિઝાઈન અને વિકસિત કર્યો હતો. ઓપનહિમર, યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયા, બર્કલેમાં ભૌતિકશાસ્ત્રના પ્રોફેસર હતા. તેઓ 'અણુ બોમ્બના પિતા' તરીકે જાણીતા છે.
- લોસ અલામોસથી લગભગ 337 કિલોમીટરના અંતરે ન્યુ મેક્સિકોના રણમાં અલામાગોર્ડો બોમ્બિંગ રેન્જમાં આ પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

### ટ્રિનિટી પરીક્ષણના પરિણામો :

- ન્યુ મેક્સિકોના રહેવાસીઓને આ પરીક્ષણ વિશે ચેતવણી આપવામાં આવી ન હતી અને પરીક્ષણ પછી ઘણા વર્ષો સુધી વિસ્ફોટથી પ્રેરિત રેડિયેશનની પ્રતિકૂળ અસરોની અવગણના કરવામાં આવી હતી.
- પરીક્ષણ કર્યા પછી, આ વિસ્તારમાં શિશુ મૃત્યુ દરમાં અચાનક વધારો થયો હતો.
- સ્થાનિક રહેવાસીઓએ ટ્રિનિટી ટેસ્ટ પછી કેન્સરના દર્દીઓની સંખ્યામાં વધારો થવાની ફરિયાદ કરી હતી.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- વિસ્ફોટથી ભરાયેલી ધૂળ પરીક્ષણ સ્થળથી લગભગ 100 માઈલ દૂર ફેલાઈ હતી, જેના કારણે ત્યાંના રહેવાસીઓ માટે ગંભીર જોખમો ઉભા થયા હતા.
- મોટી સંખ્યામાં સ્થાનિક રહેવાસીઓના પાલતુ પશુઓની ત્વચા બળી, લોહી નીકળવું અને વાળ ખરવા જેવી સ્થિતિ જોવા મળી હતી.

  પછીથી, 1990માં, યુ.એસ સરકારે ઉત્તર મેક્સિકોના રહેવાસીઓને વળતર આપવા માટે રેડિયેશન એક્સપોઝર વળતર અધિનિયમ પસાર કર્યો.

### વૈશ્વિક સ્તરે વિવિધ દેશો સાથે પરમાણુ શાસ્ત્રોની સ્થિતિ

- ટ્રિનિટી પરીક્ષણના 75 વર્ષ પછી, હાલમાં વિશ્વના નવ દેશોમાં પરમાણુ શસ્ત્રોનો સંગ્રહ છે.
- પરમાણુ શસ્ત્ર રાજયોમાં, યુનાઈટેડ સ્ટેટ્સ, યુનાઈટેડ કિંગ્ડમ, રશિયા, ફ્રાંસ, ભારત, ચીન, ઈઝરાઈલ, પાકિસ્તાન અને ઉત્તર કોરિયા શામેલ છે.
- 1945 થી, ઓછામાં ઓછા આઠ દેશો દ્વારા 2000 પરમાણુ પરીક્ષણ વિસ્ફોટો કરવામાં આવ્યા છે.

## યુએસ-ભારત વ્યૂહાત્મક ઉર્જા ભાગીદારી પર આભાસી બેઠક

- તાજેતરમાં 'યુએસ–ભારત વ્યૂહાત્મક ઉર્જા ભાગીદારી'ની વર્ચ્યુઅલ બેઠક (Strategic Energy Partnership-SEP) યુએસ ઉર્જા સચિવ અને ભારતના પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રીની અધ્યક્ષતામાં મળી હતી.
- આ આભાસી બેઠકનું આયોજન કરવાનો મુખ્ય હેતુ એ બંને દેશો વચ્ચે ઉર્જા સુરક્ષા પ્રગતિની સમીક્ષા કરવા, મુખ્ય સિદ્ધિઓને પ્રકાશિત કરવા અને સહયોગના નવા ક્ષેત્રોમાં અગ્રતા નક્કી કરવાનો હતો
- યુ.એસ.–ભારત દ્વિપક્ષીય સંબંધોમાં ઉર્જાના વ્યૂહાત્મક મહત્ત્વને માન્યતા આપીને, વ્યૂહાત્મક ઉર્જા ભાગીદારીની સ્થાપના એપ્રિલ 2018માં કરવામાં આવી હતી.
- સ્થાપનાનો હેતુ બંને દેશો વચ્ચે લાંબા ગાળાની ઉર્જા ભાગીદારી બનાવવાનો હતો અને સરકાર–થી–સરકાર સહકાર અને ઉદ્યોગો વચ્ચે વધુ સારા જોડાણ તરફ મજબૂત મંચ બનાવવાનો હતો.
- યુ.એસ.–ભારત વ્યૂહાત્મક ઉર્જા ભાગીદારી સહકારના ચાર પ્રાથમિક સ્તંભોને વ્યાખ્યાયિત કરવામાં આવેલા છે જે નીચે મુજબ છે :

1. શક્તિ અને ઉર્જા કાર્યક્ષમતા;
2. તેલ અને ગેસ;
3. પુન:પ્રાપ્ય ઊર્જા;
4. ટકાઉ વિકાસ

- આ ચાર સ્તંભો દ્વારા બંને દેશો સ્વચ્છ, સસ્તી અને વિશ્વસનીય ઉર્જાની ઉપલબ્ધતા, પાવર ગ્રીડનું આધુનિકરણ અને વિતરણ, પર્યાવરણીય કામગીરીમાં સુધારો જેવા વિવિધ ક્ષેત્રોમાં સહયોગ કરે છે.

### યુ.એસ.-ભારત વ્યૂહાત્મક ઉર્જા ભાગીદારી હેઠળ ઉપલબ્ધિઓનું મૂલ્યાંકન :

- બંને દેશો સ્માર્ટ ગ્રીડમાં નવી તકનીકીઓના એકીકરણ પર સહયોગ આપી રહ્યા છે જેમ કે પાવર વિતરણ ક્ષેત્રના આધુનિકરણ, સ્માર્ટ મીટર લગાવવા વગેરે.
- 'પાર્ટનરશીપ ટુ એડવાન્સ કિલન એનર્જી–રિસર્ચ–PACE-R' દ્વારા પાવર ગ્રીડની સુગમતા અને વિશ્વસનીયતા વધારવા માટે બંને દેશો સંયુક્ત સંશોધન અને વિકાસ (R&D) તરફ આગળ વધી રહ્યા છે.
- સુપરક્રિટિકલ $CO_2$ કાર્બન ડાયોક્સાઈડની પ્રવાહી સ્થિતિ છે, જેના માટે ગંભીર ગરમી અને દબાણ મહત્વપૂર્ણ છે.આમ સુપરક્રિટિકલ $CO_2$ પાવર ચક્ર અને કાર્બન કેપ્ચર, ઉપયોગ અને સંગ્રહ સહિત વીજળી ઉત્પાદન સંશોધનનાં નવા ક્ષેત્રોમાં સહયોગની શરૂઆત કરવામાં આવી છે
- ભારતમાં સ્માર્ટ ગ્રીડના નિર્માણ માટે 'ગ્લોબલ સેન્ટર ઓફ એક્સેલન્સ' તરીકે 'સ્માર્ટ ગ્રીડ નોલેજ સેન્ટર' સ્થાપવાની સંમતિ આપવામાં આવી છે.
- RAISE (Retrofit of Air Conditioning to Improve Air Quality for Safety and Efficiency) પહેલ યુનાઈટેડ સ્ટેટ્સ એજન્સી ફોર ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ'(USAID) અને' એનર્જી એફિશિયન્સી સર્વિસીસ લિમિટેડ' (EESL) દ્વારા શરૂ કરવામાં આવી છે.
- 'વ્યૂહાત્મક પેટ્રોલિયમ અનામત' ક્ષેત્રે સહયોગ માટે સમજૂતી પત્ર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે .

- નવીનીકરણીય ઉર્જા અને અશ્મિભૂત ઈંધણ સ્ત્રોતોમાંથી હાઈડ્રોજન ઉત્પન્ન કરવા તકનીકોના વિકાસ માટે 'હાઈડ્રોજન ટાસ્ક ફોર્સ' ની રચના કરવામાં આવી છે .
- 2021માં ભારતના પ્રથમ 'સોલર ડેકાથલોની ભારત' (Solar Decathlon India) સહયોગ માટે સમજૂતી પત્ર પર હસ્તાક્ષર કર્યા હતા .
- સંયુક્ત સંશોધન કાર્યક્રમોમાં અદ્યતન સ્વચ્છ ઉર્જા તકનીકો વિકસાવવા સંમતિ આપવામાં આવી છે.
- સંયુક્ત પ્રવૃત્તિઓ અને માહિતી વિનિમય દ્વારા સહકાર સ્થિર બાયોફ્યુઅલ (મુખ્યત્વે બાયોએથેનોલ) ના ઉત્પાદન અને ઉપયોગ પર બંને દેશો સહમત થયા છે.
- આ ભાગીદારી અંતર્ગત 'AsiaEDGE પહેલ' દ્વારા પણ સમર્થન આપવામાં આવે છે. AsiaEDGE પહેલ ભારતને ભારત–પ્રશાંત ક્ષેત્રમાં મજબૂત ઉર્જા ભાગીદાર તરીકે માન્યતા આપે છે.
- AsiaEDGE પહેલ યુ.એસ. દ્વારા શરૂ કરાયેલ છે, જે એશિયા–પ્રશાંત ક્ષેત્રમાં શાંતિ, સ્થિરતા અને વધતી સમૃદ્ધિને સુનિશ્ચિત કરવા માટે મુક્ત અને ખુલ્લા ભારત–પ્રશાંત ક્ષેત્રને સમર્થન આપે છે.
- બંને દેશો ઉર્જા ડેટા મેનેજમેન્ટ; ઉર્જા મોડેલિંગમાં ક્ષમતા નિર્માણ અને ઓછા કાર્બન ઉત્સર્જન તકનીકોના પ્રમોશન તરફ એક સાથે કાર્ય કરે છે .
- આ દિશામાં, USAID અને નીતિ આયોગે સંયુક્ત રીતે 'ઈન્ડિયા એનર્જી મોડેલિંગ ફોરમ' શરૂ કર્યું છે .
- USAID એ વીજળી ક્ષેત્ર પર કેન્દ્રિત 'સાઉથ એશિયા વુમન ઈન એનર્જી' પ્લેટફોર્મ શરૂ કર્યું છે . તકનીકી સ્તંભોમાં લિંગ કેન્દ્રિત પ્રવૃત્તિઓને સમાવવા માટે બંને દેશો સાથે મળીને કામ કરી રહ્યા છે.

## ભારત-યુરોપિયન સંઘ કરાર

- તાજેતરમાં ભારત અને યુરોપિયન સંઘ દ્વારા 15મી ભારત – યુરોપિયન સંઘ સમિટમાં આગામી પાંચ વર્ષ 2020-2025 માટે વૈજ્ઞાનિક સહયોગ અંગેના કરારનું નવીનીકરણ કરવા સંમત થયા છે.
- ભારત અને યુરોપિયન સંઘ બંને 2001ના વિજ્ઞાન અને તકનીકી કરાર અનુસાર પરસ્પર લાભ અને પરસ્પર સિદ્ધાંતોના આધારે સંશોધન અને નવીનતાના ક્ષેત્રે ભવિષ્યમાં સહયોગ કરવા સંમત થયા છે.
- વર્ષ 2001 માં કરવામાં આવેલ આ કરાર 17 મે 2020 ના રોજ પૂરો થયો હતો.
- બંને પક્ષો સમયસર રીતે નવીનીકરણ પ્રક્રિયા શરૂ કરવા અને સંશોધન અને નવીનતામાં 20 વર્ષના મજબૂત સહકારને સ્વીકારવા પ્રતિબદ્ધ છે.

### ભારત-યુરોપિયન સંઘ વિજ્ઞાન અને તકનીકી કરારનું મહત્વ

- કરાર એ પાણી, ઉર્જા, આરોગ્યસંભાળ, કૃષિટેક, ઇન્ટિગ્રેટેડ સાયબર–ફિઝિકલ પ્રણાલીઓ, માહિતી અને સંદેશાવ્યવહાર તકનીક, નેનો ટેક્નોલોજી અને સ્વચ્છ ટેકનોલોજી વગેરે જેવા વિવિધ ક્ષેત્રોમાં સંશોધન અને નવીનતા સહકાર વધારવામાં મદદ કરશે.
- આ ઉપરાંત સંશોધન, સંશોધનકારોનું વિનિમય, વિદ્યાર્થીઓ માટે સંસાધનોના સહ–રોકાણ, સ્ટાર્ટઅપ્સ અને જ્ઞાનની સહ–રચનામાં સંસ્થાકીય જોડાણો મજબૂત બનાવવામાં આવશે.

### ભારત-યુરોપિયન સંઘ વિજ્ઞાન અને તકનીકી સહયોગ વિશે :-


- ભારત – યુરોપિયન સંઘ વિજ્ઞાન અને તકનીકી સંચાલન સમિતિની વાર્ષિક બેઠક બંને દેશો વચ્ચે સ્થાપિત વૈજ્ઞાનિક સહયોગની સમીક્ષા કરવા માટે યોજવામાં આવે છે.
- પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય (MoES) અને યુરોપિયન કમિશન એ આબોહવા પરિવર્તન અને ધ્રુવીય સંશોધન સંબંધિત યુરોપિયન સંશોધન અને નવીનતા ફ્રેમવર્ક પ્રોગ્રામ 'હોઈઝન 2020' હેઠળ પસંદ કરેલા સંયુક્ત સંશોધન પ્રોજેક્ટને ટેકો આપવા માટે સહ–ભંડોળ તંત્રની સ્થાપના કરી છે
- ભારતીય અવકાશ સંશોધન સંસ્થા 1970ના દાયકાથી યુરોપિયન યુનિયન સાથે સહયોગ કરી રહ્યું છે.
- ઈસરો અને યુરોપિયન સ્પેસ એજન્સી પૃથ્વી નિરીક્ષણમાં સહયોગ વધારવા સાથે મળીને કામ કરી રહ્યા છે. તેમાં વર્ષ 2018માં સહી થયેલ કોપરનિકસ પ્રોગ્રામનો પણ સમાવેશ થાય છે.
- કોપરનિકસ એ યુરોપિયન યુનિયનનો પૃથ્વી નિરીક્ષણ કાર્યક્રમ છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

icerajkot

# CURRENT AFFAIRS

Click to Play




Continue...

YouTube

SUBSCRIBE

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઓકસફોર્ડ યુનિવર્સિટી દ્વારા COVID-19 માટે વિકસિત રસી

- ➢ તાજેતરમાં ઓકસફોર્ડ યુનિવર્સિટી તથા એક બ્રિટિશ–સ્વીડિશ કંપની "એસ્ટ્રાજેનેકા" દ્વારા સંયુકત રૂપથી COVID-19 મહામારી માટે "CHAdox1" રસી વિકસિત કરવામાં આવેલ છે.
- ➢ આ રસી એ પ્રારંભિક નૈદાનિક પરીક્ષણોમાં સુરક્ષિત તથા પ્રતિરક્ષા પ્રતિક્રિયા વધારતા પરિણામો આપ્યા છે.
- ➢ આ રસી "નોન–રેપ્લિકેટિંગ વાયરલ વેકટર રસી" શ્રેણીથી સંબંધિત છે.
- ➢ આ રસીને આનુવંશિક રૂપથી ડિઝાઈન કરવામાં આવેલ વાયરસથી નિર્મિત કરવામાં આવેલ છે, આ વાયરસના ચેપથી ચિન્માન્ઝીમાં શરદી–તાવ થઈ જાય છે.
- ➢ વૈજ્ઞાનિકો દ્વારા આ રસીમાં કોરોના વાયરસના "સ્પાઈક પ્રોટીન"ના આનુવંશિક નિર્દેશોને સ્થાનાંતરિત કરી દીધા હતા, આ સ્પાઈક પ્રોટીન માનવ કોશિકાઓને નષ્ટ કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવે છે.

### ChAdoI રસી કઈ રીતે કાર્ય કરે છે ?

- ➢ આનુવંશિક રીતે સંશોધિત વાયરસનું નામ "એડેનોવાયરસ" છે, જે મનુષ્યમાં પોતાની પ્રતિકૃતિ/નકલ બનાવી શકતુ નથી. આ એડેનોવાયરસ માનવ કોષોમાં પ્રવેશ કરીને માત્ર સ્પાઈક પ્રોટીનનો આનુવંશિક કોડ પ્રસારિત કરે છે.
- ➢ માનવ શરીરની રોગપ્રતિકારક શકિત "સ્પાઈક પ્રોટીનને" હાનિકારક બાહય પદાર્થ માને છે, અને તેનો પ્રતિકાર કરવા માટે એનિટબોડીઝ બનાવવાનું શરૂ કરે છે.
- ➢ રોગપ્રતિકારક ક્ષમતા વિકસિત થઈ જવા પર જ્યારે કોરોના વાયરસ એ ચેપ કરવાનો પ્રયાસ કરશે ત્યારે એન્ટિબોડીઝ તેના પર આક્રમણ કરી તેને નષ્ટ કરી દેશે.
- ➢ સ્પાઈક પ્રોટીન શું છે ?
- ➢ કોઈ વ્યકિત COVID-19 વાયરસથી ચેપી થાય છે ત્યારે તે શરીરમાં સરળતાથી ફેલાય છે, તેના કારણે વાયરસની ઉપરી સપાટી પર "સ્પાઈકસ" (તીક્ષ્ણ ખીલ્લી) હોય છે. આવી રચનાને "સ્પાઈક પ્રોટીન" કહેવામાં આવે છે અને તે વાયરસને કોશિકામાં પ્રવેશ કરવા અને "ગુણાંક"માં વધારવામાં સક્ષમ બનાવે છે.

■ **રસીના પ્રકારો :**

- ➢ અલગ–અલગ પ્રક્રિયા, સ્વરૂપો અને કાર્યોના આધારે રસીના પ્રકારો નીચે મુજબના જોવા મળે છે.

| રસીનો પ્રકાર | માહિતી |
|---|---|
| નિષ્ક્રિય (Inactivated) | આ પ્રકારની રસીમાં નષ્ટ કરવામાં આવેલ COVID-19 વાયરસના કણોનો ઉપયોગ કરી રસી બનાવવામાં આવે છે. આ કણોનો એક વિશેષ ડોઝ દર્દીને આપવામાં આવે છે, તેનાથી શરીરમાં મૃત વાયરસથી લડવા માટે એન્ટિબોડીનું નિર્માણ થાય છે અને રોગપ્રતિકારક શકિતમાં વધારો થાય છે. |
| નોન–રેપ્લિકેટિંગ વાયરલ વેકટર રસી | તેના અંતર્ગત COVID-19 સ્પાઈક પ્રોટીનને કોષોમાં પ્રસારિત કરવા આનુવંશિક રીતે બદલાયેલ અન્ય પ્રકારના વાયરસનો ઉપયોગ થાય છે. |
| પ્રોટીન સબયુનિટ | આ રસીમાં એક લક્ષિત રીતે રોગપ્રતિકારક ક્ષમતા વિકસિત કરવા વાયરસના એક ભાગનો ઉપયોગ કરવામાં આવે છે. આ પ્રક્રિયામાં વાયરસના "સ્પાઈક પ્રોટીન"ના ભાગને લક્ષિત કરવામાં આવે છે |
| RNA | આ રસીમાં સંદેશવાહક RNA (mRNA) અણુઓનો ઉપયોગ કરવામાં આવે છે. તે કોશિકાઓમાં વિશિષ્ટ પ્રોટીનનું નિર્માણ કરવાનો નિર્દેશ આપે છે. COVID-19 બાબતે mRNAને "સ્પાઈક પ્રોટીન" નિર્મિત કરવાનો નિર્દેશ આપવા કોડ કરવામાં આવે છે. |


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

| | |
|---|---|
| DNA | આ રસી આનુવંશિક રીતે સુધારેલા DNA અણુનો ઉપયોગ કરે છે. આ સુધારેલ DNAને અણુઓ સામે રોગપ્રતિકારક ક્ષમતા વિકસિત કરવા પુનઃ એન્ટિજનથી કોડ કરવામાં આવે છે. |

## દિલ્હીમાં સીરો સર્વે

- તાજેતરમાં 'નેશનલ સેન્ટર ફોર ડિઝિસ કંટ્રોલ' (NCDC) એ નવી દિલ્હીમાં COVID-19 માટે એક સીરો સર્વેના અભ્યાસનું આયોજન કર્યું હતું.
- તેના અંતર્ગત પ્રયોગશાળાના માપદંડો અનુસાર 21,387 નમૂના એકત્રિત કરવામાં આવ્યા હતા અને ત્યારબાદ તેનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ પરીક્ષણોથી સામાન્ય નાગરિકોમાં એન્ટિબોડીની ઉપસ્થિતિની ઓળખ કરવામાં મદદ મળશે.

### સીરો સર્વેક્ષણના પરિણામો

- સર્વેક્ષણમાં સમાવિષ્ટ 23.48% લોકોના શરીરમાં કોરોના વાયરસની વિરુદ્ધ એન્ટિબોડી વિકસિત કરી લીધા છે જેઓ COVID-19 ના સંપર્કમાં આવ્યા હતા.
- સરેરાશ પૂર દિલ્હીમાં IgG એન્ટિબોડીની ઉપસ્થિતિ લગભગ 23.48% વસતીમાં જોવા મળી હતી.
- IgG (ઈમ્યુનોગ્લોબુલિન G) એક પ્રકારનું એન્ટિબોડી છે જે ચેપ થવાના લગભગ 2 અઠવાડિયામાં COVID-19 રોગીઓમાં વિકસિત થાય છે અને ઠીક થયા પછી તેમના લોહીમાં ઉપસ્થિત રહે છે.

### Back to basics : સીરો સર્વે શું છે ?

- સીરો સર્વેમાં વ્યકિતઓમાં વાયરસના વિરુદ્ધની રોગ પ્રતિકારક કરતા વિશિષ્ટ એન્ટિબોડીની ઉપસ્થિતિ વિશે જાણકારી મેળવવામાં આવે છે અને તેમનામાં બીમારીની વ્યાપકતાની આકરણી કરવામાં આવે છે.
- સર્વેમાં IgG એલિસા ટેસ્ટ (Enzyme-Linked Immunosorbent Assay-ELISA)નો ઉપયોગ કરવામાં આવે છે.
- IgG એલિસા ટેસ્ટથી COVID-19ના ચેપમાં આવેલી વસતીના ગુણોત્તરનો અંદાજ લગાવી શકાય છે.
- IgG એલિસા ટેસ્ટ વિશુદ્ધ રૂપથી તીવ્ર ચેપ વિશે માહિતી મેળવવા ઉપયોગી હોતો નથી,પરંતુ ભૂતકાળમાં થયેલા ચેપના તબક્કાઓ વિશે સંકેતન આપે છે.

## કાકરાપાર પરમાણુ ઊર્જા પ્રોજેક્ટ

- તાજેતરમાં ગુજરાતના કાકરાપાર પરમાણુ ઊર્જા પ્રોજેક્ટથી જોડાયેલા વૈજ્ઞાનિકો એ પ્લાનટના ત્રીજા એકમમાં પ્રથમ વખત ક્રિટીકાલિટી (Criticality) પ્રાપ્ત કરી છે.
- કાકરાપાર પરમાણુ ઊર્જા પ્લાનટ એ ગુજરાતના તાપી જિલ્લામાં સ્થિત છે.
- આ પ્લાન્ટના પ્રથમ બે એકમો કેનેડિયન તકનિક પર આધારિત છે જ્યારે ત્રીજુ એકમ એ સંપૂર્ણ રીતે સ્વદેશી તકનિક પર આધારિત છે.
- આ પ્લાન્ટમાં 220 મેગાવોટના પ્રથમ "પ્રેશરાઈઝ હેવી વોટર રિએક્ટર"નું નિર્માણ 6 મે, 1993ના રોજ અને 220 મેગાવોટના બીજા પ્લાન્ટનું નિર્માણ 1 સપ્ટેમ્બર, 1995ના રોજ કરવામાં આવ્યું હતું.
- પરમાણુ ઊર્જા પ્લાન્ટમાં ક્રિટિકાલિટીનો ઉદ્દેશ્ય એ પ્લાન્ટમાં પ્રથમ વખત નિયંત્રિત આત્મનિર્ભર પરમાણુ વિખંડન (Controlled Self-Sustaining Nuclear Fission) શ્રેણીની શરૂઆત સાથે છે.
- રિએક્ટરની સામાન્ય ઓપરેટિંગ સ્થિતિ, જેમાં પરમાણુ ઈંધણ વિઘટન શ્રેણીની પ્રતિક્રિયાને ટકાવી રાખે છે. જ્યારે પ્રત્યેક વિચ્છેદન (Fision) ઘટના પ્રતિક્રિયાની સતત શ્રેણીને ટકાવી રાખવા પૂરતા પ્રમાણમાં ન્યૂટ્રોન છૂટા કરે છે ત્યારે રિએક્ટરને ક્રિટિકાલિટી પ્રાપ્ત થાય છે.

### કાકરાપાર પરમાણુ ઊર્જા પ્રોજેક્ટના ત્રીજા એકમ વિશે

- પ્લાન્ટનું ત્રીજુ એકમ એ ભારતનો પ્રથમ 700 મેગાવોટ વિદ્યુત એકમ હોવાની સાથે સ્વદેશી તકનિકથી વિકસિત પ્રેશરાઈઝ હેવી વોટર રિએક્ટર (PHWR)નો સૌથી મોટો એકમ છે.
- PHWRમાં પ્રાકૃતિક યુરેનિયમનો ઈંધણ તરીકે અને ભારે જળનો શીતકના રૂપમાં ઉપયોગ થાય છે.
- હજી સુધી ભારતમાં સ્વદેશી તકનિકથી વિકસિત PHWRનું મોટું એકમ માત્ર 540 મેગાવોટનું હતુ. આવા બે પ્રકારના એકમો મહારાષ્ટ્રના તારાપુર પ્લાન્ટમાં સ્થાપિત છે.

### ભારતમાં પરમાણુ ઊર્જા

- વર્તમાનમાં ભારતની કુલ ઊર્જા ઉત્પાદન ક્ષમતામાં પરમાણુ ઊર્જાનું યોગદાન લગભગ 2% જ છે.
- ભારત સરકાર દ્વારા વર્ષ 2031 સુધીમાં પોતાની હાલની પરમાણુ ઊર્જા ક્ષમતાને 6780 મેગાવોટથી વધારીને 22,480 મેગાવોટ કરવાની તૈયારી કરવામાં આવી રહી છે.
- વર્તમાનમાં દેશમાં "4700 મેગાવોટ" ક્ષમતાના પરમાણુ પ્લાન્ટ પર કામ કરવામાં આવી રહયું છે જેમાંથી બે એકમો કાકરાપારમાં અને એક રાવતાભાટા (રાજસ્થાન)માં સ્થિત છે.
- કાકરાપારના ત્રીજા એકમનું નિર્માણ એ "ન્યૂકિલયર પાવર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ" દ્વારા કરવામાં આવ્યું છે.

## ડિજિટલ જવાબદેહી અને પારદર્શિતા અધિનિયમ

- તાજેતરમાં "નિયંત્રક અને મહાલેખા પરીક્ષક" (Comptroller and Auditor General-CAG) એ "ડિજિટલ જવાબદેહી અને પારદર્શિતા અધિનિયમ" (Digital Accountability and Transparency Act-DATA) નામના એક પ્રસ્તાવિત કાયદા અંતર્ગત કેન્દ્ર સરકાર માટે અનિવાર્ય ડિજિટલ ચૂકવણી, એકાઉન્ટિંગ અને લેવડ–દેવડ હેતુ ડિજિટલીકરણના માધ્યમથી ત્રણ ચરણના ટ્રાંઝિશનની ભલામણ કરી છે.

### ત્રણ ચરણના ટ્રાંઝિશનની ભાલમણો

| ત્રણ ચરણના ટ્રાંઝિશન | સંબંધિત માહિતી |
|---|---|
| 1) 100% એન્ટ–ટુ–એન્ડ ડેટા કેપ્ચર | ➢ ડિજિટલીકરણ માટે 100% એન્ટ–ટૂ–એન્ડ ઈલેક્ટ્રોનિક ડેટા કેપ્ચર અર્થાત્ ડેટાની શરૂઆતથી લઈને અંત સુધી ઈલેક્ટ્રિક પહોંચ આવશ્યક છે. ➢ તેના અંતર્ગત બધી રસીદો અને ખર્ચની લેવડ–દેવડનો સમાવેશ થાય છે. |
| 2) બધી સરકારી સંસ્થાઓમાં ડેટા ગવર્નન્સ માટે નિર્ધારિત માપદંડો જરૂરી | ➢ ડેટા માપદંડોના અર્થ છે કે ડેટાના ઘટકોના વર્ણન અને રેકોર્ડિંગ કરવાના નિયમ જે ડેટાનું એકીકરણ અને વહેંચણી માટે જરૂરી છે. |
| 3) તકનિકી માળખાકીય સુવિધા | ➢ તેના અંતર્ગત મજબૂત સુરક્ષાની સાથે ગોપનીયતાને સુનિશ્ચિત કરતા બધી ઈન્ફોર્મેશન એન્ડ ટેક્નોલોજી પ્રણાલીઓને એક નિર્ધારિત માળખાને અનુરૂપ વિકસિત કરવી જોઈએ. |

## COVDI-19 રસી અને માનવ પરીક્ષણ

- COVID-19ના નિદાન માટે ઉપયોગમાં લેવામાં આવતી દવાઓ અને સરી એ વૈશ્વિક સ્તર પર શોધનો વિષય બન્યો છે.
- રસીની શોધ વખતે "માનવ પરીક્ષણ" (Human Trials) નામ વારંવાર ચર્ચામાં રહેતુ હોય છે.
- વૈશ્વિક સ્તર પર હાલમાં 18 રસીઓ "માનવ પરીક્ષણ"ના વિવિધ ચરણોમાં છે, જેમાં ભારતની પણ 2 રસીઓનો સમાવેશ થાય છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- રસીને વિકસિત કરવાના ચરણોમાં માનવ પરીક્ષણ એ અંતિમ ચરણ હોય છે. અને માનવ પરીક્ષણના ચરણ અંતર્ગત પણ પેટા–ચરણો હોય છે. આથી આ તબક્કામાં સફળતાપૂર્વક ઈચ્છિત પરિણામો મેળવવામાં ઘણો લાંબો સમય લાગે છે.

## માનવ પરીક્ષણ એટલે શું ?

- માનવ પરીક્ષણ અંતર્ગત દવા કે રસીનો મનુષ્યો પર પ્રયોગ કરવામાં આવે છે.
- રસી કે દવાનું માનવ પરીક્ષણ કરતી વખતે નીચેની બાબતોને ધ્યાનમાં રાખવામાં આવે છે.

  (i) શું દવા કે રસી ઉપયોગ માટે સુરક્ષિત છે ?

  (ii) શું દવા કે રસી એ જ કાર્ય કરવામાં સક્ષમ છે જેના માટે તેનું પરીક્ષણ કરવામાં આવી રહ્યું છે અર્થાત શું રસી એ રોગજનકના વિરુદ્ધ રોગપ્રતિકારક ક્ષમતા વિકસિત કરવામાં સક્ષમ છે.
- કોઈ રસી કે દવા એ મનુષ્યોના શરીર પર કયાં પ્રકારે કાર્ય કરશે તે બાબત ફકત માનવ પરીક્ષણ દ્વારા જ જાણી શકાય છે.
- માનવ પરીક્ષણથી પ્રાપ્ત સકારાત્મક અને નકારાત્મક પરિણામોના આધાર પર જ શોધકર્તાઓ દ્વારા પોતાના કાર્યની પ્રગતિને આગળ નિર્ધારિત કરવામાં આવે છે.

## રસીના માનવ પરીક્ષણ પહેલાના ચરણો

- રસીનો મનુષ્ય પર ઉપયોગ કરતા પહેલા તેમાં ઉપયોગમાં લેવામાં આવતા સંયોજનોની પ્રયોગશાળામાં તપાસ કરવામાં આવે છે અને પ્રાણીઓ પર તેનું પરીક્ષણ કરવામાં આવે છે. આ ચરણને પૂર્વ–નૈદાનિક ચરણ તરીકે ઓળખવામાં આવે છે.
- પૂર્વ–નૈદાનિક ચરણનો મુખ્ય ઉદ્દેશ્ય રસીએ માનવ પરીક્ષણની દષ્ટિએ સુરક્ષિત છે કે નહી તેની તપાસ કરવાનો છે.
- જે પૂર્વ–નૈદાનિક ચરણોમાં સકારાત્મક પરિણામો પ્રાપ્ત થાય છે તો માનવ–પરીક્ષણ માટે નિયામકીય સંસ્થા પાસેથી મંજૂરી લેવામાં આવે છે.

## માનવ પરીક્ષણમાં કયા વ્યકિતઓનો સમાવેશ કરવામાં આવે છે ?

- જો COVID-19ના સંદર્ભે તપાસી એ તો માનવ–પરીક્ષણમાં એવા લોકોનો સમાવેશ કરવામાં આવતો નથી જેઓ COVID-19થી ચેપી હતા અથવા હાલમાં ચેપી છે. કારણ કે તે બંને કિસ્સામાં વ્યકિત દ્વારા વાયરસ પ્રતિ રોગપ્રતિકારક ક્ષમતા વિકસિત થવાને કારણે રસીની અસરકારતાને સાચી રીતે ઓળખી શકાતી નથી.
- પરંતુ જો અન્ય કોઈ રોગની (કેન્સર) વાત કરીએ તો તેના માનવ પરીક્ષણ અંતર્ગત એવી વ્યકિતને શામેલ કરવામાં આવે છે જે કેન્સરથી પીડિત છે.
- માનવ પરીક્ષણ માટે જે વ્યકિતની પસંદગી કરવામાં આવે તેમને બધા જોખમોની માહિતી આપવામાં આવે છે અને ત્યારબાદ વ્યકિતએ પરીક્ષણમાં શામેલ થવા માટે પોતાની સહમતિ આપવી પડે છે.
- માનવ પરીક્ષણ દરમિયાન વ્યકિતએ નિશ્ચિત માપદંડોનું પાલન કરવાનું હોય છે જેમકે અમુક ખાદ્ય પાદાર્થો કે દવાનું સેવન અને ગર્ભ ન ધારણ કરવાના માપદંડો નિર્ધારિત કરવામાં આવે છે.

## માનવ પરીક્ષણના વિવિધ ચરણો

- **ચરણ 1 :**

  પ્રથમ ચરણ અંતર્ગત શોધકર્તાઓ દ્વારા એ બાબતની જાણકારી મેળવવાનો પ્રયાસ કરવામાં આવે છે કે શું રસી એ મનુષ્ય માટે સુરક્ષિત છે કે નહી ? શું માનવ શરીર તેને સહન કરવા માટે સક્ષમ છે કે નહી ?
- **ચરણ 2 :**

  આ ચરણમાં એ વાત પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે કે રસી એ રોગપ્રતિકારક શકિતની ક્રિયાને ઈચ્છિત સ્તર પર ઉત્પન્ન કરવા માટે કેટલી પ્રભાવી છે ?
- **ચરણ 3 :**

  આ ચરણમાં શોધકર્તા દ્વારા ત્રીજા ચરણથી પ્રાપ્ત પરિણામોની પુષ્ટિ કરવામાં આવે છે.

- આ ચરણ એ માનવ પરીક્ષણનું અંતિમ ચરણ છે આથી તેમાં રસીની અસરકારકતા અને સુરક્ષા માટે ત્રણ વખત તપાસ કરવામાં આવે છે.
- આ 3 ચરણો પૂરા કર્યા પછી રસીને બજારમાં ઉપયોગ કરવા માટે મંજૂરી લેવા પ્રસ્તુત કરવામાં આવે છે.
- જાહેર ઉપયોગ માટે રસી સ્વીકૃત થયા પછી નૈદાનિક સંશોધન માટેનુ એક અન્ય ચરણ હોય છે જે માનવ પરીક્ષણનું ચોથુ ચરણ છે.

### ભારતમાં માનવ પરીક્ષણ માટે મંજૂરી આપતી સંસ્થા

- ભારતમાં માનવ પરીક્ષણોનું નિરીક્ષણ કરતી સંસ્થા એ "સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન" (CDSO) છે જે સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય અંતર્ગત કાર્ય કરે છે.
- માનવ પરીક્ષણ માટે મંજૂરી આપતી સંસ્થા ડ્રગ્સ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા છે જે CDSO અંતર્ગત કાર્ય કરે છે.
- ભારતમાં પ્રત્યેક માનવ પરીક્ષણનું નિરક્ષણ કરવા માટે એક "નૈતિક સમિતિ"નું ગઠન કરવામાં આવે છે.
- નૈતિક સમિતિનું ગઠન ચિકિત્સા સંસ્થા અર્થાત્ ચિકિત્સક કોલેજ કે હોસ્પિટલના સ્તર પર કરવામાં આવે છે.
- ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR) અનુસાર, નૈતિક સમિતિ એ સંસ્થાકીય સ્તર પર માનવ પરીક્ષણને શરૂ કરવા મંજૂરી આપે છે અને એ બાબતને સુનિશ્ચિત કરે છે કે માનવ પરીક્ષણ એ ઉચિત વૈજ્ઞાનિક–આંકડાકીય અભ્યાસો પર આધારિત છે જે નૈતિકતાના ઉચ્ચ માપદંડોનું પાલન કરે છે.

## રાફેલ લડાકુ વિમાન

- તાજેતરમાં 7000 કિમીનું અંતર કાપી 5 રાફેલ લડાકુ વિમાન એ ફ્રાંસથી હરિયાણાના અંબાલા એર બેસ પર પહોંચ્યા હતા.
- આ 5 રાફેલ લડાકુ વિમાનોને ભારતીય વાયુ સેનાના નંબર 17 "ગોલ્ડન એરો સ્કવાડ્રન"માં શામેલ કરવામાં આવશે.
- 90ના દશકના અંતરમાં રશિયાથી સુખોઈ-30 પછી ભારતીય વાયુ સેનામાં શામેલ થનાર આ પ્રથમ આયાત કરવામાં આવેલ વિમાન છે.
- વર્ષ 2016માં ભારત સરકારે 36 રાફેલ લડાકુ વિમાનોની ખરીદી માટે ફ્રાન્સ સાથે એક આંતર–સરકારી કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.
- આ સાથે જ બધા જ 36 રાફેલ વિમાનો વર્ષ 2021 સુધીમાં ભારતને આપવામાં આવશે.
- આંતર–સરકારી કરારમાં એ પણ નક્કી કરવામાં આવ્યું છે કે રાફેલ બનાવતી ફ્રાંસની ડસોલ્ટ એવિએશન કંપની ભારતીય વાયુ સેનાના પાયલટ અને સહાયક લોકોને વિમાન અને હથિયાર પ્રણાલીઓ પર સંપૂર્ણ તાલીમ આપશે.

### રાફેલ લડાકુ વિમાનની વિશેષતાઓ

- તે ડબલ એન્જિન ધરાવતુ મલ્ટીરોલ લડાકુ વિમાન છે. તે એક 4.5 જનરેશન ધરાવતુ લડાકુ વિમાન છે.
- રાફેલ લડાકુ વિમાનમાં રહેલ મીટીઓર મિસાઈલ, SCALP ક્રુઝ મિસાઈલ અને MICA મિસાઈલ પ્રણાલી એ સુરક્ષાની દષ્ટિથી મહત્ત્વપૂર્ણ છે.
- મીટીઓર મિસાઈલ એ હવાથી હવામાં માર કરતી મિસાઈલ છે. અને 150 કિમી દૂરથી દુશ્મનના વિમાનને નિશાનો બનાવી શકે છે.
- SCALP ક્રુઝ મિસાઈલ હવાથી જમીન પર હુમલો કરતી મિસાઈલ છે જે 300 કિમી દૂરથી નિશાનો લગાવી શકે છે.
- MICA મિસાઈલ પ્રણાલી હવાથી હવામાં માર કરતી મિસાઈલ છે જેનાથી 100 કિમીના અંતર સુધી ફાયર કરી શકાય છે.
- રાફેલ લડાકુ વિમાનની રેન્જ એ 3700 કિમી છે. જો કે આ રેન્જને મિડ–એર–રિફ્યુલિંગની સાથે વધારી શકાય છે.
- વિમાનએ 15.27 મીટર લાંબુ છે અને એક વખતમાં 9500 કિગ્રા બમ અને અન્ય શસ્ત્રો લઈ જઈ શકે છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## નાણાકીય સ્થિરતા અહેવાલ
## (Financial Stability Report)

- તાજેતરમાં રિઝર્વ બૅંક ઓફ ઈન્ડિયા (RBI) દ્વારા નાણાકીય સ્થિરતા રિપોર્ટની 21મી આવૃત્તિ જાહેર કરવામાં આવી હતી.

### નાણાકીય સ્થિરતા રિપોર્ટની મુખ્ય બાબતો

- રિપોર્ટ અંતર્ગત COVID-19 મહામારીના કારણે બિન–કાર્યરત અસ્કયામતો (Non-Performing Assets-NPA)માં વધારો થવાની સંભાવના જણાવવામાં આવી છે.
- રિપોર્ટ જાહેર કરતા RBI એ ચેતવણી આપી હતી કે RBI દ્વારા ક્રેડિટ જોખમના આધાર પર કરવામાં આવેલ પરીક્ષણોથી સંકેત મળે છે કે બધી અનુસૂચિત વાણિજ્ય બૅંકોના કુલ NPAનો ગુણોત્તર હાલની પરિસ્થિતિને અંતર્ગત માર્ચ 2020માં 8.5%તી વધીને વર્ષ 2021 સુધી 12.5% હોય શકે છે.
- નાણાકીય વર્ષ 2019-20ના પ્રથમ 6 મહિના દરમિયાન બૅંક ધિરાણ એ નબળું રહયું હતુ અને માર્ચ–2020 સુધી તે 5.9% જેટલું ઘટી ગયું હતું.
- રિપોર્ટ મુજબ અસેટ મેનેજમેન્ટ કંપની અને મ્યુચ્યુઅલ ફંડ એ નાણાકીય પ્રણાલીમાં સૌથી વધારે ફંડ/ધિરાણ આપનાર રહયા છે જેના પછી વીમા કંપનીઓનું સ્થાન આવે છે. આ ઉપરાંત નોન–બેન્કિંગ ફાયનાન્સિયલ કંપની (NBFC) એ નાણાકીય પ્રણાલીમાં સૌથી વધારે ઉધાર પ્રાપ્ત કરેલ છે.

### નાણાકીય પ્રણાલી પર COVID-19નો પ્રભાવ

- રિપોર્ટ મુજબ COVID-19 મહામારી અને દેશવ્યાપી લોકડાઉનને કારણે બૅંકોના ધિરાણમાં ઘટાડો જોવા મળ્યો હતો અને લાખો લોકો બેરોજગાર થઈ ગયા છે.
- રિપોર્ટ અનુસાર COVID-19ની સરખામણીમાં એક અભૂતપૂર્વ સ્તર પર રાજકોષીય નાણાકીય અને નિયમનકારી હસ્તક્ષેપોના સંયોજનથી નાણાકીય બજારોના કામકાજને સુનિશ્ચિત કરવામાં આવેલ છે.
- નાણાકીય વર્ષ 2020-21 માં કેન્દ્ર સરકારની આવક (નાણા)માં ઘટાડો થઈ શકે છે, કારણ કે COVID-19 મહામારીથી સંબંધિત ખર્ચના કારણે સરકારની આવક પ્રભાવિત થઈ છે.

### Back to basics : નાણાકીય સ્થિરતા રિપોર્ટ વિશે

- નાણાકીય સ્થિરતા રિપોર્ટ એ RBI દ્વારા પ્રકાશિત કરવામાં આવતો અર્ધ–વાર્ષિક રિપોર્ટ છે જે ભારતની નાણાકીય પ્રણાલીની વિસ્થરતાનું સમગ્ર મૂલ્યાંકન પ્રસ્તુત કરે છે.
- તેના અંતર્ગત નાણાકીય ક્ષેત્રના વિકાસ અને નિયમન સંબંધિત મુદ્દાઓ પર પણ ચર્ચા કરવામાં આવે છે.

## રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020

- તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા "રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020"ને આપવામાં આવી છે.
- આ નવી શિક્ષણ નીતિએ 34 વર્ષ જૂની "રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-1986"નું સ્થાન લેશે.
- "રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020"માં શિક્ષણની પહોંચ, સમાનતા, ગુણવત્તા, પોષાય તેવુ શિક્ષણ અને ઉત્તરદાયિત્વ જેવા મુદ્દાઓ પર ખાસ ધ્યાન આપવામાં આવેલ છે.
- નવી શિક્ષણ નીતિના નિર્માણ માટે જૂન 2017માં ડો. કે. કસ્તૂરીરંગનની અધ્યક્ષતામાં એક સમિતિનું ગઠન કરવામાં આવ્યું હતું. આ સમિતિ દ્વારા વર્ષ 2019માં નવી શિક્ષણ નીતિનો ડ્રાફ્ટ રજૂ કરવામાં આવ્યો હતો.
- રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, 2020 એ વર્ષ 1968 અને 1986 પછી સ્વતંત્ર ભારતની ત્રીજી શિક્ષા નીતિ છે.
- રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020 (National Education Policy-NEP, 2020) અંતર્ગત કેન્દ્ર અને રાજ્ય સરકારના સહયોગથી શિક્ષા ક્ષેત્ર પર દેશના GDPના 6% ખર્ચ કરવાનો લક્ષ્ય રાખવામાં આવ્યો છે.
- NEP-2020 વર્તમાનમાં સક્રિય 10+2ના શિક્ષણ મોડેલના સ્થાન પર 5+3+3+4 પ્રણાલીના આધાર પર વિભાજીત કરવાની વાત કહેવામાં આવી છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- NEP-2020 અંતર્ગત તકનિકી શિક્ષા, ભાષાકીય અવરોધો દૂર કરવા, દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે શિક્ષા સુગમ બનાવવા અને તકનિકી પ્રયોગને પ્રોત્સાહન આપવા પર જોર કરવામાં આવ્યું છે.
- NEP-2020માં વિદ્યાર્થીઓમાં રચનાત્મક વિચાર, તાર્કિક નિર્ણય અને નવાચારની ભાવનાને પ્રોત્સાહિત કરવા પર જોર આપવામાં આવેલ છે.

## રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020ની મુખ્ય બાબતો

**(A) પ્રારંભિક શિક્ષણ :**

- 3-8 વર્ષના બાળકો માટે શૈક્ષણિક અભ્યાસક્રમનું મુખ્ય બે ભાગમાં વિભાજન કરવામાં આવ્યું છે.

**(i) 3-6 વર્ષની ઉંમરના બાળકો :**

- 3-6વર્ષનીઉંમરનાબાળકોમાટેઆંગનવાડી/બાલવાટિકા/પ્રી–સ્કૂલના માધ્યમથી મફત, સુરક્ષિત અને ગુણવત્તાયુક્ત “પ્રારંભિક બાલ્યાવસ્થા દેખભાળ અને શિક્ષા” (Early Childhood Care and Education-ECCE)ની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવી.

**(ii) 6-8 વર્ષની ઉંમરના બાળકો :** તેમને પ્રારંભિક શાળાઓમાં ધોરણ-1 અને 2માં શિક્ષા આપવામાં આવશે.

- પ્રારંભિક શિક્ષાને બહુસ્તરીય રમત અને પ્રવૃત્તિઓ આધારિત બનાવવાની પ્રાથમિકતા આપવામાં આવશે.
- ECCEથી જોડાયેલી યોજનાઓનું નિર્માણ અને અમલીકરણ એ કેન્દ્રીય માનવ સંસાધન વિકાસ મંત્રાલય, મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય અને જનજાતીય કાર્ય મંત્રાલયના સહયોગથી કરવામાં આવશે.

**(B) મૂળભૂત સાક્ષરતા અને આંકડાકીય જ્ઞાન પર એક રાષ્ટ્રીય મિશન :**

- NEP-2020માં “મૂળભૂત સાક્ષરતા અને આંકાડકીય જ્ઞાન પર એક રાષ્ટ્રીય મિશન”ની સ્થાપનાની માંગ કરવામાં આવી છે.
- રાજ્ય સરકારો દ્વારા વર્ષ 2025 સુધી પ્રાથમિક વિદ્યાલયોમાં ધોરણ-3 સુધી બધા બાળકોમાં મૂળભૂત સાક્ષરતા અને આંકડાકીય જ્ઞાન પ્રાપ્ત કરવા હેતુ આ મિશનના અમલીકરણની યોજના તૈયાર કરવામાં આવશે.

**(C) ભાષાની વિવિધતાને પ્રોત્સાહન અને સંરક્ષણ :**

- NEP-2020માં ધોરણ 5 સુધી શિક્ષામાં માતૃભાષા/સ્થાનીય કે ક્ષેત્રીય ભાષાને અભ્યાસના માધ્યમના રૂપમાં અપનાવવા પર જોર આપવામાં આવેલ છે, આ સાથે જ માતૃભાષાને ધોરણ 8 અને આગળની શિક્ષા માટે પ્રાથમિકતા આપવાની ભલામણ કરવામાં આવી છે.
- શાળાના અને ઉચ્ચ શિક્ષામાં છાત્રો માટે સંસ્કૃત અને અન્ય પ્રાચીન ભારતીય ભાષાઓનો વિકલ્પ ઉપલબ્ધ હશે, પરંતુ કોઈપણ વિદ્યાર્થી પર ભાષાની પસંદગીની કોઈ બાધ્યતા નહી હોય.
- જે વિદ્યાર્થીઓ સાંભળી શકતા નથી તેમના માટે રાષ્ટ્રીય અને રાજ્ય સ્તર પર અભ્યાસક્રમની સામગ્રી વિકસિત કરવામાં આવશે તથા “ભારતીય સંકેતન ભાષા”ને પૂરા દેશમાં પ્રમાણિત કરવામાં આવશે.
- ભારતીય ભાષાઓના સંરક્ષણ અને વિકાસ માટે એક “ભારતીય અનુવાદ અને અર્થઘટન સંસ્થા”, “ફારસી, પાલી અને પ્રાકૃત માટે રાષ્ટ્રીય સંસ્થા” સ્થાપિત કરવાની સાથે ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં ભાષા વિભાગને મજબૂત બનાવવા અને ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં ભણાવવાના માધ્યમના રૂપમાં માતૃભાષા/સ્થાનીય ભાષાને પ્રોત્સાહન આપવા પર ભલામણ કરવામાં આવી છે.

**(D) અભ્યાસક્રમ અને મૂલ્યાંકન :**

- NEP-2020માં એક એવા અભ્યાસક્રમ અને શિક્ષણ પ્રણાલી પર વિકાસ કરવા પર બળ આપવામાં આવેલ છે જેના દ્વારા વિદ્યાર્થીઓ પરથી અભ્યાસક્રમનો ભાર ઓછો થાય અને 21મી સદીના કૌશલના વિકાસ, અનુભવ આધારિત શિક્ષણ અને તાર્કિક ચિંતનને પ્રોત્સાહિત કરવા પર વિશેષ ધ્યાન આપવું જોઈએ.
- કલા અને વિજ્ઞાન, વ્યાવસાયિક તથા શૈક્ષણિક વિષયો અને અભ્યાસક્રમ અને તેનાથી વિશેષ પ્રવૃત્તિઓ વચ્ચે બહુ અંતર નહીં હોય.
- ધોરણ-6થી જ અભ્યાસક્રમમાં વ્યાવસાયિક શિક્ષાનો સમાવેશ કરી દેવો જોઈએ અને ઈન્ટર્નશીપની વ્યવસ્થા પણ કરવી જોઈએ.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (NCERT) દ્વારા "સ્કૂલી શિક્ષા માટે રાષ્ટ્રીય અભ્યાસક્રમ રૂપરેખા" તૈયાર કરવામાં આવશે.
- NEP-2020માં વિદ્યાર્થીઓને શીખવાની પ્રગતિની વધુ સારી જાણકારી હેતુ નિયમિત અને રચનાત્મક આકલન પ્રણાલીને અપનાવવાનું સૂચન આપવામાં આવ્યું છે. સાથે જ તેમાં વિશ્લેષણ તથા તાર્કિક ક્ષમતા અને સૈદ્ધાંતિક સ્પષ્ટતાના આકલનને પ્રાથમિકતા આપવાનું સૂચન આપવામાં આવેલ છે.
- વિદ્યાર્થીઓ ધોરણ-3, 5 અને 8ના સ્તરે શાળાની પરીક્ષામાં ભાગ લેશે જે યોગ્ય ઓથોરિટી દ્વારા લેવામાં આવશે.
- વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસના લક્ષ્યને ધ્યાનમાં રાખીને ધોરણ-10 અને 12ની પરીક્ષાઓમાં ફેરફાર કરવામાં આવશે. તેમાં ભવિષ્યમાં સેમેસ્ટર કે MCQ વગેરે જેવા સુધારાઓનો સમાવેશ થઈ શકે છે.
- વિદ્યાર્થીઓની પ્રગતિના મૂલ્યાંકન માટે "પરખ" (PARAKH) નામે એક "રાષ્ટ્રીય મૂલ્યાંકન કેન્દ્ર'ની સ્થાપના કરવામાં આવશે.
- વિદ્યાર્થીઓની પ્રગતિના મૂલ્યાંકન તથા વિદ્યાર્થીઓને પોતાના ભવિષ્યથી જોડાયેલ નિર્ણય લેવામાં સહાયતા કરવા "કૃત્રિમ બુદ્ધિમત્તા" (Artificial Intelligence-AI) આધારિત સોફ્ટવેરનો ઉપયોગ થશે.

**(3) શિક્ષણ વ્યવસ્થામાં સુધારો :**

- શિક્ષકોની નિયુક્તિમાં પ્રભાવી અને પારદર્શી પ્રક્રિયાનું પાલન તથા સમય–સમય પર કરાયેલ કાર્ય–પ્રદર્શન આકલનના આધારે બઢતી.
- રાષ્ટ્રીય શિક્ષક શિક્ષા પરિષદ વર્ષ 2022 સુધીમાં "શિક્ષકો માટે રાષ્ટ્રીય વ્યાવસાયિક ધોરણો" (National Professional Standards for Teachers)નો વિકાસ કરશે.
- રાષ્ટ્રીય શિક્ષક શિક્ષા પરિષદ દ્વારા NCERTની ભલામણના આધાર પર "શિક્ષક શિક્ષા હેતુ રાષ્ટ્રીય અભ્યાસક્રમની રૂપરેખા"નો વિકાસ કરવામાં આવશે.
- વર્ષ 2030 સુધીમાં ટીચર માટે ન્યૂનત્તમ ડિગ્રી યોગ્યતા 4 વર્ષીય એકીકૃત બી.એડ ડિગ્રી હોવાનું અનિવાર્ય કરવામાં આવશે.

**(F) ઉચ્ચ શિક્ષા :**

- NEP-2020 અંતર્ગત ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં "કુલ નોંધણી ગુણોત્તર" (Gross Enrolment Ratio)ને વર્ષ 2018ના 26.3% થી વધારી 50% કરવાનો લક્ષ્ય રાખવામાં આવેલ છે. આ સાથે જ દેશની ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં 3.5 કરોડ નવી બેઠકો જોડવામાં આવશે.
- NEP-2020 માં સ્નાતક અભ્યાસક્રમમાં મહત્ત્વના સુધારાઓ કરવામાં આવ્યા છે. તેના અંતર્ગત 3 કે 4 વર્ષના સ્નાતક કાર્યક્રમમાં વિદ્યાર્થી અમુક સ્તરો પર અભ્યાસક્રમને છોડી શકશે અને તેમને તેના અનુરૂપ ડિગ્રી કે પ્રમાણપત્ર આપવામાં આવશે (દા.ત. 1 વર્ષ પછી સર્ટિફિકેટ, 2 વર્ષો પછી એડવાન્સ ડિપ્લોમાં, 3 વર્ષો પછી સ્નાતકની ડિગ્રી અને 4 વર્ષો પછી શોધ સાથે સ્નાતક)
- વિભિન્ન ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓથી પ્રાપ્ત અંક કે ક્રેડિટને ડિજિટલ રૂપથી સુરક્ષિત રાખવા માટે એક "એકેડમિક બેંક ઓફ ક્રેડિટ" આપવામાં આવશે. જેનાથી અલગ–અલગ સંસ્થાઓમાં વિદ્યાર્થીઓના પ્રદર્શનના આધાર પર તેમને ડિગ્રી આપવામાં આવશે.
- NEP-2020 અંતર્ગત એમ. ફીલ (M.Phil) કાર્યક્રમ સમાપત કરવામાં આવેલ છે.
- કોલેજોના જોડાણ 15 વર્ષમાં સમાપ્ત થશે અને તેમને ક્રમિક સ્વાયતત્તા આપવા માટે તબક્કાવાર સિસ્ટમની સ્થાપના કરવામાં આવશે.
- દેશમાં IIT અને IIMની સમકક્ષ વૈશ્વિક માપદંડોના "બહુવિષયક શિક્ષા અને સંશોધન યુનિવર્સિટી"ની સ્થાપના કરવામાં આવશે.
- ચિકિત્સા અને કાયદાની શિક્ષાને છોડી સમગ્ર ઉચ્ચ શિક્ષાના ક્ષેત્ર માટે એક સંસ્થાના રૂપમાં "ભારત ઉચ્ચ શિક્ષા આયોગ" (Higher Education Commission of India-HECI)નું ગઠન કરવામાં આવશે.
- HECIના કાર્યોને પ્રભાવી રીતે અમલ માટે ચાર સંસ્થાઓ નિર્ધારિત કરવામાં આવી છે.
  - (i) નિયમન માટે "રાષ્ટ્રીય ઉચ્ચત્તર શિક્ષા નિયામકીય પરિષદ"
  - (ii) ધોરણ/માપદંડોના નિર્ધારણ માટે "સામાન્ય શિક્ષા

પરિષદ''

(iii) નાણાકીય સહાય માટે ''ઉચ્ચતર શિક્ષણ અનુદાન પરિષદ''

(iv) માન્યતા આપવા માટે ''રાષ્ટ્રીય માન્યતા પરિષદ''

**(G) અન્ય સુધારાઓ :**

➤ શિક્ષા, મૂલ્યાંકન, યોજનાઓના નિર્માણ અને વહીવટી ક્ષેત્રમાં તકનિકી પ્રયોગ પર વિચારોની સ્વતંત્ર આદાન–પ્રદાન હેતુ ''નેશનલ એજ્યુકેશનલ ટેક્નોલોજી ફોરમ'' નામની એક સ્વાયત્ત સંસ્થાની સ્થાપના કરવામાં આવશે.

➤ માનવ સંસાધન વિકાસ મંત્રાલયનું નામ બદલી ''શિક્ષા મંત્રાલય'' થવું જોઈએ કેબિનેટ દ્વારા આ બાબતને મંજૂરી આપવામાં આવી છે.

## ડિજિટલ શિક્ષણ, 2020 પર ભારત રિપોર્ટ

➤ તાજેતરમાં માનવ સંસાધન વિકાસ મંત્રાલય (MHRD) દ્વારા ''ડિજિટલ શિક્ષા, 2020 પર ભારત રિપોર્ટ (India Report on Digital Edcuation, 2020)

➤ આ રિપોર્ટ એ MHRDના ડિજિટલ શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના શિક્ષણ વિભાગોની સલાહ પર તૈયાર કરવામાં આવી છે.

➤ રિપોર્ટ એ ઘર પર બાળકો માટે સુલભ અને સમાવેશી શિક્ષા સુનિશ્ચિત કરવા તથા COVID-19 મહામારી દરમિયાન શીખવાના અંતરને ઓછું કરવા અપનાવવામાં આવેલ નવીનત્તમ રીતોને દર્શાવે છે.

### રિપોર્ટ અનુસાર કેન્દ્ર (MHRD) અને રાજ્યો દ્વારા ઓનલાઈન/ડિજિટલ શિક્ષણ માટેની પહેલો

**(A) MHRDની પહેલો :**

➤ MHRD દ્વારા DIKSHA મંચ, સ્વયં પ્રભા ટીવી ચેનલ, ઓન–એયર શિક્ષા વાણી, ઈ–પાઠશાલા અને ટીવી ચેનલોના પ્રસારણના માધ્યમથી શિક્ષકો, વિદ્વાનો અને વિદ્યાર્થીઓની સહાયતા માટે ઘણી પહેલો શરૂ કરવામાં આવી છે.

➤ આ ઉપરાંત MHRD દ્વારા ડિજિટલ શિક્ષા પર ''પ્રજ્ઞાતા'' (PRAGYATA) નામના દિશા–નિર્દેશો પણ જાહેર કરવામાં આવ્યા હતા. (પ્રજ્ઞાતા દિશા નિર્દેશોની માહિતી "ICE Miracle Volume-6" અંતર્ગત વિસ્તૃત રીતે આપેલી છે.

**(B) રાજ્ય સરકારોની પહેલો :**

➤ રાજ્યો અને કેન્દ્ર–શાસિત પ્રદેશો દ્વારા વિભિન્ન પહેલોના માધ્યમથી ઘરે બેસીને ડિજિટલ શિક્ષણની સુવિધા આપવામાં આવી છે જેમાંથી મુખ્ય સુવિધાઓ અને પહેલો નીચે મુજબ છે :

| પહેલનું નામ | શરૂ કરનાર રાજ્ય/કેન્દ્ર શાસિત પ્રદેશ |
|---|---|
| સોશિયલ મિડિયા ઈન્ટરફેસ ફોર લર્નિંગ એન્ગેજમેન્ટ | રાજસ્થાન |
| પ્રોજેક્ટ હોમ કલાસીસ | જમ્મુ |
| પઢાઈ તોહાર દ્વારા | છત્તીસગઢ |
| ઉન્નયન પહેલ | બિહાર |
| મિશન બુનિયાદ | NCT દિલ્હી |
| કાઈટ વિકટર્સ | કેરલ |
| ઈ–સ્કોલર પોર્ટલ | મેઘાલય |

➤ આ ઉપરાંત સોશિયલ મિડીયા ટૂલ્સ જેમકે વોટ્સએપ ગ્રુપ અને યુટયૂબ ચેનલના માધ્યમથી ઓનલાઈન વર્ગખંડો અને વિદ્યાર્થીઓ સાથે જોડાવા માટે ગુગલ મીટનો ઉપયોગ કરવામાં આવે છે.

➤ લક્ષદ્વીપ, નાગાલેન્ડ અને જમ્મુ–કાશ્મીરના છાત્રોને ઈ–સામગ્રી સાથેના ટેબલેટ, DVD અને પેનડ્રાઈવ વિતરણ જેવી સુવિધા પણ આપવામાં આવે છે.

➤ સમાવેશી શિક્ષાને સુનિશ્ચિત કરવા દૂરના ક્ષેત્રો કે જ્યાં ઈન્ટરનેટ જોડાણ નથી કે વીજળીની સમસ્યા છે, ત્યાં વિદ્યાર્થીઓના નિવાસસ્થાન પર જ પાઠ્યપુસ્તકોનું વિતરણ કરવામાં આવે છે.

➤ ઘણા રાજ્યો દ્વારા વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્યને મહત્ત્વ આપતા અમુક વિશેષ કક્ષાઓ, જેમકે–દિલ્હીમાં હૅપીનેસ કક્ષાનું પણ સંચાલન કરવામાં આવેલ છે.

➤ MHRD દ્વારા ''મનોદર્પણ પહેલ''ની પણ શરૂઆત કરવામાં આવી છે, જેનો ઉદ્દેશ્ય COVID-19 મહામારી દરમિયાન વિદ્યાર્થીઓ, પરિવારના સદસ્યો અને શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય અને કલ્યાણ માટે સહાયતા કરવાનો છે.

## Back to basics : ઓનલાઈન શિક્ષણનું મૂલ્યાંકન

### ઓનલાઈન શિક્ષણની મુખ્ય બાબતો :

- COVID-19 મહામારીને કારણે દેશભરમાં ઓનલાઈન શિક્ષાનું મહત્ત્વ વધ્યું છે, પરંતુ સામાજિક અસમાનતા અને ડિજિટલ ડિવાઈડ એ ઓનલાઈન શિક્ષા સમક્ષ મુખ્ય પડકાર છે.
- માનવ સંસાધન વિકાસ મંત્રાલય મુજબ, મહામારીને કારણે બંધ સ્કૂલોને ફરીથી ખોલવા માટે સ્વચ્છતા અને ક્વોરેન્ટાઈન ઉપાયો હેતુ પ્રતિ સ્કૂલ રૂ. 1 લાખ ખર્ચ કરવાની આવશ્યકતા રહેશે.
- લગભગ 3.1 લાખ સરકારી સ્કૂલો જેની પાસે સૂચના અને સંચાર તકનિકની સુવિધાઓ નથી તેની માટે આવી સુવિધા વિકસાવવા સરકાર રૂ. 55,840 કરોડનું બજેટ પ્રસ્તાવિત કરશે.
- માનવ સંસાધન વિકાસ મંત્રાલયે આવનારા 5 વર્ષોમાં ડિજિટલ અભ્યાસક્રમ સામગ્રી અને સંસાધનોના વિકાસ પર રૂ. 2306 કરોડ ખર્ચ કરવાનો પ્રસ્તાવ કર્યો છે.
- કેન્દ્ર સરકારે વર્ષ 2026 સુધી દેશભરમાં વિભિન્ન યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરતા લગભગ 4.06 કરોડ છાત્રોને લેપટોપ અને ટેબલેટ આપવાની યોજના બનાવી છે. આ કાર્ય માટે રૂ. 60,900 કરોડનું બજેટ નિર્ધારિત કરવામાં આવ્યું છે.
- સ્કૂલ શિક્ષા અને સાક્ષરતા વિભાગ અનુસાર કેન્દ્ર અને રાજ્યએ ઉપકરણો વસાવવા માટેના ખર્ચને 60 : 40 ના ગુણોત્તરમાં વહેંચશે.

### ઓનલાઈન શિક્ષા અને COVID-19

- ભારતાં લોકડાઉનની શરૂઆતથી જ બધી શિક્ષણ સંસ્થાઓએ શૈક્ષણિક કાર્ય માટે ઓનલાઈન શિક્ષા અથવા ઈ–લર્નિંગનો એક વિકલ્પના રૂપમાં ઉપયોગ કરી રહી છે, તેનાથી દેશમાં સામાન્ય જનતા વચ્ચે ઓનલાઈન શિક્ષાની લોકપ્રિયતામાં વધારો થયો છે.
- જોકે એક તરફ વિશેષજ્ઞો મુજબ મહામારીના સમયમાં ઓનલાઈન શિક્ષણ અથવા ઈ–લર્નિંગના મહત્ત્વને સ્વીકાર કરેલ છે પરંતુ બીજી તરફ આલોચકોના મતે ઓનલાઈન શિક્ષા એ અભ્યાસની પારંપરિક પદ્ધતિનું સ્થાન લઈ શકે નહી.

### ઓનલાઈન શિક્ષણની મર્યાદાઓ અને પડકારો :

- COVID-19 મહામારીથી પહેલા મોટા ભાગના શિક્ષણ સંસ્થાનોને ઓનલાઈન શિક્ષણનો કોઈ અનુભવ ન હતો. આવી પરિસ્થિતિમાં શિક્ષણ સંસ્થાઓ અને છાત્રો બંને માટે ઓનલાઈન શિક્ષણ ઉપલબ્ધ કરાવવુ એક પડકાર છે.
- વર્તમાન સમયમાં ભારતમાં ડિજિટલ આંતરમાળખાનો અભાવ છે. દેશમાં હજી પણ એવા છાત્રોની સંખ્યા ઓછી છે જેની પાસે લેપટોપ અથવા ટેબલેટ અને કમ્પ્યુટર જેવી સુ વિધાઓ ઉપલબ્ધ હોય. આથી છાત્રોને ઓનલાઈન કક્ષાઓ સાથે જોડવા એક પડકાર છે.
- શિક્ષકો માટે પણ તકનિક એક મોટી સમસ્યા છે. દેશમાં મોટાભાગના શિક્ષકો તકનિક રૂપથી પ્રશિક્ષિત નથી કે સરેરાશ 30 બાળકો માટે એક ઓનલાઈન કક્ષાનું આયોજન થઈ શકે અને તેમને ઓનલાઈન સામગ્રી ઉપલબ્ધ કરાવી શકે.
- ઈન્ટરનેટ પર વિશેષ પાઠયક્રમો કે ક્ષેત્રીય ભાષાઓથી જોડાયેલી અધ્યયન સામગ્રી ઓછી હોવાથી છાત્રોને સમસ્યા થઈ શકે છે.
- ઘણા વિષયોમાં છાત્રોને પ્રેક્ટિકલ શિક્ષાની આવશ્યકતા હોય છે જે દૂરના સ્થળેથી ભણાવવું એ મુશ્કેલ છે.

### આગળનો માર્ગ

- શિક્ષણ ક્ષેત્ર પર COVID-19 અને લોકડાઉનના પ્રભાવે શિક્ષણ સંસ્થાઓને શિક્ષણના નવા વિકલ્પો પસંદ કરવા ફરજિયાત બનાવ્યા છે.
- ભારતમાં ઈ–શિક્ષાએ પાયાના સ્તરમાં છે, આવશ્યક છે કે આ સમયમાં હાલના વિભિન્ન પડકારોને સંબોધિત કરી ઈ–શિક્ષાના રૂપમાં નવા શિક્ષણના વિકલ્પને પ્રોત્સાહન આપવામાં આવે.
- ઈન્ટરનેટ ઉપરાંત ટેલીવિઝન અને રેડિયો કાર્યક્રમોના માધ્યમથી પણ દેશમાં દૂરના સ્થળે. શિક્ષણની ઉપલબ્ધતા કરાવી શકાય છે.

## મોસમ એપ્લિકેશન

- તાજેતરમાં કેન્દ્રીય પૃથ્વી વિજ્ઞાન મંત્રી દ્વારા "મોસમ" નામની એપ્લિકેશન લોન્ચ કરવામાં આવી હતી.
- આ એપ્લિકેશન એ શહેરના હવામાનનું પૂર્વાનુમાન અને ચેતવણીની સેવા આપશે.

- આ એપનું નિર્માણ "International Crops Research Institute for the Semi-Arid Tropics" (ICRISAT) ભારતીય હવામાન વિભાગ (IMD) અને Indian Institute of Tropical Meterorology (IITM) દ્વારા કરવામાં આવ્યું છે.
- એપ એ 200 શહેરો માટે ભેજ, તાપમાન, હવાની ગતિ અને દિશા વગેરે વિશે જાણકારી આપશે. એપ અંતર્ગત જાણકારી એ દિવસમાં 8 વખત અપડેટ કરવામાં આવશે.
- એપ એ સ્થાનીય હવામાનની ઘટનાઓ વિશે 3 કલાકની ચેતવણી આપશે. આ ઉપરાંત એપ એ દેશના લગભગ 450 શહેરો માટે આપનારા 7 દિવસો માટે પૂર્વાનુમાન પણ પ્રદાન કરશે.

### રંગ કોડિત એલર્ટ

- મોસમ એપ્લિકેશન એ ખતરનાક શવામાન પહેલા લકોને ચેતવણી આપવા માટે 5 દિવસો સુધી દિવસમાં 2 વખત રંગ કોડના આધારે એલર્ટ જાહેર કરશે.
- રંગના આધારે જાહેર કરવામાં આવતું એલર્ટ એ લાલ, નારંગી અને પીળા રંગમાં હશે.

## ડેયર ટૂ ડ્રીમ ચેલેન્જ

- તાજેતરમાં ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO) દ્વારા "ડેયર ટૂ ડ્રીમ" ચેલેન્જ શરૂ કરવામાં આવ્યું હતું.
- તેની શરૂઆત એ ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામની પુણ્યતિથિ પર કરવામાં આવી હતી.

### ડેયર ટૂ ડ્રીમ ચેલેન્જ વિશે

- ડેયર ટૂ ડ્રીમ એક ઓપન ચેલેન્જ છે જે દેશમાં ઈનોવેટર્સ અને સ્ટાર્ટ અપને પ્રોત્સાહન આપે છે.
- નવી ઉભરતી ટેક્નોલોજીને પ્રોત્સાહન આપવા માટે તેની શરૂઆત કરવામાં આવી છે.
- આ ચેલેન્જ એ વ્યકિતઓ અને સ્ટાર્ટ અપને એરોસ્પેસ ટેક્નોલોજીમાં નવીનતાને પ્રોત્સાહન આપે છે.
- ચેલેન્જના વિજેતાઓને રૂ. 10 લાખનું ઈનામ આપવામાં આવશે.

## BIS Care

- કેન્દ્રીય ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રી દ્વારા ગ્રાહકો માટે બ્યૂરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS)ની મોબાઈલ એપ "BIS-Care" અને www.manakonline.in પર e-BISના ત્રણ પોર્ટલો ધોરણીકરણ (Standardization), અનુરૂપતા આકલન અને તાલીમને લોન્ચ કર્યા છે.
- ગાંહકો આ એપનો ઉપયોગ કરી ઈનિડયન સ્ટાન્ડર્ડ્સ ઈન્સ્ટિટ્યૂટ (ISI) ચિન્હિત હોલમાર્ક ઉત્પાદનોની પ્રામાણિકતાની તપાસ કરી શકે છે અને પોતાની ફરિયાદ નોંધાવી શકે છે.
- આ એ.પ હિંદી અને અંગ્રેજી ભાષામાં ઉપલબ્ધ રહેશે.
- BISની કાર્યપ્રણાલીનું એક અન્ય પાસું એ ધોરણોના અમલીકરણ અને પ્રમાણિત માટેનું નિરીક્ષણ કરવાનું છે.
- e-BIS એ ધોરણોના અમલીકરણ માટેની ક્ષમતાને સુદઢ બનાવે છે. e-BISએ એકીકૃત પોર્ટલ છે જેમાં નીચેના કાર્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે.
  - (i) કારખાનાઓ માટે બાહરી એજન્સીઓની સેવાને સૂચિબદ્ધ કરવી
  - (ii) બજારનું નિરીક્ષણ
  - (iii) મોબાઈલ એપ આધારિત વિકાસ
  - (iv) આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) સક્ષમ નિરીક્ષણ ક્રિયાઓ વિકસિત કરવી

## મનોદર્પણ પહેલ

- તાજેતરમાં કેન્દ્રીય માનવ સંસાધન વિકાસ મંત્રી દ્વારા COVID-19 ને ધ્યાનમાં રાખી વિદાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય અને કલ્યાણ હેતુ માનસિક સહાયતા આપવા માટે "મનોદર્પણ" નામની પહેલ શરૂ કરી છે.

### મનોદર્પણ પહેલની મુખ્ય બાબતો

- આ પહેલના ભાગ રૂપે કેન્દ્રીય માનવ સંસાધન વિકાસ મંત્રી દ્વારા માનવ સંસાધન વિકાસ મંત્રાલયના પોર્ટલ પર મનોદર્પણ નામનું અક વિશેષ પેજ તથા મનોદર્પણ પર એક હેંડબુક અને એક રાષ્ટ્રીય ટોલ ફ્રી હેલ્પલાઈન નંબર (8448440632) પણ લોન્ચ કરેલ છે.

- ➤ આત્મનિર્ભર ભારત અભિયાન અંતર્ગત આ પહેલનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય અને કલ્યાણ માટે સહાયતા પૂરી પાડવાનો છે.
- ➤ મનોદર્પણ પહેલ અંતર્ગત નીચેના ઘટકોનો સમાવેશ કરવામાં આવ્યો છે :
  - (i) સલાહકારી દિશા–નિર્દેશો
  - (ii) કેન્દ્રીય માનવ સંસાધન વિકાસ મંત્રાલયની વેબસાઈટ પર એક પેજ
  - (iii) રાષ્ટ્રીય સ્તરનો ડેટાબેઝ અને કાઉન્સેલરોની સૂચિ
  - (iv) રાષ્ટ્રીય ટોલ–ફ્રી હેલ્પલાઈન નંબર
  - (v) માનસિક સહાયતા પર એક પુસ્તિકા
  - (vi) ઓનલાઈન ચેટ પ્લેટફોર્મ
  - (vii) વેબિનાર, વીડિયો, પોસ્ટર, ફ્લાયર્સ, કોમિક્સ, શોર્ટ મુવી સહિત ઓડિયો–વીડિયો સંસાધન.

## પ્રધાનમંત્રી સ્ટ્રીટ વેન્ડર આત્મનિર્ભર નિધિ (PMSVANidhi)

- ➤ શેરી વિક્રેતાઓ (સ્ટ્રીટ વેન્ડર) માટે માઈક્રો–ક્રેડિટ સુવિધા લાવવા માટે તાજેતરમાં જ પીએમ સ્વાનિધિ મોબાઈલ એપ્લિકેશન બહાર પાડવામાં આવી છે.
- ➤ આ એપ્લિકેશનનો હેતુ યોજના હેઠળ શેરી વિક્રેતાઓની લોન એપ્લિકેશનના સંગ્રહ અને પ્રક્રિયા માટે ધિરાણ આપતી સંસ્થાઓ (Lending Institutions-LI) અને તેમના ક્ષેત્ર કામદારોને અનુકૂળ ડિજિટલ ઈન્ટરફેસ પ્રદાન કરવાનો છે.

### Back to basics :- પ્રધાનમંત્રી સ્વનિધિ યોજના વિશે

- ➤ આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા "પ્રધાનમંત્રી સ્વનિધિ" અથવા 'પ્રધાનમંત્રી સ્ટ્રીટ વેંડર આત્મનિર્ભર નિધિ" યોજના શરૂ કરવામાં આવી હતી.
- ➤ આ યોજનાની ઘોષણા નાણામંત્રી દ્વારા 14 મે, 2020ના રોજ કરવામાં આવી હતી.
- ➤ આ યોજનાનો ઉદ્દેશ્ય રાષ્ટ્રીય લોકડાઉનને કારણે મુશ્કેલીમાં આવેલ રસ્તા પર રેકડી/લારી ધરાવતા લોકોને પોતાની આજીવિકા ફરીથી શરૂ કરવા સક્ષમ બનાવવાનો છે.

### પ્રધાનમંત્રી સ્વનિધિ યોજનાની મુખ્ય બાબતો

- ➤ આ યોજના અંતર્ગત રૂ. 10,000 સુધીના સસ્તા ઋણ માટે એક માઈક્રો ક્રેડિટ સુવિધા આપવામાં આવશે.
- ➤ આ ઋણ એ 24 માર્ચ, 2020 અથવા તેના પહેલા વ્યાપાર કરતા 50 લાખથી વધુ લારી પર વ્યાપાર કરતા લોકોને આપવામાં આવશે.
- ➤ આ યોજના એ વર્ષ 2022 સુધી ચાલુ રહેશે.
- ➤ સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ એન્ડ ડેવલપમેન્ટ બેંક ઓફ ઈન્ડિયા (SIDBI) આ યોજનાના અમલીકરણ માટે તકનિકી ભાગીદાર છે.
- ➤ યોજના અતંર્ગત સુક્ષ્મ અને લઘુ ઉદ્યમો માટે ક્રેડિટ ગેરેંટી ફંડ ટ્રસ્ટના માધ્યમથી ઋણ આપનાર સંસ્થાઓને ક્રેડિટ ગેરેંટી આપવામાં આવશે.

### પ્રધાનમંત્રી સ્વનિધિ યોજના અંતર્ગત આપવામાં આવતું ઋણ

- ➤ યોજના અંતર્ગત સ્ટ્રીટ વેંડરને રૂ. 10,000 સુધીની કાર્યશીલ મૂડી આપવામાં આવશે જેને 1 વર્ષમાં માસિક હપ્તાઓમાં ચૂકવવાનું રહેશે.
- ➤ આ ઋણ સમય પર ચુકાવનાર સ્ટ્રીટ વેંડરને 7% વાર્ષિક વ્યાજ સબસિડીના રૂપમાં તેમના ખાતામાં સરકાર તરફથી ટ્રાન્સફર કરવામાં આવશે.
- ➤ આ યોજના અતંર્ગત કોઈપણ દંડ માટેની જોગવાઈ નથી.

### પ્રધાનમંત્રી સ્વનિધિ યોજનાનો લાભ કોને મળશે

- ➤ આ યોજના અંતર્ગત શહેરી/ગ્રામીણ ક્ષેત્રોની આસ–પાસ રસ્તા પર માલ વેચનાર, સડક કિનારે દુકાન ચલાવનાર, ફળ–શાકભાજી, લોન્ડ્રી, સલુન, પાનની દુકાન તથા વસ્તુઓ અને સેવાની આપૂર્તિ કરનારને ઋણ આપવામાં આવશે.

### પ્રધાનમંત્રી સ્વનિધિ યોજનાની જરૂરિયાત

- ➤ લોકડાઉન દરમિયાન રોજિંદી રોજગારી મેળવનાર મજદૂરો તથા સડક કિનારે દુકાન ચલાવનાર લોકોના જીવન પર પ્રતિકૂળ અસર પડી છે.
- ➤ સ્ટ્રીટ વેંડર અસંગઠિત માધ્યમોથી લોન/ઋણ લઈને વ્યાજ પર નાણાં લે છે અને પોતાની કાર્યશીલ મૂડી એકઠી કેર છે.
- ➤ લોકડાઉનના લીધે તેમની બચત અને મૂડી સમાપ્ત થવાથી પુનઃ રોજગાર આરંભ કરવાનો સંકટ તેમની સામે છે.
- ➤ આથી વ્યાપાર ફરીથી શરૂ કરવા સ્ટ્રીટ વેંડર માટે સંગઠિત બેંકિંગ સ્ત્રોતના માધ્યમથી કાર્યશીલ મૂડી પ્રદાન કરવાની આવશ્યકતા છે.

## જાહેર વહીવટમાં શ્રેષ્ઠતા માટે પ્રધાનમંત્રી એવોર્ડ 2020

➤ તાજેતરમાં, જાહેર વહીવટમાં શ્રેષ્ઠતા માટે નવા સુધારેલા વડા પ્રધાનના એવોર્ડ રજૂ કરવામાં આવ્યા છે.

### પુરસ્કારની મુખ્ય લાક્ષણિકતાઓ:

➤ પરિણામી સૂચકાંકો, દા.ત. આર્થિક વિકાસ, લોકોની ભાગીદારી અને લોક ફરિયાદ નિવારણ સંદર્ભે જિલ્લા કલેક્ટરોની કામગીરી ઓળખવા માટે આ યોજનામાં સુધારો કરવામાં આવ્યો છે.

➤ પુરસ્કારમાં નામાંકન માટે ચાર મુખ્ય શ્રેણીઓ – ડિસ્ટ્રિક્ટ પર્ફોર્મન્સ ઈન્ડિકેટર પ્રોગ્રામ, ઇનોવેશન જનરલ કેટેગરી, એસ્પિરેશનલ ડિસ્ટ્રિક્ટ પ્રોગ્રામ અને નમામી ગંગે પ્રોગ્રામ પસંદ કરવામાં આવી હતી .

➤ આ યોજનામાં પ્રથમ વખત નમામી ગંગે કાર્યક્રમ માટે જિલ્લા કક્ષાના અધિકારીઓના પ્રયત્નોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

➤ આ એવોર્ડ કેટેગરી હેઠળ નમામી ગંગે કાર્યક્રમ અંતર્ગત 57 સૂચિત જિલ્લા ગંગા સમિતિઓમાંથી એકને જિલ્લાને એવોર્ડ આપવામાં આવશે.

### Back to basics :
### જાહેર વહીવટમાં શ્રેષ્ઠતા માટે પ્રધાનમંત્રી એવોર્ડ વિશે

➤ ભારત સરકાર દ્વારા કેન્દ્ર અને રાજય સરકારના અધિકારીઓ દ્વારા કરવામાં આવેલા અસાધારણ અને નવીન કાર્યને માન્યતા આપવા અને ઈનામ આપવા માટે 'જાહેર વહીવટમાં શ્રેષ્ઠતા માટે પ્રધાનમંત્રી એવોર્ડ (PM's Award for Excellence in Public Administration) ની સ્થાપના વર્ષ 2006માં કરવામાં આવી હતી.

➤ વર્ષ 2014માં, યોજનાને પ્રાધાન્ય આધારિત કાર્યક્રમો, નવીનતાઓ અને મહત્વાકાંક્ષી જિલ્લાઓમાં જિલ્લા કલેક્ટરોની કામગીરીને માન્યતા આપવા માટે યોજનાનું પુનર્ગઠન કરવામાં આવ્યું હતું. વર્ષ 2020 માં, જિલ્લાઓનો આર્થિક વિકાસ સંદર્ભમાં જિલ્લા કલેક્ટરોની કામગીરીને માન્યતા આપવા માટે આ યોજનામાં ફરીથી સુધારો કરવામાં આવ્યો છે.

➤ હવે, વર્ષ 2020માં યોજના અંતર્ગત, જિલ્લાઓના વિવિધ વિસ્તારોમાં એકંદર પરિણામલક્ષી કામગીરીને માન્યતા આપવા માટે એવોર્ડ્સનો વિસ્તાર વધારવામાં આવ્યો છે.

## ભારતમાં માતા મૃત્યુ દરમાં ઘટાડો

➤ તાજેતરમાં, ભારતના રજિસ્ટ્રાર જનરલના નમૂના નોંધણી સિસ્ટમ– (Sample Registration System-SRS) દ્વારા 'ભારતમાં માતૃત્વ મૃત્યુ દર, 2016-18' વિશેષ બુલેટિન બહાર પાડવામાં આવ્યું હતું.

### માતૃ મૃત્યુ દર (MMR) શું છે ?

➤ માતૃત્વ મૃત્યુ દર – (MMR) એ પ્રતિ એક મિલિયન જીવંત બાળકોના જન્મ સમયે માતાના થયેલા મૃત્યુને દર્શાવે છે.

➤ સંયુક્ત રાષ્ટ્ર દ્વારા નિર્ધારિત ટકાઉ વિકાસ લક્ષ્યો – Sustainable Development Goals-SDGના લક્ષ્યાંક નંબર 3.1નો ઉદ્દેશ પ્રતિ એક મિલિયન જીવંત બાળકોના જન્મ સમયે માતાના થયેલા મૃત્યુને 70 સુધી ઘટાડવાનો છે.

### માતૃત્વ મૃત્યુ શું છે?

➤ માતાનું મૃત્યુ એ વિસ્તારની મહિલાઓના પ્રજનન સ્વાસ્થ્યનું એક માપ છે.

➤ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન અનુસાર, ગર્ભાવસ્થા દરમિયાન અથવા તેના સંચાલનથી સંબંધિત કોઈ કારણને લીધે માતાનું મૃત્યુ ગર્ભાવસ્થા દરમિયાન અથવા ગર્ભાવસ્થા સમાપ્ત થયાના 42 દિવસની અંદર થાય છે તેને માતૃત્વ મૃત્યુ તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે.

### રજિસ્ટ્રાર જનરલના નમૂના નોંધણી સિસ્ટમના ખાસ બુલેટિનના મુખ્ય તારણો

➤ ભારતમાં માતૃત્વ મૃત્યુ ગુણોત્તર (MMR) 2016-18માં ઘટીને 113 પર આવી ગયો છે. વર્ષ 2015-17માં આ ગુણોત્તર 122 અને વર્ષ 2014-16માં 130 હતો.

➤ વિવિધ રાજ્યોના MMR આસામ (215), બિહાર (149), મધ્યપ્રદેશ (173), છત્તીસગઢ (159), ઓડિશા (150), રાજસ્થાન (164), ઉત્તર પ્રદેશ (197) અને ઉત્તરાખંડ (99).

➤ દક્ષિણ રાજ્યોમાં આંધ્રપ્રદેશ (65), તેલંગણા (63), કર્ણાટક (92), કેરળ (43) અને તમિલનાડુ (60)માં MMR નોંધાયું છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

# 6. પર્યાવરણ અને ભૌગોલિક ઘટનાઓ

## RAISE પહેલ

➢ તાજેતરમાં સરકાર દ્વારા "Retrofit of Air-Conditioning to Improve Indoor Air Quality for Safety and Efficiency-RAISE" રાષ્ટ્રીય કાંક્રમ શરૂ કર્યો હતો.

➢ આ પહેલ એ એનર્જી એફિસિયન્સી સર્વિસિસ લિમિટેડ (EESL) અને યુએસ એજન્સી ફોર ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ (USAID)ના "મૈત્રી" (Market Integration and Transformation Program for Energy Efficiency -MAITREE) કાર્યક્રમની એક સંયુક્ત પહેલ છે.

➢ USAID સાથેની ભાગીદારીમાં ઈમારતો માટે વિકસિત કરવામાં આવેલી ઊર્જા દક્ષતા અને હવાની ગુણવત્તામાં સુ ધાર માટેની આ પહેલ છે.

### RAISE પહેલની આવશ્યકતા અને મહત્ત્

➢ ઘણા સમયથી હવાની ખરાબ ગુણવત્તા એ ભારત માટે ચિંતાનો વિષય બનેલી બાબત છે અને વિશેષ રૂપથી COVID-19 સમયે તેનું મહત્ત્વ વધી ગયું છે.

➢ કાર્યાલયો અને જાહેર સ્થળો પર કામ કરતા લોકોના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખતા કામના સ્થળો અંતર્ગત હવાની ગુણવત્તા જાળવી રાખવી જરૂરી છે.

➢ RAISE પહેલ દ્વારા દેશભરમાં કાર્યસ્થળોમાં હવાની નબળી ગુણવત્તામાં સુધારો થઈ શકે છે અને તેને સ્વાસ્થ્યના સંદર્ભે વધુ સારી બનાવી શકાય છે.

### મૈત્રી (MAITREE) કાર્યક્રમની મુખ્ય બાબતો

➢ આ કાર્યક્રમ એ ભારત સરકારના વિદ્યુત મંત્રાલય તથા USAID વચ્ચે અમેરિકા–ભારત દ્વિપક્ષીય કરારનો ભાગ છે.

➢ તે ઈમારતોની અંદર એક માપદંડ પદ્ધતિના રૂપમાં ખર્ચ અસરકારક ઊર્જા દક્ષતાને અપનાવવામાં ઝડપ લાવવી તથા વિશેષ રૂપથી ઈમારતોની ઠંડક પર ધ્યાન કેન્દ્રિત કરવાનું કાર્ય કરે છે.

## વાઘ ગણતરી-2018ની વિસ્તૃત સ્થિતિ રિપોર્ટ

➢ તાજેતરમાં ભારતમાં "આંતરરાષ્ટ્રીય વાઘ દિવસ"ના અવસર પર "વાઘ ગણતરી–2018"ની વિસ્તૃત સ્થિતિ પર રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો હતો.

➢ વિસ્તૃત રિપોર્ટ વર્ષ 2018-19ના સર્વેથી પ્રાપ્ત માહિતીની સરખામણી અગાઉના ત્રણ સર્વે 2006, 2010 અને 2014 સાથે કરવામાં આવી છે.

### વાઘ ગણતરી-2018ના વિસ્તૃત રિપોર્ટની મુખ્ય બાબતો

➢ વાઘ સિવાય અન્ય સહ–શિકારીઓ અને પ્રજાતિઓ માટે રિપોર્ટમાં "વિપુલતા સૂચકાંક" (Abundance Index) તૈયાર કરવામાં આવેલ છે.

➢ વિપુલતા સૂચકાંક એ કોઈ ક્ષેત્રમાં સહ–શિકારીઓ અને પ્રજાતિઓના સંબંધી વિતરણને દર્શાવે છે.

➢ પ્રથમ વખત "બધા કેમેરા ટ્રેપ સાઈટ્સ" પર વાઘોના જાતીય ગુણોત્તરને નોંધવામાં આવ્યા હતા.

➢ રિપોર્ટમાં વાઘોની વસતી પર માનવોના પ્રભાવના સંબંધમાં વિસ્તૃત વર્ણન કરવામાં આવેલ છે.

➢ કોઈ ટાઈગર રિઝર્વના વિશેષ હિસ્સામાં વાઘોની વિપુલતાને પ્રથમ વખત દર્શાવવામાં આવેલ છે.

➢ રિપોર્ટ અંતર્ગત મુખ્ય વાઘ કોરિડોરની સ્થિતિનું મૂલ્યાંકન કરવામાં આવેલ છે.

### વાઘ ગણતરી-2018ના વિસ્તૃત અંતર્ગતની તથ્ય બાબતો

➢ રિપોર્ટ અનુસાર વર્ષ 2006-08 વચ્ચે ભારતમાં વાઘની સંખ્યામાં પ્રતિવર્ષ 6%ની વૃદ્ધિ નોંધવામાં આવી છે.

➢ વર્ષ 2014ની સરખામણીએ વર્ષ 2018માં વાઘોની સંખ્યામાં લગભગ 33%નો વધારો નોંધવામાં આવ્યો છે.

➢ વૈશ્વિક વાઘોની વસતીની લગભગ 70% વસતી ભારતમાં છે.

➢ પશ્ચિમ ઘાટ એ લગભગ 724 વાઘોની સંખ્યા સાથે દુનિયાનું સૌથી મોટું સતત વાઘની વસતી વાળુ ક્ષેત્ર છે.

➢ ભારતમાં વાઘોની સૌથી વધારે સંખ્યા એ મધ્યપ્રદેશમાં 526 છે. જ્યારે કર્ણાટકમાં આ સંખ્યા 524 અને ઉત્તરાખંડમાં 442 છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- પૂર્વોત્તર ભારત સિવાય છત્તીસગઢ, ઝારખંડ અને ઓડિશામાં વાઘોની સ્થિતિમાં સતત ઘટાડો થયો છે.
- નવા રિપોર્ટ મુજબ ત્રણ ટાઈગર રિઝર્વ, બુકસા (પશ્ચિમ બંગાળ), ડંપા (મિઝોરમ) અને પલામૂ (ઝારખંડ)માં વાઘોની કોઈ ઉપસ્થિતિ નોંધવામાં આવી નથી.
- વર્ષ 2018ની વાઘોની વસતી ભારતમાં 2967 હતી.
- ભારતમાં દર 4 વર્ષે "નેશનલ ટાઈગર કન્ઝર્વેશન ઓથોરિટી" (NTCA) દ્વારા વાઘોની ગણતરી કરવામાં આવે છે.
- વાઘની વસતી ગણતરી માટે "મોનિટરિંગ સિસ્ટમ ફોર ટાઈગર્સ ઈન્સેન્ટિવ પ્રોટેકશન એન્ડ ઈકોલોજિકલ સ્ટેટસ" અર્થાત્ M-Stripsનો ઉપયોગ કરવામાં આવે છે.

## પ્લાસ્ટિક કચરો

- તાજેતરમાં જાહેર કરવામાં આવેલ રિપોર્ટ "બ્રેકિંગ ધ પ્લાસ્ટિક વેવ" (Breaking the Plastic Wave)ના અભ્યાસ મુજબ, જો તત્કાલ પ્રભાવથી કોઈ કાર્યવાહી કરવામાં નહી આવે તો વર્ષ 2040 સુધી સમુદ્રમાં પ્લાસ્ટિકનો વાર્ષિક પ્રવાહ લગભગ 3 ગણો વધીને. 29 મિલિયન મેટ્રિક સુધી પહોંચી શકે છે.

### રિપોર્ટની અન્ય મુખ્ય બાબતો

- વર્તમાનમાં લગભગ બે બિલિયન લોકોની કચરો સંગ્રહ પ્રણાલી સુધી પહોંચ નથી, અને વર્ષ 2040 સુધી આ આંકડો બમણો થઈ 4 બિલિયન થઈ જશે, જેમાં વધુ લોકો મધ્ય અને ઓછી આવક ધરાવતા દેશોના ગ્રામણી ક્ષેત્રોથી હશે.
- રિપોર્ટ મુજબ જો ઉપરોક્ત અંતરને ઓછું કરવું હશે તો વર્ષ 2040 સુધી પ્રતિદિન 5,00,000 લોકોને આ પ્રણાલીથી જોડવાની આવશ્યકતા છે.
- વર્તમાનમાં વૈશ્વિક સ્તર પર લગભગ 22% કચરાનો સંગ્રહ સંભવ થતો નથી જો આ સંબંધમાં કાર્યવાહી કરવામાં નહીં આવે તો 34% સુધી આંકડો વધી જશે.
- પ્લાસ્ટિક રિસાયકલની પ્રણાલી એ સંપૂર્ણ રીતે નિષ્ફળ થયેલ છે. વર્તમાનમાં કુલ વૈશ્વિક કચરાનો ફકત 20% ભાગ જ રિસાયકલ કેન્દ્રો સુધી પહોંચી શકે છે અને તેમાંથી પણ માત્ર 15% જ રિસાયકલ થાય છે.

### પ્લાસ્ટિક કચરા સંબંધે રિપોર્ટમાં સૂચવવામાં આવેલી બાબતો

- વર્ષ 2040 સુધીમાં પ્લાસ્ટિકના ઉત્પાદનમાં અને વપરાશમાં થતા વધારાને લગભગ 1/3 સુધી ઓછો કરવો જોઈએ.
- વર્ષ 2040 સુધીમાં પ્લાસ્ટિક કચરાના છઠ્ઠા ભાગને અન્ય સામગ્રીઓથી બદલવો જોઈએ.
- વર્ષ 2040 સુધીમાં મધ્ય અને ઓછી આવક ધરાવતા દેશોમાં કચરો સંગ્રહ કરવાના દરને શહેરી ક્ષેત્રો માટે 90% અને ગ્રામીણ ક્ષેત્રો માટે 50% સુધી વિસ્તારિત કરવો જોઈએ.

### Back to basics : ભારતમાં પ્લાસ્ટિક કચરાની સ્થિતિ અને પ્લાસ્ટિકનો પર્યાવરણ પર પ્રભાવ

- **ભારતમાં પ્લાસ્ટિક કચરો :**
- વર્ષ 2019માં પ્રકાશિત કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના એક રિપોર્ટ મુજબ, ભારતમાં અકે દિવસમાં લગભગ 25,940 ટન પ્લાસ્ટિક કચરો ઉત્પન્ન થાય છે. જેમાંથી 40%થી વધુ કચરાનો સંગ્રહ જ થતો નથી.
- ભારતમાં પ્રતિ વ્યકિત પ્લાસ્ટિકનો વપરાશ એ 11 કિ.ગ્રા.થી ઓછો છે.

### પ્લાસ્ટિકનો પર્યાવરણ પર પ્રભાવ

- પ્લાસ્ટિક કચરાને લીધે જળીય, સમુદ્રી અને સ્થાનિક પારિસ્થિતિક તંત્રમાં રહેતા પ્રાણીઓ પર નકારાત્મક પ્રભાવ પડયો છે. પ્લાસ્ટિક એ પ્રાણીઓના પાચનતંત્રને ખરાબ કરે છે જેનાથી તેમનું મૃત્યુ થાય છે.
- એક અંદાજ મુજબ, 800થી વધુ પ્રજાતિઓ પહેલેથી જ સમુદ્રી પ્લાસ્ટિક પ્રદૂષણથી પ્રભાવિત છે.
- પ્લાસ્ટિક પ્રદૂષણની માનવ સ્વાસ્થ્ય પર પણ ગંભીર અસર પડી છે. પ્લાસ્ટિકથી નીકળતા તમામ રસાયણોમાં એવા સંયોજનો હોય છે જે માનવ સ્વાસ્થ્ય પર પ્રતિકૂળ અસર પડે છે.

## બ્લૂ પોપી

- બ્લૂ પોપી જે હિમાલયથી ક્ષેત્રમાં કુમાઉ (ઉત્તરાખંડ)થી કાશ્મીર સુધી 3000-5000 મીટરની ઊંચાઈ પર જોવા મળે છે, જેને હિમાલયી "ફૂલોની રાણી" તરીકે ઓળખવામાં આવે છે.
- બ્લૂ પોપીનું વૈજ્ઞાનિક નામ "મેકોનોપ્સિસ એકુલેઆય" છે.

### આબોહવા પરિવર્તન અને બ્લૂ પોપી પ્રજાતિઓ માટે સંકટ

- તાજેતરમાં બૌટનિકલ સર્વે ઓફ ઈન્ડિયાના એક પ્રકાશન "Periglacial Flora of Western Himalayas

Diversity And Climate Change Vulnerability"ના અભયાસ અંતર્ગત આવી પ્રજાતિઓ અને તેમના જીવિત રહેવાની વ્યુહરચનાના રેકોર્ડને નોંધવામાં આવ્યો હતો.

- આ પ્રકાશનમાં 243 એવા છોડને સૂચિબદ્ધ કરવામાં આવ્યા છે જે બહુ ઊંચાઈ પર સંવેદનશીલ પરિસ્થિતિકી તંત્રમાં જોવા મળે છે.
- જોકે વિભિન્ન ઊંચાઈ અને અલ્પાઈન મોરાઈન્સમાં વિભિન્ન છોડોની પ્રજાતિઓની ઉપલબ્ધતાના હાલના તુલનાત્મક અભ્યાસથી ખ્યાલ આવે છે કે બલૂ પોપી પ્રજાતિ એ ઓછી ઊંચાઈ અને ખડકાળ મોરેઈન્સમાં ધીરે ધીરે લુપ્ત થઈ રહી છે.
- મોરાઈન્સ એ કોઈપણ હિમનદીય રીતે બિનઆયોજિત ગ્લેશિયલ કાટમાળખું સંચય છે જે વર્તમાનમાં કે ભૂતકાળ માં કોઈ ભૂ–આકૃતિય પ્રક્રિયાઓના માધ્યમથી પૃથ્વી પર ગ્લેશિયેટેડ ક્ષેત્રોમાં હોય છે.

## મોબાઈલ એપ કૂર્મા

- તાજેતરમાં 23 મે, 2020ના રોજ "વિશ્વ કાચબા દિવસ" પર કાચબા સંરક્ષણ માટે કૂર્મા (KURMA) નામની મોબાઈલ આધારિત એપ લોન્ચ કરવામાં આવી હતી.

### મોબાઈલ એપ કૂર્માની મુખ્ય બાબતો

- આ એપને "ટર્ટલ સર્વાઈવલ અલાયન્સ–ઈન્ડિયા" અને "વાઈલ્ડલાઈફ કન્ઝર્વેશન એકશન નેટવર્ક" દ્વારા વિકસિત કરવામાં આવેલ છે.
- આ એપ ઉપયોગકર્તાઓને દેશ ભરમાં કાચબાઓની પ્રજાતિઓની ઓળખ કરવાનો ડેટાબેઝ આપે છે અને નજીકના સંરક્ષણ કેન્દ્રની સ્થિતિ પણ બતાવે છે.
- એપ એ ડિજિટલ ડેટાબેઝના રૂપમાં કાર્ય કરે છે જેમાં ભારતના તાજા પાણીમાં કાચબાઓ સહિત કાચબાઓની 29 પ્રજાતિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- એપમાં કાચબાઓની ઓળખ, વિતરણ, સ્થાનીય નામ અને જોખમ વિશે જાણકારી આપવામાં આવી છે.

## ભગીરથી પર્યાવરણ સંવેદનશીલ ક્ષેત્ર

- તાજેતરમાં, કેન્દ્રીય પર્યાવરણ મંત્રાલય દ્વારા ભગીરથી પર્યાવરણ સંવેદનશીલ ઝોનની સૂચના માટે ઝોનલ માસ્ટર પ્લાન (ZMP)ને મંજૂરી આપવામાં આવી છે. આ ઝોનલ માસ્ટર પ્લાન 'ગેમુખથી ઉત્તરકાશી' સુધી 4179.59 ચોરસ કિલોમીટરના ક્ષેત્રમાં ફેલાયેલ છે.
- આ મંજૂરીથી ચારધામ પ્રોજેક્ટને ઝડપી ગતિએ ચલાવવાનો માર્ગ પણ ખુલશે.

### ઝોનલ માસ્ટર પ્લાનમાં શું સમાવિષ્ટ છે ?

- ઝોનલ માસ્ટર પ્લાન (ZMP) વોટરશેડ અભિગમ પર આધારિત છે અને તેમાં વન અને વન્ય જીવન, જળ વ્યવસ્થાપન, સિંચાઈ, ઉર્જા, પર્યટન, જાહેર આરોગ્ય અને સ્વચ્છતા, માર્ગ ઈન્ફ્રાસ્ટ્રકચર વગેરે ક્ષેત્રોમાં વહીવટ શામેલ છે.

### પ્લાન સબંધિત ચિંતાઓ :-

- ઝોનલ માસ્ટર પ્લાનની આ મંજૂરીથી સમગ્ર ભગીરથી પ્રદેશ કુદરતી આફતો માટે ભારે સંવેદનશીલ બની શકે છે.
- 2013માં કેદારનાથ દુર્ઘટના તરફ ધ્યાન દોરતા, નિષ્ણાતોએ નીચેની દલીલો આપી છે:

1. હિમાલય ખૂબ સંવેદનશીલ પર્વતમાળા છે. તેના ખડકો હજી સંપૂર્ણ રીતે વ્યવસ્થિત નથી. પર્વતનું ધોવાણ ચોક્કસપણે પર્વતોને અસ્થિર બનાવશે.
2. જંગલોના નુકસાનને કારણે કાટમાળ નદીમાં વહી જશે, અને તેની અસર નદી પર થશે અને સમગ્ર વિસ્તાર ભૂસ્ખલનથી પ્રભાવિત થશે.
3. હિમાલયમાં 1800 થી 2000 મીટરની ઉંચાઈએ હિમ મોટાભાગના ક્ષેત્રમાં જોવા મળે છે. વાદળ ફાટવાની સ્થિતિમાં, તે ભૂસ્ખલનની શક્યતામાં વધારો કરશે.
4. હિમાલય પર્વત ભૂકંપના સંવેદનશીલ ઝોન–5માં સ્થિત છે – આ પ્રદેશ કોઈપણ સમયે મોટા ભૂકંપનો અનુભવ કરી શકે છે.


### ભગીરથી પર્યાવરણ સંવેદનશીલ ક્ષેત્રનો વિસ્તાર :

- નોટિફાઈડ ભાગીરથી ઈકો સેન્સિટિવ ઝોન એ એક ઉત્તેજિત, એકબીજા પર આધારીત સંવેદનશીલ ગંગા–હિમાલયન બેસિન છે જે ઉપલા હિમાલયમાં સ્થિત છે.
- ભૌગોલિક દ્રષ્ટિએ આ પ્રદેશ ગઢવાલ મધ્ય હિમાલય અને ગ્રેટર હિમાલય હેઠળ આવે છે.

### Back to basics : પર્યાવરણ સંવેદનશીલ ક્ષેત્ર વિશે

- પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય, ભારત સરકાર દ્વારા સંરક્ષિત ક્ષેત્ર, રાષ્ટ્રીય ઉદ્યાન અને વન્યપ્રાણી અભયારણ્યની નજીકના ક્ષેત્રમાં પર્યાવરણ સંવેદનશીલ ક્ષેત્ર (ECO-Sensitive Zones-ESZ) સૂચિત કરવામાં આવે છે.

- ESZમાં પ્રવૃત્તિઓ 1986ના પર્યાવરણીય (સુરક્ષા કાયદા) હેઠળ નિયંત્રિત કરવામાં આવે છે અને આવા વિસ્તારોમાં કોઈ પ્રદૂષક ઉદ્યોગો અથવા ખાણકામની મંજૂરી આપવામાં આવતી નથી.
- સામાન્ય સિદ્ધાંતો અનુસાર, એક સંરક્ષિત ક્ષેત્રની આસપાસ 10 કિ.મી. સુધીનો વિસ્તાર ESZનો હોય છે. પરંતુ સંવેદનશીલ કોરિડોર, કનેક્ટિવિટી અને ઈકોલોજીકલ મહત્ત્વના બ્લોક્સ અને કુદરતી જોડાણના કિસ્સામાં ESZ અંતર્ગત 10 કિ.મી. કરતા વધુ ક્ષેત્રનો સમાવેશ કરી શકાય છે.
- પ્રતિબંધિત ઉદ્યોગોને રાષ્ટ્રીય ઉદ્યાનો અને વન્યપ્રાણી અભયારણ્યોની આસપાસના ESZ માટે જાહેર કરાયેલા માર્ગદર્શિકા હેઠળ કામ કરવાની મંજૂરી નથી.
- આ દિશાનિર્દેશોમાં વ્યવસાયિક ખાણકામ, બાળવા યોગ્ય ઈમારતી લાકડાનો વ્યવસાયિક ઉપયોગ અને મુખ્ય હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટ્સ જેવી પ્રવૃત્તિઓને પ્રતિબંધિત કરવામાં આવે છે.
- આ વિસ્તારોમાં ઝાડની કપાત, ભૂગર્ભ જળનો ઉપયોગ, કુદરતી જળ સંસાધનોનો વ્યવસાયિક ઉપયોગ સહિતની કેટલીક પ્રવૃત્તિઓને નિયંત્રિત કરવામાં આવે છે.
- મૂળ ઉદ્દેશ રાષ્ટ્રીય ઉદ્યાનો અને વન્યપ્રાણી અભયારણ્યોની આસપાસની કેટલીક પ્રવૃત્તિઓને નિયંત્રિત કરવાનો છે જેથી સંરક્ષિત વિસ્તારોની સંલગ્ન સંવેદી ઈકોસિસ્ટમ્સ પર આવી પ્રવૃત્તિઓના નકારાત્મક પ્રભાવને ઘટાડી શકાય.



## કારગિલ વિજય દિવસ

- પ્રત્યેક વર્ષે 26 જૂલાઈના દિવસને દેશમાં "કારગિલ વિજય દિવસ" રૂપમાં મનાવવામાં આવે છે.
- આ દિવસ એ "ઓપરેશન વિજય"ની સફળતાની યાદમાં મનાવવામાં આવે છે.
- 26 જૂલાઈ, 1999ના રોજ ભારતે કારગિલમાં પાકિસ્તાનની ઘુસણખોરીના કબ્જે કરાયેલા પોતાના ક્ષેત્રને પુનઃ પ્રાપ્ત કર્યા હતા.

### કારગિલ યુદ્ધની મુખ્ય બાબતો

- ફેબ્રુઆરી, 1999માં ભારત અને પાકિસ્તાન વચ્ચે કાશ્મીરમાં શાંતિ માટે લાહોર કરાર કરવામાં આવ્યો હતો.
- આ દરમિયાન પાકિસ્તાની ઘુસણખોરો એ ભારતીય સીમામાં પ્રવશે કર્યો હતો. ઘુસણખોરીના કાર્યને "ઓપરેશન બદ્રા" નામ આપવામાં આવ્યું હતું.
- પાકિસ્તાની ઘુસણખોરીનો ઉદ્દેશ્ય એ કાશ્મીર અને લદાખ વચ્ચેના સંપર્કને તોડવાનો હતો જેથી ભારતીય સેનાને સિયાચીન ગ્લેશિયરથી પાછું હટવું પડે.
- આ ગંભીર સંકટ સામે લડવા ભારત સરકારે "ઓપરેશન વિજય" લોન્ચ કર્યું હતું. આ કાર્ય માટે 2,00,000 સૈનિકોને મોકલવામાં આવ્યા હતા.
- 60 દિવસ સુધી ચાલેલા ઓપરેશન પછી ભારતીય સેનાએ પોતાના ક્ષેત્રો પર પુનઃનિયંત્રણ સ્થાપિત કરી લીધું હતું.
- યુદ્ધ દરમિયાન ભારતીય સેનાના 527 જવાન શહીદ થયા હતા.

### કારગિલ યુદ્ધની ટાઈમલાઈન

| | |
|---|---|
| 4 મે 1999 : | પાકિસ્તાની ઘુસણખોરો કારગિલની ચોટી પર જોવા મળ્યા |
| 5-15 મે, 1999 : | ક્ષેત્રનું મૂલ્યાંકન કરવા ગયેલા કેપ્ટન સૌરભ કાલિયાનું પાકિસ્તાનના સૈનિકોએ અપહરણ કર્યું અને પછી તેમની હત્યા કરી નાખી હતી. |
| 26 મે, 1999 : | miG 21, miG 27, જૈગુઆર અને મિરાજ 2000 દ્વારા ઘુસણખોરો પર હુમલાઓ કરવામાં આવ્યા. |
| 15 જૂન, 1999 : | તે સમયના અમેરિકાના રાષ્ટ્રપતિ બિલ કિલંટન દ્વારા પાકિસ્તાનના પ્રધાનમંત્રીને કારગિલથી પોતાના સૈનિકો પાછા લાવવાનું કહેવામાં આવ્યું. |
| 26 જૂન, 1999 : | ભારતીય સેનાએ ટાઈગર હિલ નજીક 2 મહત્ત્વપૂર્ણ સ્થાનો પર નિયંત્રણ સ્થાપિત કર્યું. |
| 4 જુલાઈ, 1999 : | આર્ટિલરીનો ઉપયોગ કરી ટાઈગર હિલ પર વિજય સ્થપાયો. |
| 5 જુલાઈ, 1999 : | પાકિસ્તાની પ્રધાનમંત્રી દ્વારા કારગિલથી સૈનિકોની પાછા ફરવાની ઘોષણા કરવામાં આવી. |
| 26 જુલાઈ, 1999 : | બધા પાકિસ્તાની ઘુસણખોરોને કારગિલથી હટાવવામાં આવ્યા. |






JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

# 8. અન્ય સંક્ષિપ્ત વર્તમાન પ્રવાહો

## PASSEX નૌસૈનિક માર્ગ અભ્યાસ

- ➤ તાજેતરમાં ભારતીય નૌસેનાના જહાજો દ્વારા અંડમાન અને નિકોબાર દ્વીપ સમૂહ પાસે અમેરિકી નૌસેનાના "USS નિમિત્ઝ કેરિયર સ્ટ્રાઈક ગ્રુપ" સાથે એક માર્ગ અભ્યાસ (PASSEX)નું આયોજન કર્યું હતું.
- ➤ જ્યારે અવસર મળે છે ત્યારે પૂર્વ આયોજિત સમુદ્રી ડ્રીલથી વિપરીત એક પેસેજ અભ્યાસનું આયોજન કરવામાં આવે છે.
- ➤ તાજેતરમાં ભારતીય નૌસેનાએ જાપાની નૌસેના અને ફ્રાન્સીસી નૌસેના સાથે આવા જ એક PASSEXનું સંચાલન કર્યું હતું.

### PASSEXની અન્ય મહત્વની બાબતો

- ➤ PASSEX અભ્યાસ અંતર્ગત ચાર ફંટલાઈન ભારતીય નૌસૈનિક જહાજોમાં INS શિવાલિક INS સહયાદ્રી, INS કામોર્તા અને INS રાણાનો સમાવેશ કરવામાં આવ્યો હતો.
- ➤ ભારતીય નૌસેનાના જહાજોએ અભ્યાસનું સંચાલન કરવા માટે "કેરિયર USS નિમિત્ઝ" અને અન્ય ત્રણ અમેરિકી જહાજો સાથે મળીને કામ કર્યું હતું.
- ➤ આ અભ્યાસનો લક્ષ્ય એ અમેરિકી અને ભારતી સમુદ્રી બળો વચ્ચે સહયોગ વધુ સારો બનાવવો અને તાલીમ તથા આંતર–કાર્યક્ષમતાને વધારવાનો સમાવેશ થાય છે.
- ➤ આ અભ્યાસ એ સમુદ્ર ચોરીથી લઈને હિંસા અને સમુદ્ર ક્ષેત્રમાં હાલના સંકટનો સામનો કરવા બંને પક્ષોની ક્ષમતાને વધારશે.

### અભ્યાસનું આંતરરાષ્ટ્રીય સંબંધો અને વ્યુહાત્મક રીતે મહત્ત્વ

- ➤ વર્તમાનમાં ભારત એ લદાખ ક્ષેત્રમાં ચીન સાથે સીમાના વિવાદમાં સંઘર્ષ કરી રહ્યું છે, તેવા સમયમાં હિંદ મહાસાગર ક્ષેત્રમાં ભારતીય નૌસેના દ્વારા PASSEXનું આયોજન મહત્ત્વનું છે.
- ➤ આ અભ્યાસનું આયોજન એવા સમયે કરવામાં આવ્યું છે જ્યારે દક્ષિણ ચીન સાગરમાં તણાવ વધી રહયો છે.

## મુખ્યમંત્રી ઘર-ઘર રાશન યોજના

- ➤ દિલ્હીના મુખ્યમંત્રી દ્વારા ડોર સ્ટેપ રાશન ડિલિવરી યોજનાને મંજૂરી આપવામાં આવી છે. આ યોજનાનું નામ "મુખ્યમંત્રી ઘર–ઘર રાશન યોજના" હશે.
- ➤ આ યોજના અંતર્ગત લોકોને રાશનની દુકાન પર જવું પડશે. નહી. સરકાર દ્વારા લોકોના ઘર પર રાશન પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવશે.

## વેસ્ટ ટુ એનર્જી પહેલ

- ➤ ઉત્તરાખંડ સરકારે "વેસ્ટ ટુ એનર્જી" નામથી એક પહેલની શરૂઆત કરી છે.
- ➤ આ પહેલ અંતર્ગત રાજ્ય સરકાર એ રાજ્યમાં ઉત્પન્ન થતાં કચરાને વીજળીમાં પરાવર્તિત કરવાનું કાર્ય કરશે.
- ➤ રાજ્ય સરકારના આંકડાઓ અનુસાર વર્તમાનમાં ઉત્તરાખંડમાં પ્રતિદિન 900 ટન કચરો પેદા થાય છે.
- ➤ ઉત્તરાખંડ પર્યાવરણ સંરક્ષણ અને પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અનુસાર, રાજ્યમાં ઉત્પન્ન કચરાના માધ્યમથી લગભગ 5 મેગાવોટ વીજળી પેદા થઈ શકે છે, અને રાજ્યમાં પ્રદૂષણ પર નિયંત્રણ લગાવી શકાય છે.
- ➤ આ પહેલનો ઉદ્દેશ્ય એ રાજ્યમાં ઘન કચરાના સમાધાન માટે લેન્ડીફલ્સની અનુપલબ્ધતાની સમસ્યાનું સમાધાન કરવાનો પણ છે.

## મધુ બાબુ પેન્શન યોજના

- ➤ તાજેતરમાં ઓડિશાના મુખ્યમંત્રી દ્વારા ઐતિહાસિક નિર્ણય લેતા રાજ્યમાં રહેતા ટ્રાન્સજેન્ડર સમુદાયના બધા સદસ્યોને પણ મધુ બાબુ પેન્શન યોજનામાં સમાવિષ્ટ કર્યા છે.
- ➤ આ નિર્ણયથી ટ્રાન્સજેન્ડર સમુદાયના 5000 લોકોને લાભ મળશે.
- ➤ મધુ બાબુ પેન્શન યોજના એ રાજ્ય સરકાર દ્વારા શરૂ કરવામાં


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

આવેલી એક સામાજિક સુરક્ષા યોજના છે.

➢ યોજના દ્વારા નિરાશ્રિત વૃદ્ધો, દિવ્યાંગ વ્યકિતઓ અને વિધવાઓને નાણાકીય સહાય આપવામાં આવે છે.

➢ આ યોજના દ્વારા રાજ્યના તમામ 5000 ટ્રાન્સજેન્ડરને તેમની ઉંમરના આધાર પર વિભિન્ન શ્રેણીઓ અંતર્ગત રૂ. 500, રૂ. 700 અને રૂ. 900 પ્રતિ માસ આપવામાં આવશે.

➢ જાહેર અધિસૂચના મુજબ લાભાર્થીઓ પાસે અનિવાર્ય પ્રમાણપત્ર જરૂરી છે અને તેમની આવક એ રૂ. 40000થી વધુ હોવી જોઈએ નહી. આ ઉપરાંત કર ચૂકવતા અને સરકારી કર્મચારીને પણ આ યોજનાનો લાભ પ્રાપ્ત થશે નહી.

## સોલાર સેલ પર સેફગાર્ડ ડ્યૂટી

➢ ભારત સરકાર દ્વારા આયાત થતાં સોલાર સેલ પર સેફગાર્ડ ડ્યૂટીને 1 વર્ષ અર્થાત 31 જુલાઈ, 2021 સુધી વધારવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

➢ સેફગાર્ડ ડ્યૂટીના માધ્યમથી ઘરેલું સોલાર સેલ ઉદ્યોગને પ્રોત્સાહન મળશે અને આત્મનિર્ભર ભારતના લક્ષ્યને પણ પ્રાપ્ત કરી શકાશે.

### સેફગાર્ડ ડ્યૂટી શું છે ?

➢ જનરલ એગ્રીમેન્ટ ઓન ટેરિફ એન્ડ ટ્રેડ, 1994 દ્વારા સેફગાર્ડ ડ્યૂટીની જોગવાઈ કરવામાં આવી છે.

➢ સેફગાર્ડ ડ્યૂટી એ વિશ્વ વ્યાપાર સંગઠનના એક સભ્યને પોતાના ઘરેલું ઉદ્યોગની સુરક્ષા માટે કોઈ ઉત્પાદન કે આયાતને અસ્થાયી રૂપથી પ્રતિબંધિત કરવાની મંજૂરી આપે છે.

## સુભાષચંદ્ર બોઝ આપદા વ્યવસ્થાપન પુરસ્કાર

➢ ભારત સરકાર દ્વારા “સુભાષચંદ્ર બોઝ આપદા વ્યવસ્થાપન પુરસ્કાર” માટે નામાંકન મંગાવવામાં આવ્યા છે.

➢ આ પુરસ્કાર એમને આપવામાં આવશે, જેમણે આપદા વ્યવસ્થાપનના ક્ષેત્રમાં સર્વશ્રેષ્ઠ કાર્ય કર્યું હોય.

➢ વ્યકિત અને સંસ્થા જે પણ આ કાર્યોમાં શામેલ હોય છે, તેઓ પુરસ્કાર માટે નામાંકન ફોર્મ ભરી શકે છે.

### પુરસ્કારનું વિતરણ

➢ પ્રત્યેક વર્ષે પુરસ્કારના વિજેતાઓની ઘોષણા 23 જાન્યુઆરીના રોજ નેતાજી સુભાષચંદ્ર બોઝની જયંતી પર કરવામાં આવે છે.

➢ વિજેતા સંસ્થાને પુરસ્કારના રૂપમાં રૂ. 51 લાખ નકદ અને વ્યકિતગત વિજેતાને રૂ. 5 લાખ નકદ આપવામાં આવે છે.

### નામાંકન પ્રક્રિયા

➢ કોઈ વ્યકિત તથા સંસ્થા એ પુરસ્કાર માટે પોતાને કે અન્ય કોઈ વ્યકિત કે સંસ્થાને નામાંકિત કરી શકે છે.

## માનવ તસ્કરીના વિરુદ્ધ વિશ્વ દિવસ

➢ માનવ તસ્કરી (Human Trafficking)ના વિરુદ્ધ જાગૃકતા અને પીડિત વ્યકિતઓના અધિકારોની રક્ષા માટે 30 જૂલાઈને માનવ તસકરીના વિરુદ્ધ વિશ્વ દિવસ તરીકે મનાવવામાં આવે છે.

➢ આ વર્ષે UNODC (United Nations Office on Drugs and Crime) દ્વારા આ દિવસની થીમ, "Committed To The Cause : Wroking on The Frontline To End Human Trafficking" રાખવામાં આવી હતી.

### વિશ્વમાં માનવ તસ્કરીની સ્થિતિ

➢ આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન મુજબ વિશ્વમાં લગભગ 21 મિલિયન લોકો બંધુઆ મજદૂરીનો શિકાર છે. આ અંદાજમાં શ્રમ અને યૌન શોષણ માટે તસ્કરી કરવામાં આવેલ લોકોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

➢ UNODCના અહેવાલ મુજબ, માનવ તસ્કરીમાં લગભગ 1/3 બાળકો જ શિકાર થાય છે, જ્યારે 71% માનવ તસ્કરીનો શિકાર મહિલાઓ થાય છે.

## આંતરરાષ્ટ્રીય વાઘ દિવસ

➢ પ્રત્યેક વર્ષે 29 જુલાઈના રોજ આંતરરાષ્ટ્રીય વાઘ દિવસ મનાવવામાં આવે છે.

- આ દિવસ મનાવવાની શરૂઆત એ વર્ષ 2010માં સેંટ પીટર્સબર્ગમાં આયોજિત ટાઈગર સમિટથી થઈ હતી.
- આ દિવસનો ઉદ્દેશ્ય એ વાઘના પ્રાકૃતિક આવાસને સુરક્ષિત કરવા અને વાઘ વિશે જાગૃકતા ફેલાવવાનો છે.
- વર્લ્ડ વાઈલ્ડ ફંડ ફોર નેચર (WWF) મુજબ વર્ષ 2016માં વિશ્વભરમાં વાઘની સંખ્યા એ લગભગ 3000 છે. ભારતમાં વર્ષ 2018માં વાઘની સંખ્યા 2967 છે.

### Back to basics : સેંટ પીટર્સબર્ગ સમિટ વિશે

- સેંટ પીટર્સબર્ગ સમિટનું આયોજન એ વર્ષ 2010માં કરવામાં આવ્યું હતું.
- સમિટ દરમિયાન વાઘ સંરક્ષણ પર "સેંટ પીટર્સબર્ગ ઘોષણા" પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. જે ઘોષણા દ્વારા બધા જ "ટાઈગર રેન્જ કન્ટ્રીઝ" દ્વારા વર્ષ 2022 સુધીમાં વાઘોની સંખ્યાને બમણી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.
- વર્તમાનમાં ભારત, બાંગ્લાદેશ, કંબોડિયા, ચીન, ઈન્ડોનેશિયા, લાઓસ, મલેશિયા, મ્યાનમાર, નેપાલ, રશિયા, થાઈલેન્ડ, ભૂતાન અને વિયેતનામનો સમાવેશ 13 ટાઈગર રેન્જ કન્ટ્રીઝમાં થાય છે.

## ભૂગર્ભ જળના વ્યાવસાયિક ઉપયોગ માટે કડક નિયમો

- નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ (NGT) દ્વારા દેશમાં ભૂગર્ભ જળના વ્યાવસાયિક ઉપયોગ માટેના દિશાનિર્દેશોને વધુ કડક બનાવ્યા છે.
- NGT મુજબ એનવાયરમેન્ટલ ઈમ્પેકટ અસેસમેન્ટ (EIA) વિના વ્યાવસાયિક ઉદ્દેશ્યો માટે ભૂર્ગભ જળ નીકાળવાની સામાન્ય મંજૂરી પર રોક લગાવી દીધી છે.
- આ ઉપરાંત વ્યાવસાયિક ઉપયોગ માટે આપવામાં આવતુ પરમિટ એ નિર્ધારિત પાણીની માત્રા માટે હોવું જોઈએ.
- NGT એ બધા મહત્ત્વપૂર્ણ અને અર્ધ–મહત્ત્વપૂર્ણ ક્ષેત્રો માટે જળ વ્યવસ્થાપન યોજના બનાવવા માટે ત્રણ મહિનાનો સમય આપ્યો છે.
- ભારતમાં લગભગ 89% ભૂગર્ભ જળ એ ખેડૂતો દ્વારા અને 5% ભૂગર્ભ જળનો ઉપયોગ ઉદ્યોગો દ્વારા કરવામાં આવે છે. બાકી વધતા પાણીનો ઉપયોગ ઘરેલું ઉદ્દેશ્યો માટે કરવામાં આવે છે.

## ICMR દ્વારા એઈડ્સ બાબતે અભ્યાસ

- ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચે ચેતવણી આપી છે કે ભારત એ 2030 સુધી દેશમાં એઈડ્સ સમાપ્ત કરવાના રાષ્ટ્રીય લક્ષ્યથી ચૂકી શકે તેવી સંભાવના છે.
- ICMR અનુસાર COVID-19ના કારણે ઘણા સ્વાસ્થ્ય કાર્યક્રમોની પ્રગતિ રોકાયેલી છે.

### IMCRના અભ્યાસની મુખ્ય બાબતો

- વર્ષ 2010 અને 2017 વચ્ચે વાર્ષિક નવા એઈડ્સ ચેપમાં 27%નો ઘટાડો જોવા મળ્યો હતો.
- નવા લક્ષ્ય અંતર્ગત ભારત સરકારે વર્ષ 2020 સુધીમાં એઈડ્સને 75% ઓછો કરવાનો લક્ષ્ય રાખ્યો છે. જો કે આ લક્ષ્ય અત્યંત મહત્ત્વકાંક્ષી છે અને હવે COVID-19ના સંકટને લીધે વધુ પડકારરૂપ બન્યો છે.
- વર્ષ 2017માં પુરુષોમાં એઈડ્સનો રાષ્ટ્રીય વયસ્ક પ્રસાર 0.22% હતો જ્યારે મણિપુર, મિઝોરમ અને નાગાલેન્ડમાં આ પ્રમાણ 1%થી વધુ હતું.
- વર્ષ 2017માં ભારતમાં એઈડ્સથી પ્રભાવિત લોકોની સંખ્યા 2.7 મિલિયન હતી. મહારાષ્ટ્રમાં આ સંખ્યા સૌથી વધુ છે.
- આ ઉપરાંત વર્ષ 2017માં દેશમાં 88000 વાર્ષિક નવા એઈડ્સના કેસ નોંધાયા હતા. અને અઈડ્સથી મરતા લોકોની વાર્ષિક સંખ્યા 69000 છે.
- સૌથી વધુ એઈડ્સના દર્દીઓ મહારાષ્ટ્રમાં (0.33 મિલિયન) છે. ત્યારબાદ આંધ્ર પ્રદેશ (0.27 મિલિયન), કર્ણાટક (0.24 મિલિયન)માં છે.

## વિશ્વ હેપેટાઈટિસ દિવસ

- પ્રત્યેક વર્ષે 28 જૂલાઈના રોજ વિશ્વ હેપેટાઈટિસ દિવસ મનાવવામાં આવે છે. આ દિવસ મનાવવાનો ઉદ્દેશ્ય એ વિશ્વમાં હેપેટાઈટિસની બીમારી વિશે જાગૃતકતા વધારવાનો છે.

- વર્ષ 2020 વિશ્વ હેપેટાઈટિસ દિવસની થીમ : "હેપેટાઈટિસ મુક્ત ભવિષ્ય"

### Back to basics : હેપેટાઈટિસ વિશે

- હેપેટાઈટિસ શબ્દ એ ગ્રીક ભાષાના "હેપાર" શબ્દથી બન્યો છે જેનો અર્થ થાય છે "યકૃત" (લિવર) જ્યારે "આઈટિસ"નો અર્થ એ સોજો ચડવો તેવો થાય છે.
- હેપેટાઈટિસ એ સ્વાસ્થ્યની એવી સ્થિતિ છે જ્યારે યકૃતની કોશિકાઓમાં સોજો આવી જાય છે અને તે હેપેટાઈટિસના વિભિન્ન વાયરસને કારણે થાય છે.

## ભારત-રશિયા સંયુક્ત ટેક્નોલોજી મૂલ્યાંકન અને ત્વરિત વ્યાવસાયિકરણ કાર્યક્રમ

- ભારતના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ દ્વારા તાજેતરમાં ભારત–રશિયા સંયુક્ત ટેક્નોલોજી મૂલ્યાંકન અને ત્વરિત વ્યાવસાયિકરણ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી.
- આ કાર્યક્રમ એ FICCI (ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી) અને FASIE (ફેડરેશન ફોર અસિસ્ટેંસ ટૂ સ્મોલ ઈનોવેટિવ એન્ટરપ્રાઈઝ)ની ભાગીદારીમાં શરૂ કરવામાં આવેલ છે.
- કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય એ ટેક્નોલોજીના વિકાસ માટે ભારત અને રશિયાના સ્ટાર્ટ–અપ્સ અને નાના અને મધ્યમ ઉદ્યોગોને જોડવાનો છે જે ભવિષ્ય માટે સમાધાન પ્રદાન કરશે.
- આ ઉપરાંત કાર્યક્રમનું લક્ષ્ય એ વૈશ્વિક સ્તર પર સામાજિક પડકારોના સમાધાનનું છે.

### કાર્યક્રમ વિશેની અન્ય બાબતો

- કાર્યક્રમ એ બે વાર્ષિક ચક્ર અંતર્ગત ચલાવવામાં આવશે.
- દરેક ચક્ર અંતર્ગત લગભગ 5 પ્રોજેક્ટને નાણાકીય સહાય આપવામાં આવશે.
- પ્રોજેક્ટમાં દવાઓ, નવીનીકરણ ઊર્જાઓ, ઈન્ફોર્મેશન એન્ડ ટેક્નોલોજી વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- કાર્યક્રમને સફળતાપૂર્વક લાગુ કરવા માટે http://www.indiarussiainnovate.org નામના એક પોર્ટલનો પણ વિકાસ કરવામાં આવ્યો છે.

## ચીનનું પ્રથમ માર્સ પ્રોબ લોન્ચ

- તાજેતરમાં ચીન દ્વારા પોતાનું પ્રથમ માર્સ પ્રોબ લોન્ચ કર્યું હતું. આ માર્સ પ્રોબનું નામ એ તિયાનવેન-1 રાખવામાં આવ્યું હતું.
- અતિયાનવેન અંતરિક્ષ યાનને 3 ઉદ્દેશ્યો પૂરા કરવા માટે લોન્ચ કરવામાં આવેલ છે.
  - (i) વ્યાપક અવલોકન માટે લાલ ગ્રહની પરિક્રમા કરવી.
  - (ii) મંગળ ગ્રહની ધરતી પર ઉતરવા માટે અને લેન્ડિંગ સ્થળ પર ફરવા માટે એક રોવર મોકલવું.
  - (iii) મંગળ ગ્રહની ભૂવૈજ્ઞાનિક સંરચના, વાતાવરણ, પર્યાવરણ માટી અને પાણીની તપાસ કરવી.
- પૃથ્વીથી 400 મિલિયન કિમી.નું અંતર કાપી મંગળ ગ્રહ સુધી પહોંચવા માર્સ પ્રોબને 7 મહિનાનો સમય લાગશે.
- આ માર્સ પ્રોબના 3 હિસ્સાઓ ઓર્બિટર, લેન્ડર અને રોવર છે.
- ઓર્બિટર એ મંગળ ગ્રહની કક્ષામાં રહેશે અને વૈજ્ઞાનિક ઓપરેશન કરશે. તે રિલે સિગ્નલ પણ મોકલશે.
- રોવર એ છ પૈડાવાળું અને 4 સૌર પેનલવાળું છે. તેનો વજન લગભગ 200 કિગ્રા છે. આ રોવર 3 મહિના માટે કાર્ય કરશે.

## ANASIS-II ઉપગ્રહ

- દક્ષિણ કોરિયાએ તાજેતરમાં પરમાણુ હથિયાર ધરાવતા ઉત્તર કોરિયાથી પોતાનો બચાવ કરવા પોતાનો પ્રથમ સૈન્ય ઉપગ્રહ લોન્ચ કર્યો છે. તેનું નામ "ANASIS-II" રાખવામાં આવેલ છે.
- આ ઉપગ્રહને ફાલ્કન 9 રોકેટ દ્વારા અમેરિકાના ફ્લોરિડાથી લોન્ચ કરવામાં આવ્યો હતો.
- ઉપગ્રહને 36000 કિમીની કક્ષામાં સ્થાપિત કરવામાં આવશે. રોકેટને કક્ષામાં પહોંચતા 2 અઠવાડિયાનો સમય લાગશે.
- ANASIS-IIના લોન્ચ પછી દક્ષિણ કોરિયા એ પોતાનો સૈન્ય–સંચાર ઉપગ્રહ બનાવનાર 10મો દેશ બન્યો છે.
- આ ઉપગ્રહ એ દક્ષિણ કોરિયાને સૈન્ય સ્વતંત્ર સંચાલનની ક્ષમતાઓને વધારવામાં મદદ કરશે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## પ્રવાસી રોજગાર એપ

- તાજેતરમાં અભિનેતા સોનુ સુદ દ્વારા "પ્રવાસી રોજગાર એપ" લોન્ચ કરવામાં આવી છે.
- આ એપ એ નોકરીઓ શોધવામાં અને વિશિષ્ટ નોકરી તાલમી કાર્યક્રમોની જાણકારી સંબંધિત સુવિધાઓ આપે છે.
- સોનું સુદ એ લોકડાઉન દરમિયાન પ્રવાસી શ્રમિકોને તેમના ઘરો સુધી પહોંચાડવામાં મદદ કરી રહયા છે. "પ્રવાસી રોજગાર એપ" એ નોકરીની અવસર શોધવામાં શ્રમિકોને એક મંચ આપવાના રૂપમાં કાર્ય કરશે.
- આ એપ એ ફ્રીમાં છે. આ ઓનલાઈન પ્લેટફોર્મમાં 500થી વધુ કંપનીઓ છે જે વિવિધ ક્ષેત્રો સાથે જોડાયેલ છે.

## બ્રિકસ ચેમ્બર ઓફ કોર્મસના સલાહકારની નિમણૂક

- તાજેતરમાં સાહિલ સેઠની બ્રિકસ ચેમ્બર ઓફ કોર્મસ એન્ડ ઈન્ડસ્ટ્રી (CCI)ની સંચાલન સીમતિના સલાહકાર તરીકે નિમણૂક કરવામાં આવી હતી.
- આ પદ એ સ્વૈચ્છિકતાના આધારે હોય છે અને તેના માટે કોઈ મહેનતાણું ચૂકવવામાં આવતું નથી.

## પવન હંસ હેલિકોપ્ટર સેવા

- તાજેતરમાં કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી દ્વારા ક્ષેત્રીય હવાઈ સંપર્કને વધારવાના ઉદ્દેશ્યથી "ઉડાન યોજના" અંતર્ગત ઉત્તરાખંડમાં પવન હસની પ્રથમ હેલિકોપ્ટર સેવાનું ઉદ્દઘાટન કર્યું હતું.
- હેલિકોપ્ટર સેવા શરૂ થવાથી દહેરાદૂન, નવી ટિહરી, શ્રીનગર (ઉત્તરાખંડ) અને ગૌચર વચ્ચે હવાઈ સંપર્ક સ્થાપિત થશે અને આ સ્થાનો વચ્ચે યાત્રામાં 20-25 મિનિટનો સમય લાગશે.
- પવન હંસ લિમિટેડ આ હવાઈ માર્ગો પર અઠવાડિયામાં ત્રણ ઉડાનનું સંચાલ કરશે.

## મહાત્મા ગાંધી અને માર્ટિન લ્યૂથર કિંગ જૂનિયરની વિરાસતને પ્રોત્સાહન આપવા હેતુ ખરડો

- અમેરિકી કોંગ્રેસની વિદેશી બાબતોની એક સમિતિએ તાજેતરમાં મહાત્મા ગાંધી અને માર્ટિન લ્યૂથર કિંગ જૂનિયરની વિરાસતને પ્રોત્સાહન આપવા એક ખરડો પસાર કર્યો છે.
- આ ખરડો મહાત્મા ગાંધી અને માર્ટિન લ્યૂથર કિંગ જૂનિયરના કાર્યો અને તેમની વિરાસતનો અભ્યાસ કરવા અમેરિકા અને ભારત વચ્ચે વિનિમય પહેલ સ્થાપવાની જોગવાઈ કરે છે.
- આ ખરડો અમેરિકાના વિદેશ વિભાગને ભારત સરકારના સહયોગથી બંને દેશોના વિદ્વાનો માટે મહાત્મા ગાંધી અને માર્ટિન લ્યૂથર કિંગ જૂનિયરની વિરાસત પર કેન્દ્રીત એક વાર્ષિક શૈક્ષીણક મંચ સ્થાપિત કરવા માટે અધિકૃત કેર છે.
- આ ખરડામાં ભારતના સહયોગથી એક યુનાઈટેડ સ્ટેટ્સ–ઈન્ડિયા ગાંધી–કિંગ ડેવલપમેન્ટ ફાઉન્ડેશનના ગઠનની પણ વાત કરવામાં આવી છે.

## નેશનલ એવોર્ડ ફોર એકસલન્સ ઈન ફોરેસ્ટ્રી

- વર્ષ 2019 માટે ફોરેસ્ટ્રીમાં સર્વશ્રેષ્ઠ સંશોધન માટે રાષ્ટ્રીય પુરસ્કાર એ કન્નન સી એસ વોરિયરને આપવામાં આવ્યો હતો. તેઓ "ઈન્સ્ટિટયૂટ ઓફ ફોરેસ્ટ જેનેટિકસ એન્ડ ટ્રી બ્રિડિંગ"ના વૈજ્ઞાનિક છે.
- આ પુરસ્કાર એ ઈન્ડિયન કાઉન્સિલ ઓફ ફોરેસ્ટ્રી રિસર્ચ એન્ડ એજ્યુકેશન-ICFRE દ્વારા આપવામાં આવે છે.
- પ્રથમ વખત યોગય ક્ષારયુકત જમીન માટે કાસુઆરિનાના ત્રણ મીઠા–સહનશીલ ઉત્પાદક કલોન મુકત કરવા બદલ કન્નન સી. વોરિયરને એવોર્ડ આપવામાં આવ્યો છે.
- કાસુઅરિના જેને કટ્ટડી અને સવુકકુ નામથી પણ ઓળખવામાં આવે છે, તે એક છોડની પ્રજાતિ છે જેની કૈસુઅરીના ઈકિવસેટિફોલિયા સહિત 17થી વધુ પ્રજાતિઓ છે.

## નિષ્ઠા કાર્યક્રમ

- તાજેતરમાં કેન્દ્રીય માનવ સંસાધન વિકાસમંત્રી દ્વારા આંધ્રપ્રદેશના 1200 સંસાધન વ્યકિતઓ (Resource Person) માટે પ્રથમ ઓનલાઈન નિષ્ઠા–શિક્ષકો અને શાળાના પ્રમુખોની એકંદર પ્રગતિ માટેની રાષ્ટ્રીય પહેલ (National Initiative for School Head & Teachers Holistic Advancement-NISHTHA) કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે.
- આ સંસાધન વ્યકિતઓ આંધ્રપ્રદેશના શિક્ષકોને માર્ગદર્શન આપવામાં મદદ કરશે અને પછીથી તેઓને દિક્ષા (DIKSHA) પ્લેટફોર્મ પર ઓનલાઈન નિષ્ઠાની તાલીમ આપવામાં આવશે.

### Back to basics :
### નિષ્ઠા કાર્યક્રમ વિશે

- તે માનવ સંસાધન વિકાસ મંત્રાલયના શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગના એકીકૃત શિક્ષક તાલીમ કાર્યક્રમની પહેલ છે અને તે કેન્દ્રિત પ્રાયોજિત સમગ્ર શિક્ષાનો એક ભાગ છે.
- નિષ્ઠા કાર્યક્રમ ઓગસ્ટ 2019માં શરૂ કરવમાં આવ્યો હતો. ત્યારબાદ, 33 રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોએ તેમના સમગ્ર શિક્ષા અંતર્ગત આ કાર્યક્રમ લાગુ કર્યો છે.
- અત્યાર સુધીમાં, લગભગ 23,000 પ્રમુખ સંસાધન વ્યક્તિઓ અને 5 લાખ શિક્ષકો અને શાળાના પ્રમુખો આ કાર્યક્રમ અંતર્ગત આવરી લેવામાં આવ્યા છે.

■ **કાર્યક્રમની મુખ્ય લાક્ષણિકતાઓ :**

- નિષ્ઠા હેઠળ વિકસિત મોડ્યુલો બાળકોના સર્વાંગી વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરે છે, અને તેથી તેમાં અભ્યાસક્રમ અને સમાવિષ્ટ શિક્ષણ, આરોગ્ય અને સુખાકારી, વ્યક્તિગત સામાજિક ગુણો, કળાઓનું એકીકૃત શિક્ષણ, પૂર્વ–શાળા શિક્ષણ, પૂર્વ–વ્યવસાયિક શિક્ષણ વગેરે શામેલ છે.
- બધા મોડ્યુલો અભ્યાસ પરિણામો અને શીખનાર–કેન્દ્રિત શિક્ષણની આસપાસ કેન્દ્રિત છે.
- આ મોડ્યુલો શિક્ષકો માટે વિચારશીલ અને સાથે સાથે ક્રિયાપ્રતિક્રિયાત્મક પ્રવૃત્તિઓ છે, જેમાં શિક્ષકો અને શાળાના પ્રમુખો દ્વારા રસપ્રદ અભ્યાસ માટે શૈક્ષણિક રમતો, ક્વિઝ વગેરેનો સમાવેશ થાય છે.

## જયગાંવ-પાસાખા વેપાર માર્ગ

- પશ્ચિમ બંગાળમાં જયગાંવ (ભારત) અને ભૂટાનમાં પાસખા વચ્ચે તાજેતરમાં ભારત અને ભૂટાન દ્વારા એક નવો વેપાર માર્ગ ખોલવામાં આવ્યો હતો.
- હાલના COVID-19 રોગચાળા દરમિયાન આ નવો વેપાર માર્ગ બંને દેશોના સંબંધો, ખાસ કરીને વેપાર સંબંધોને મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. તેમજ આ નવા રૂટની શરૂઆત સાથે હાલના રૂટ ઉપર વાહનોનું દબાણ ઓછું થઈ જશે.
- નોંધપાત્ર રીતે, ભારત અને ભૂટાન વચ્ચેના રાજનૈતિક સંબંધોની શરૂઆત 1968 માં થિમ્ફુ ખાતે ભારતના પ્રતિનિધિની નિમણૂકથી થઈ હતી, જોકે 1949માં બંને દેશો વચ્ચે માત્ર મિત્રતા અને સહકારની સંધિ પર હસ્તાક્ષર થયા હતા.
- ભારત–ભૂટાન વેપાર અને પરિવહન કરાર, 1972 બંને દેશો વચ્ચે મુક્ત–વેપાર પ્રણાલીની સ્થાપના કરે છે, આ કરારનું છેલ્લે વર્ષ 2016માં નવીનીકરણ કરવામાં આવ્યું હતું.
- નોંધનીય છે કે ભારત ભૂટાનનો સૌથી મોટો વેપારી ભાગીદાર છે. વર્ષ 2018માં બંને દેશો વચ્ચે રૂ. 9228 કરોડનો કુલ દ્વિપક્ષીય વેપાર થયો હતો, જેમાં ભારતથી ભૂટાનની નિકાસ 6011 કરોડ રૂપિયા હતી અને ભૂટાનથી ભારતમાં નિકાસ 3217 કરોડ રૂપિયા હતી.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT